

કુતૂહલ ફોટો • વિનોદ પારુલ (જુઓ આ અંકની 'કલાવાર્તા')

સપ્ટેમ્બર અને ઓક્ટોબર અંક

સંયુક્ત અંક છે.

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

વર્ષ ૬૦મું · અંક ૯–૧૦મો · સપ્ટેમ્બર-ઑક્ટોબર ૧૯૮૩ · સળંગ અંક ૭૧૭-૭૧૮

તંત્રી · બિહારીલાલ ટાંક

ભારતીય કલાના નવવિધાનમાં સ્વ. અમૃતા શેરગિલના કલાપ્રદાનનું અનોખું સ્થાન છે. આધુનિક ભારતીય કળામાં એમનાં ચિત્રસર્જનોનો આગવો પ્રભાવ રહ્યો છે. વિદેશમાં જ ઉછર્યા પછી ભારતીય આમજનોનું વિષાદમય જીવન જોતાં તેની બહુ ઘેરી છાપ એમના અંતરમાં ઊંડી કોરાઈ ગઈ હતી, અને પોતાનાં ચિત્રોમાં એમણે એ ઉતારી છે. વિષયનું તાદૃશ આલેખન ન કરતાં પોતાના મન પર પડેલા પ્રત્યાઘાતની છાયાને જ એમણે આગવી રંગાવટમાં આલેખી છે. ઝીણી વિગતોને હટાવી દઇ, ઘાટરૂપને તદ્દન સાદાં કરી નાખીને માત્ર આકૃતિની ગૂંથણી અને રંગરચનાથી ઊભા થતા લયને એમણે પોતાની કૃતિઓમાં પ્રકટ કર્યા છે. પાત્રનાં રૂપ નહિ, પણ એમના ચહેરા પરના અંતરભાવ અને એ ભાવોની સમગ્રતાથી ઊપજતી ચિત્રવ્યાપી છાયા એ એમનાં ચિત્રોની આગવી લાક્ષણિકતા રહી છે.



હટાણે જતાં દક્ષિણ ભારતનાં ગ્રામજનો (કલાકાર · અમૃતા શેરગલ)

નૂતન વર્ષાભિનંદન

ROYAL BHARAT


રોયલ

વુડન ફોલ્ડીંગ ફર્નીચર

ઘરઘરની જરૂરીયાત

ઉચ્ચતમ ગુણવત્તા • માફકસર કિંમત

વી. એમ. મીસ્ત્રી એન્ડ સન્સ. ધોળકા



ફેન્સી પ્રિન્ટ્સ માટે મળો



સુકુમાર ઍન્ડ કંપની

૮૧, ચીખલ ગલી

મૂળજી જેઠા મારકીટ

મુંબઈ-૪૦૦ ૦૦૨

'વધુ ઝાડ વાવો'

કુમાર

સપ્ટે.–ઑક્ટો. ૧૯૮૩

સળંગ અંક ૭૧૭-૭૧૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત · મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર ચકલા · અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

'કુમાર'માંનાં સર્વ લખાણો-ચિત્રો-ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

ભીનું ઇજન / રાજેન્દ્ર શાહ

· ગાન ·

ઘરને આંગણ વેરની લહું બોરસલી ફૂલ તાજાં;
મોસમની આ વર્ષાથી યે જાય ઝરી નેણ ઝાઝાં.

જાણતી ના હું કોણને કરું પ્રીતિ,
જાણતી ના હું કોઈની યે કંઈ ભીતિ;
વેણુવિહોણી મનમાં ગવાય ગીતિ.
ઊછળતો ઉલ્લોલ મ્હેરામણ તો ય તે એને માઝા.

કોઈ ન મને અડકયું ને તો ય કાળજે કાંટો વાગ્યો,
કોઈ મિષે યે ડરતો નહીં વેદનાનો દાહ લાગ્યો.

ઘેઘૂર આ ગુંજારની પારની ઝાંખી
થાય નહિ, તે શકાય ન અવ સાંખી;
પજવે રે શીદ વેગળી મને રાખી?
આણદીઠાને આલતી ભીનું ઇજન 'આ જા, આ જા'.

તવ શરણું મમ ચાંદરણું

શશિશિવમ્

· ગાન ·

તવ શરણું, મમ ચાંદરણું,
ગગનવિલાસિત નનયવિરાજિત,
તવ શરણું, મમ ચાંદરણું.

સોળ કળાનો શશિયર વરસે
પારાવાર છલકતો,
લખકોટિ તારલિયા નયને
નિતનિત રહે મલકતો;
અંધારી ઓરડીએ આછું
ચાંદરણું, એક આભરણું.

શ્રાવણની ધારાધારાએ
વાંસળીઓ તવ રેલે,
રાગ મલ્હારે ઝરમરતો તવ
નેહ ભીનો – જગ ખેલે;
છાપરીનાં કોરા છિદ્રે એક
બુંદ ઝરે, સાંભરણું.

આરપાર / મધુકાન્ત કલ્પિત

· ગાન ·

હવે ડોકિયું કરું છું આરપાર.

વંટોળની જેમ વહે આખો સમૂહ
એમાં મધવચ્ચે શોભું છું કેવો?

સ્હેજ ખસી જાઉં તો આ સઘળો આકાર
બની જાય સાવ કદરૂપા જેવો.

બોલ, શોભવું કે તોડવો આકાર?

શોભવું જ છે, તો ચાલ શોભ્યા –
તું ધારે છે ઘાટીલી ગોઠવણ તૂટી?

ખાલી અવકાશ એમ જાશે ભરાઈ
દોસ્ત, વ્હેણમાં ગતિ છે વણખૂટી.

ઠીક, અડવું લાગે આ ઘડી વાર.

નોતરું આવતાં / દેવજી રા. મોઢા

મંદાક્રાંતા • સૉનેટ

આવ્યું આવ્યું પૃથિવી પરથી નોતરું આજ આવ્યું,
જેની જોઈ બહુ દિવસથી વાટ તે આવ્યું અંતે;
નાથે મારા વચન દીધું તે રાખીને યાદ ખંતે
થોડા દ્હાડા ત્યહીં અમ ઘરે આવી રૂહેવા કહાવ્યું!

આમે થાકી નીરખી નીરખી ભાવ-વ્હેણા ચહેરા,
ભાળી ભાળી અમી વગરનાં લોચનો ખાલી સાવ,
ન્યાળી ન્યાળી અહીં અમ મુખે હાસ્યનો યે અભાવ;
– જે થોડોક વખત છૂટી, વા'મંડળેથી નમેરા!

તેડાવી તો શિશુ-નયનનાં આંસુને લ્હોતી આવું,
ઘારાં ઊંડાં પતિ-ઉર પડયાં ત્રેહનાં ધોતી આવું,
પૃથ્વી-છોડયાં સ્વજન સુહૃદોનાં મુખો જોતી આવું,
તીર્થો જેવાં પૂજી વડીલને, પાતકો ખોતી આવું;
વૃક્ષો વેલી કુસુમ તૃણને પૂછતી આવું ક્ષેમ,
ને તાજો યે કરતી જરી આવું ફરી પૃથ્વી-પ્રેમ!

અપ્રસવા કવિતાને / કનૈયાલાલ મ. પંડયા

- શિખરિણી-સૉનેટ -

હવાના બિછાને અધડક અટૂલી અધઢૂકી
ઊભી તું, ઓષ્ઠોના કુમકુમ લગી માંડ ગતિ ત્યાં;
કથા તે તે રમ્યા ગત–વિગત ખંડેર ખખડે
ફરી પાછાં, ભીંસે નગર ધસતું ન્હોર સતત.

વ્યથાઓ ઘૂંટાતી સતત રહીને આ અમલ તો
ચઢયો થોડો થોડો, અધવચ ઘટયો, પાન પલટયાં,
ઉકેલાયો આ તો કવણ દશનો દેશ, ઊઘડે
શિયાળો ગામેતી, ઘર, ફળિયું, રાતો, ભરથરી.

અધૂરી પંક્તિમાં કદી સકળ બ્રહ્માંડ ઊછળે
ઝમે જ્યાં પૃથ્વીનું દુરિત-વિષ, ને શેષ સરકે,
યુગો તૂટે, યુદ્ધો ભીષણ સળગે, ચીસ લથડે,
મહાકાવ્યો ઓછાં શત શત ઘવાયા શબ્દને.

શમો કાવ્યો મારાં, અણથક પીડો, ના પ્રસવશો,
વ્યથાઓ ખૂટે છે હજુ યુગ મહીં, કૈં ભવ મહીં.



જ્યોર્જ ફોક્સ

ખ્રિસ્તી ધર્મના એક તદ્દન ભિન્ન સ્વરૂપનો સ્થાપક

ચાર્લ્સ પહેલાના મનસ્વી રાજશાસનમાં ઈંગ્લૅન્ડની આમ પ્રજા અનેક રીતે રહેંસાઈ રહી હતી. ક્યાંક ને ક્યાંક તલવારોની ચકમક સતત ચાલ્યા જ કરતી હતી, અને તેમાં જેમને કંઈ નિસ્બત ન હોય તેવા લોકોને યે કુટુંબથી વિખૂટા પડી ફરજિયાત જોતરાવું પડતું હતું. આવા વિગ્રહોમાં જોડાવામાંથી જેઓ બચી જતા તેઓ ભારે કરબોજથી લૂંટાતા હતા કે એક યા બીજા બહાને કેદમાં સબડતા હતા. ધર્મના નામે અનેક ફિતૂરો ચાલતાં હતાં. માનવતાના નામે એના ઉદ્બોધકો માનવતાને જ મારી રહ્યા હતા, અને સમગ્ર સમાજ જાણે કે રોગમાં સબડતો મરણપથારીએ પડ્યો હતો. સર્વત્ર પ્રસરેલાં ક્રૂરતા અને ત્રાસને સમજવા ને તેનો ઉપાય શોધવા લીસેસ્ટરશાયરમાં ફેની ડ્રાયટન નામના ગામમાં એક અતિ લાગણીશીલ વણકર યુવાન જ્યૉર્જ ફૉક્સ મથી રહ્યો હતો. તેને સતત લાગ્યા કરતું હતું કે પોતે જે ધંધો કરતો હતો એ પોતાનું ખરું કામ નહોતું, પોતે જેમાં જીવી રહ્યો હતો એ દુનિયાનો જાણે એ વાસી નહોતો. માનવજાતિના સુખશાંતિની સ્થાપના માટે કંઈક બીજું જ કરવાની જરૂર હતી અને એ માટે પોતે કંઈક કરવું જોઈએ એમ એને લાગતું હતું.

અને અંતે માનવીના દુઃખનિવારણનો માર્ગ ખોળવા ઈ. ૧૬૪૩ના જુલાઈ માસના એક દિવસે ધંધો છોડી દઈ એ ચાલી નીકળ્યો. લોકોની જરૂરતો અને ઈશ્વરનો માર્ગ જાણવાનો દાવો કરતા ધર્મધુરંધરોને મળી એણે પોતાની આ શોધમાં સહાય કરવા વિનવ્યા. પણ એ મહાનુભાવોએ તો એને હસી જ કાઢ્યો. કોઈએ એને પરણીને ઠરીઠામ થઈ જવાની સલાહ આપી, કોઈએ સેનામાં જોડાઈને યુદ્ધમાં રત બની દુનિયાદારીની ઉપાધિમાંથી મુક્ત થવા સૂચવ્યું. કોઈએ માનવજાત માટેની એની ઊંડી લાગણી ને ચિંતાને માનસિક રોગ ગણી એનો ઉપચાર કરાવવા કહ્યું, તો કેટલાકે એને ધૂમ્રપાનની ટેવ પાડી ગમ ભુલાવી દેવાનો કે ભજનો ગાઈને શાંતિ પામવાનો ઉપચાર પણ બતાવ્યો. પણ ધરમધંધાના એ વેપારીઓમાંથી કોઈએ માનવજાત માટેનું એનું દુઃખ કે અકળામણ સમજવાનો જરાશોય પ્રયત્ન દાખવ્યો નહિ. આ બધા જ ધુરંધરો એને ખાલી ખોખલાં જેવા લાગવા માંડ્યા. ધર્મના નામે એણે ઢોંગ-ફિતૂર ને આડંબર જ ફેલાએલાં અનુભવ્યાં. એના પોતાના જ શબ્દોમાં કહીએ તો, 'આ ધર્મગુરુઓ મારા જીવનને આઘાત જ આપતા હતા. દેવળોમાં જ્યારે તેઓ ઘંટનાદ કરતા ત્યારે બજારમાં ડંકા વગાડીને લોકોને એકઠા કરી કોઈ ફેરિયો પોતાનો માલ વેચવા નીકળ્યો હોય તેવું મને લાગતું.'

ધાર્મિક શિક્ષણ દ્વારા લોકોને સુખશાંતિને માર્ગે વાળવાના ઉપાયોમાં ક્યાંક કંઈક જરૂર દોદળાપણું છે એમ ફૉક્સને લાગવા માંડ્યું હતું. 'શિક્ષિત માણસ વિચારવંત પણ હોય એવું નથી' એ એણે નોંધ્યું, અને ત્યાર પછી ધર્મગુરુઓ અને ઉપદેશકોની શબ્દાળુ મૂર્ખતા પ્રતિ એની ઘૃણા વધવા લાગી.

અંતે પોતાના અંતરમાંથી ઊઠેલા અવાજ પ્રમાણે એણે એ બધાને મળવાનું ને એમની સલાહસૂચના કે સહાય માગવાનું ત્યજી દઈ પોતાના જ 'અંતર સાથે વાત કરવા' એકાંતવાસ સ્વીકાર્યો. ચાર વર્ષ સુધી જ્યૉર્જ ફૉક્સે આમ એકાંતમાં અંતરખોજ ચલાવી. પોતાના મનમાં ઘુમરાતા પ્રશ્નોના ઉત્તરમાંથી એણે દુનિયાનાં દુઃખનાં મુખ્ય ત્રણ કારણો તારવ્યાં : (૧) ખ્રિસ્તી કહેવાતા દેશો ખરા ખ્રિસ્તી ધર્મ વિષે બહુ જ ઓછું જાણતા હતા; (૨) લોકોમાં અગ્રણી બની બેઠેલાઓના તોર-મિજાજનો કોઈ પાર નહોતો, અને જેમને એ દોરતા તે આમજનોની દીનતાનો પણ અતિરેક પ્રવર્તતો હતો, અને (૩) વારાવારે ચાલ્યા કરતા વિગ્રહોથી માનવતાની ભાવના ભૂંસાઈ રહી હતી. પણ વિનાશને પંથે વળેલી દુનિયાને પાછી વાળવાની ફૉક્સને શક્યતા દેખાતી હતી. એણે લખ્યા પ્રમાણે અંધકાર અને મોતના અસીમ વિસ્તાર એને દેખાયો હતો અને તેની યે ઉપર પ્રકાશ અને પ્રેમનાં પ્રવાહને પણ એણે વહેતો જોયો હતો. અને આથી પ્રેરાઈને 'દુનિયાને મૃત્યુજળમાંથી જીવનજળમાં' આણવાનો એણે નિર્ણય કર્યો. ટાઢ-તડકો ને હવા-બરફ સામે રક્ષણ માટે એણે ચામડું સીવીને પોતાનો પોશાક બનાવ્યો, અને યુદ્ધમાં રાચતા જગતને શાંતિનો સંદેશ આપવા એણે જીવનભરની યાત્રા આરંભી. આ વિષે કાર્લાઈલે લખ્યું છે કે, '...કદાચ ઇતિહાસની આ એક સૌથી વધુ નોંધનીય ઘટના હતી... ઑસ્ટરલિટ્ઝ, વૉટરલૂ, પીટરલૂ કે બીજાં કોઈ પણ મહાન યુદ્ધો નહિ, પણ ઘણા ઇતિહાસકારોએ જેની નોંધ વિસારી દીધી છે, કે પછી પોતાને માટે જ્યૉર્જ ફૉક્સે ચામડાનો પોશાક બનાવેલો એથી એને વિચિત્ર ગણી હસી કાઢ્યો છે. વિશ્વના દૈવી તત્ત્વોએ પોતાને પ્રકટ કરવા માટે, હૃદયમાં સદાય ઇશ્વરને ધારણ કરી રાખનારા આ તદ્દન શુદ્ધ, પણ અણઘડ દેખાતા પેગંબરને પસંદ કર્યો હતો....'

ચર્મ-પોશાકધારી એ પેગંબરની યાત્રા કંઈ સરળ તો નહોતી જ. કેટલીય રાતો એને ઘાસની ગંજી કે ગંદા નાળાની સોડમાં ગુજારવી પડતી, તો ઘણી વાર કેદખાનાની કોટડીમાં યે રહેવું પડતું. પણ દુનિયાભરમાં સૌથી વધુ ધ્યાનપાત્ર એક દળ – શાંતિના ચાહક દળનો એ સ્થાપક અને સર્વેસર્વા હતો. સત્તરમી સદીની ધાર્મિક અરાજકતાના એ

કાળમાં જ્યૉર્જ ફૉક્સના અનુયાયીઓ માનવ-સ્વાતંત્ર્ય માટે લડનારા સૌથી વધુ બહાદુર સૈનિકો હતા. બહુ લાંબું ચાલેલું એમનું યુદ્ધ, પણ અંતે એમણે વિજય મેળવ્યો જ, અને એ યે પોતાના પ્રતિપક્ષી શત્રુઓના લોહીનું એક પણ બુંદ પાડ્યા વિના.

ખ્રિસ્તીઓને ખરા ખ્રિસ્તી ધર્મ તરફ વાળવા પોતાની રક્તપાત વિનાની ક્રાંતિનો આરંભ કર્યા પછી છએક વર્ષમાં 'વેલીઅન્ટ સિક્સ્ટી' નામે ઓળખાતા એના અનુયાયીઓના એક નાનકડા જૂથમાં બેએક વર્ષ પછી પચાસ હજાર જેટલા અનુયાયીઓ એકઠા થયા. 'પ્રકાશનાં સંતાનો' કે 'મિત્રોના-સંઘ' નામે તેઓ પોતાની ઓળખ આપતાં ફૉક્સના જ એક વિરોધીના કહેવા પ્રમાણે ધર્મના ખરા રૂપને સમજાવવાની એની પ્રવૃત્તિએ એના વિરોધીઓને હચમચાવી (quake) દીધા હતા, અને એ પરથી જ્યૉર્જ ફૉક્સના અનુયાયીઓ 'ક્વેકર્સ' તરીકે પણ ઓળખાવા લાગ્યા હતા.

સામાન્યતઃ આ ક્વેકરો એમની અતિ સાદાઈ અને નમ્રતાને કારણે લઘરાં અને કાયર જોગટાં તરીકે ઠેરઠેર ઉપાલંભ પામતા. લડવા-ઝઘડવાનું બહાનું આપે એવી બધી પ્રવૃત્તિઓથી તેઓ દૂર રહેતા. હકીકતે એમની કથા એ કાયરોની કથા નહિ, પણ માનવ-સાહસની એક ઉત્તેજક કથા છે. જ્યૉર્જ ફૉક્સ અને એના ધાર્મિક બળવાખોરો દુનિયાથી મોં ફેરવી નાસી જતા નથી, પણ તેને વધુ સારી અને જીવવા લાયક બનાવવા આગ્રહપૂર્વક ને નિશ્ચિતપણે તેની સામે ટક્કર લે છે. અનિષ્ટ ને દુષ્ટતા સામે એમની વાણીને કોઈ ડર નથી. હાંસી, કેદ, હિંસા કે મોત સુધ્ધાં એમને ડરાવી શકે તેમ નથી.

સાદગીના આ પૂજારીઓ રાજશાહી ઠઠરાના પણ વિરોધી હતા. રાજા સમક્ષ શિષ્ટાચાર તરીકે પણ પોતાની હૅટ ન ઉતારીને તેઓ પોતાનો તે વિરોધ વ્યક્ત કરવામાં રાજાના ખોફની પણ તેમને પરવા હતી નહિ, પ્રત્યેક વ્યક્તિમાં ઈશ્વરના અંશ જેવું કંઈક હોય છે જ, એટલે સૌ એકબીજાના ભાઈ સમા હોઈ તેમની સમક્ષ એટલી બધી નમ્રતા દાખવવાની કંઇ જરૂર નથી એમ તેઓ માનતા. એમને મન કોઇ માણસ ઊંચો કે નીચો નહોતો. એટલે જ તેઓ ગુલામોને મુક્ત કરી દેવા તેના માલિકોને કહેતા, ધર્મગુરુઓને એમના દંભી ઠઠારાઓ ત્યજી દેવા અને ન્યાયાધિકારીઓને અન્યાયનો પક્ષ ન લેવા તેઓ બેધડક કહેતા. કંઈ પણ ખોટું સુધરીને સારું થતું હોય તો તે માટે પોતાની જાત કુરબાન કરવાની એમની તૈયારી હતી. વિરોધીઓ સામે એમણે કદી પ્રહાર કર્યો નહિ, પણ પોતાના પ્રતિકારને એમણે કદી નબળો પણ પડવા દીધો નહિ. પોતાના વિરોધીઓ સામે કાયદેસર રીતે કામ ચલાવી શકે તેવી સ્થિતિમાં પણ ફૉક્સે કે તેના અનુયાયીઓએ કદી કાયદાનો આશ્રય લીધો નહોતો. અંગત રીતે તેમને કોઈ વ્યક્તિ સામે કંઇ ફરિયાદ હતી જ નહિ. તેઓની લડત તો હતી તેમનામાંના દંભ, દુષ્ટતા ને અમાનવતા સામેની. ખુદ ઇશ્વર પણ જો એવા માણસોને આ દુનિયા પર ચલાવી લેતો હતો તો પોતે દુષ્ટો સામે ન્યાયના નામે યે શા માટે હાથ ઉપાડવો જોઇએ એમ તેઓ માનતા.

પહેલી વખત ધરપકડ થઈ ત્યારથી એના અવસાન સુધી ફૉક્સનું જીવન વ્યાખ્યાનો આપવામાં અને કેદ ભોગવવામાં જ ગયું હતું. ત્યારનાં કેદખાનાં યે સૂગ ચડે તેટલાં ગંદાં હતાં. કેદીઓ ત્યાં એટલી ખરાબ હાલતમાં રહેતા કે એમનાં શરીર જૂથી ખદબદી ઊઠતાં. હવા-ઉજાશની સગવડ તો ત્યાં ક્યાંય હોય? ઊલટું ઘણી વાર તો એ બંધિયાર કોટડીમાં આજુબાજુનો ધુમાડો ઘુમરાયા કરતો ને કેદીઓ તેમાં ગૂંગળાઈ જતા. ભેજથી એમની પથારીઓ પલળી જતી. ઠંડીમાં ભૂખ્યા પેટે એમના શરીરે સોજા ચડતા ને ઠૂંઠવાઇને એમનાં અંગ ખોટાં પડી જતાં.

સત્તરમી સદીમાં પ્રચલિત ખ્રિસ્તી ધર્મમાં ફેલાએલા દંભ-ઠઠારા ને ભ્રષ્ટાચાર, ધર્મને નામે ચાલતાં યુદ્ધો અને તેને કારણે જનસામાન્યને વેઠવી પડતી કારમી હાડમારી વગેરેના વિરોધમાં તથા સમાનતા સેવા અને પ્રેમનીભાવના દ્વારા મુક્ત માનવતાની પ્રતિષ્ઠા અર્થે જ્યૉર્જ ફૉક્સે જે મૌલિક વિચારો રજૂ કર્યા તેના અનુસરણમાંથી 'રીલિજીઅસ સોસાએટી ઑવ ફ્રેન્ડ્સ'ની રચના થઇ. પ્રચલિત ધર્મવિચારોને હચમચાવી દે તેવા આ નવા વિચારોમાં ભળેલા આ લોકો 'ક્વેકર્સ' તરીકે વધુ જાણીતા બન્યા. કોઈ નવો જ ધર્મસંપ્રદાય સ્થાપવાનો તેમનો હેતુ હતો જ નહિ.

સૌના હૃદયમાં ઇશ્વરના વાસને તેઓ સ્વીકારતા, એટલે અંતરના અવાજને તેઓ ઈશ્વરની પ્રેરણા સમજી વર્તતા. સૌ એમને મન સમાન હોઈ સૌને મુક્ત અભિવ્યક્તિની સ્વતંત્રતા હતી. કોઈના પ્રત્યે શત્રુભાવ ન હોઇ હિંસા કે હિંસા પ્રેરે તેવી બધી બાબતોથી તેઓ દૂર રહેતા, એટલું જ નહિ, દેશ કે ધર્મને ખાતર લડાતી લડાઇઓમાં પણ તેઓ સાથ આપતા નહિ. ધાર્મિક કર્મકાંડો એમને વર્જ્ય હતા. એમની પ્રાર્થના ઘંટનાદ કે વાજિંત્રો વિનાની મૌન જ રહેતી, ને તેમાં ધર્મોપદેશો અપાતા નહિ. કોઇને કંઈ કહેવું હોય તો કશા ભેદભાવ વિના મુક્તપણે પોતાના વિચારો રજૂ કરવાની છૂટ હતી. વિધિઓમાં તેઓ માનતા નહિ એટલે લગ્ન માટે પણ તેમનો કોઈ ખાસ વિધિ નહોતો. આત્માની સચ્ચાઇને અનુસરનારને સોગંદો લેવાની જરૂર નથી એમ સ્વીકારી તેઓ કદી સોગંદ લેતા નહિ, તેમજ જેમાં સોગંદ લેવા પડે તેવા પદથી પણ દૂર રહેતા. જીવનમાં અત્યંત સાદગીને તેઓએ સ્વીકારેલી એટલે એમનો પોશાક પણ ઠઠારા વિનાનો રહેતો, જો કે પછી તેમાં છૂટછાટ આવી, કલા વગેરેમાં રસ ન લેતા. પણ પછી તેનો યે તેમણે સ્વીકાર કર્યો.

પરંતુ માનવતાની દૃષ્ટિએ આ ક્વેકરોએ ઘણું કામ કર્યું. યુદ્ધમાં જોડાયા નહિ પણ યુદ્ધગ્રસ્ત લોકોને બધા જ પ્રકારની સહાય એમણે કરી હતી. શિક્ષણાર્થે પણ તેમણે વ્યાપક કાર્ય કર્યું છે. અનેક શાળા-કૉલેજો, ઇસ્પિતાલો વગેરે તેમણે ઊભાં કરેલાં છે. અન્ય ખ્રિસ્તી સંપ્રદાયોની સરખામણીમાં કદાચ ક્વેકર પંથીઓની સંખ્યા ઝાઝી ન લાગે પણ જીવનમાં સાદાઇ અપનાવી એમણે હિંસાથી અલિપ્ત રહી સેવાને પ્રાધાન્ય આપી, માનવતાની ધૂપગંધ પ્રસારી છે.

જ્યૉર્જ ફૉક્સને આવી કેદમાં સાઠેક વાર જવું પડયું હતું એના જીવનનો ઘણો મોટો કાળ આમ કેદખાનામાં વીત્યો હતો. 'ઇશ્વરનો ડર રાખતા સત્તરમી સદીના અંગ્રેજો પોતાના કૂતરાઓની જે સારસંભાળ રાખતા એટલી યે એ કાળના કેદીઓને નસીબ નહોતી, છતાં ય ફૉક્સના અનુયાયી ક્વેકરપંથીઓએ મૂંગે મોંએ આવી કેદ ભોગવીને પોતાની વિચાર અને વાણીની સ્વતંત્રતાને ટકાવી રાખી હતી.

પણ ન્યાયાધીશો ને જેલ-અધિકારીઓને મન ફૉક્સ ભયંકર હતો. પરંપરિત ધર્મવિચારો અને વિધિઓને ઉવેખીને એ જગતની શાંતિ ઇચ્છતો હતો, એટલે તેઓ એને નાસ્તિક, રાજદ્રોહી અને અપરાધી ગણતા. જેલમાં ગોંધી રાખીને તેઓ એના દિમાગમાંથી માનવતા અને શાંતિમય રાષ્ટ્રના ખયાલને ભૂંસી નાખવા મથતા હતા. જ્યારે એમને લાગતું કે કદાચ એના વિચારો સુધર્યા હશે ત્યારે એને છોડી મૂકતા, અને પછી ફરી જ્યારે ખબર પડતી કે એના ખયાલો એના એ જ રહ્યા છે, ત્યારે કેદની એ જ પ્રક્રિયા ફરી ચાલુ થતી. આમ, વારંવાર કેદ ભોગવવાથી એની તબિયત ભાંગી પડી એ ખરું, પણ એનું મનોબળ કદી કમ થયું નહિ. જેલના ગંદવાડ ને અંધકાર વચ્ચે ઊલટું માનવ-મુક્તિ માટેના એના આદર્શો વધુ દૃઢ થયા.

પણ સાચી ધર્મભાવના અને માનવ-મુક્તિ માટે એ જે કરતો તે તેના રાષ્ટ્ર વિરુદ્ધનું કામ ગણાયું. ચાર્લ્સ પહેલાના મનસ્વીપણા સામે પ્રજાએ માથું ઊંચક્યું અને ઑલિવર ક્રૉમવેલ ઇંગ્લૅન્ડમાં સર્વ-સત્તાધીશ બન્યો ત્યારે જ્યૉર્જ ફૉક્સનું કાર્ય તેને ઉથલાવી પાડવા માટે બળવો પ્રેરવાનું લેખાયું. આ અંગે ચોખવટ કરવા જ્યૉર્જે ઑલિવરને પત્ર લખી જણાવ્યું કે એને ઑલિવર સામે કોઈ વેર નથી. એની સામે કે બીજા કોઈની યે સામે ઉગામવા એ કદી હથિયાર પણ રાખતો નથી. પોતાનું કાર્ય તો કેવળ લોકોને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરવા, યુદ્ધના ખયાલો છોડી દઈ શાંતિની ભાવના અપનાવવાને પ્રેરવા માટેનું છે.

ક્રૉમવેલને એ પછી જ્યૉર્જમાં કંઈક રસ પડ્યો. એણે ફૉક્સને મળવા બોલાવ્યો. વહેલી સવારે જ્યારે એને ક્રૉમવેલના આવાસમાં લઇ જવામાં આવ્યો ત્યારે તો એ હજી એના શયનખંડમાં જ હતો. 'આ ઘરમાં શાંતિ પ્રસરી રહો.' ક્વેકરપંથીઓના અભિવાદનનો ફૉક્સે ઉચ્ચાર કર્યો ત્યારે જવાબમાં તલવારનો પૂજારી ક્રૉમવેલ કેવળ મરક્યો.

ધર્મ, રાજકારણ અને યુદ્ધ વિષે બંનેએ ઘણી વાતો કરી. એક-બીજાની સદ્ભાવના અને સમજદારી વિષે બંનેએ આનંદ-આશ્ચર્ય અનુભવ્યાં. બંને ક્રાંતિકારીઓ હતા. પોતપોતાની રીતે બંને સ્વતંત્ર, ઠાવકા અને માણસ વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોના હિમાયતી હતા. પણ તેમની પદ્ધતિમાં પાયાનો તફાવત હતો. ક્રૉમવેલ ન્યાયને ખાતર દુનિયાને કોરડે વિંઝવામાં માનતો હતો, જ્યારે જ્યૉર્જ ફૉક્સ દુનિયાને દયાથી ભરી દેવા આતુર હતો. ક્વેકરોનો એ નેતા અનેક રીતે ક્રૉમવેલ જેવો હતો, પણ એ પોતાના દેશબાંધવોના રક્તપાતનો દોષિત એવો ક્રૉમવેલ નહોતો.

મુલાકાતને અંતે જ્યારે જ્યૉર્જ ઊઠ્યો ત્યારે તેનો હાથ પકડી લઈ ગળતી આંખે ક્રૉમવેલે એને કહ્યુ, 'ફરી મારા ઘેર આવજો. જો આપણે એકાદ કલાક પણ સાથે રહીશું તો એકબીજાની વધુ નજીક આવીશું.' અને પછી ઉમેર્યું, 'હું જેટલું મારા આત્મા વિષે ચાહું છું એથી જરાય ઓછું ભલું હું તમારા માટે ઇચ્છતો નથી.'

'જો ખરેખર તું એવું ઈચ્છતો હો તો એ તારા આત્મા માટે જ હિતકર બની રહેશે.' ફૉક્સે તેને ઉત્તર આપતાં કહ્યું, અને પછી એણે ક્રૉમવેલને એની કઠોરતા એના હૃદય પર ચડી ન બેસે એ માટે જાગરૂક રહેવાની સલાહ આપી.

પણ ક્રૉમવેલ એ સલાહને અનુસરી શક્યો નહિ, અને એને ત્યાં કદી શાંતિ આવી નહિ. કબરમાં યે એને શાંતિ મળી નહિ. એના અવ-સાન પછી જ્યારે ફરી રાજાશાહી સ્થપાઈ ત્યારે વેસ્ટમિન્સ્ટર ઍબી-માંથી એના દેહને ફરી ખોદીને બહાર કાઢી ફાંસીએ લટકાવવામાં આવ્યો હતો. પોતાના માટે કીર્તિ અને દેશને માટે મુક્તિ સારુ તલ-વારનો આશરો લેનાર ક્રૉમવેલના આ હાલ થયેલા. જ્યૉર્જના મૃત્યુ સાથે જ એની ક્રાંતિ વિલાઈ ગઈ, જ્યારે ફૉક્સની શાંતિપૂર્ણ ક્રાંતિ ઉત્તરોત્તર દુનિયામાં વધુ ને વધુ બળ પ્રાપ્ત કરતી ગઇ.

ઇંગ્લૅન્ડની ગાદી પર હવે ચાર્લ્સ બીજાનું રાજ હતું. ક્રૉમવેલના વખતમાં જે ક્વેકરપંથીઓ પર લોકશાહી સામે કાવતરાં કરવાનો આરોપ મુકાયો હતો એમને હવે રાજા સામે કાવતરાં કરનાર ઠેરવવામાં આવ્યા. એમને સતાવવા એ જાણે ત્યારના પાદરીઓ ને ન્યાયાધિ-કારીઓ માટે એક કાયમી ખેલ બની રહ્યું. એક યા બીજા કાળે પંદર-પંદર હજાર ક્વેકરો જેલમાં સબડતા હતા. આમાંના ઘણા તો જેલમાં ફના પણ થઇ ગયા, પરંતુ જુલ્મો સામે એમણે એટલી હિંમત દાખવી કે એમના પરના સીતમો ખુદ એક પાખંડી ધાક સમા ઊપસી આવ્યા. એ સામે ક્વેકરોની સહનશીલતા અસ્વાભાવિક દેખાવા લાગી. હાંસી અને હિંસક સતામણી સામે એમણે હસતે મોંએ જે પ્રતિભાવો દર્શાવ્યા એ જાણે કે તેઓ કોઈ જુદી જ દુનિયાના જાદુગરો હોય તેમ મનાવા લાગ્યું.

કેદમાં અનેક ચોકીદારો ફૉક્સની હિંમતને વખાણતા અને એના વ્યક્તિત્વથી પ્રભાવિત થતા. ફૉક્સ જો સ્વીકારે તો તેઓ એને પોતાના દળનું નેતૃત્વ આપવા પણ તૈયાર હતા. ફૉક્સને પોતાના જેવો સૈનિક બનાવવા તેઓ મથતા રહેતા, પણ અંતે જીત તો ફૉક્સની જ થઈ. ફૉક્સની ઊંડી તાકાતને તેઓ પોતાના હિંસક માર્ગે તો વાળી શક્યા નહિ, પણ ફૉક્સ એમને પોતાના અહિંસક માર્ગે દોરી લાવ્યો. એમાંના ઘણા સૈનિકો ક્વેકરપંથી બની ગયા. આમાંનો એક વધુ વિખ્યાત તે વિલિયમ પેન હતો. ફૉક્સે એને પોતાના મતમાં માનતો કરેલો. (પંથ-બદલા માટે ફૉક્સે કદી 'ધર્માંતર' શબ્દ વાપર્યો નથી.) ફૉક્સે એને તલવારના બદલે આત્માના માર્ગે વાળેલો. એક કાળે પોતાના સૈનિકપણા માટે ગૌરવ અનુભવી પોતાની સિદ્ધિઓના માનચાંદ બતા-વતો બ્રિટિશ નૌકાધિપતિનો એ પુત્ર ધીરેધીરે ક્વેકરોની સલૂકાઈથી પ્રભાવિત થઈ પોતાના લશ્કરી ખયાલોમાં શંકા કરતો થઈ ગયો, એટલું જ નહિ, આગળ જતાં એણે નવી દુનિયા – એટલે કે અમેરિકામાં ક્વેકરપંથીઓની એક વસાહત જ ઊભી કરેલી, જે આજે એના નામ પરથી પેનસિલ્વાનિયા તરીકે ઓળખાય છે.

ઈ. ૧૬૬૯ની ૧૮ ઑક્ટોબરે માર્ગારેટ ફેલ સાથે જ્યૉર્જ ફૉક્સે લગ્ન કર્યું. માર્ગારેટ સ્વાર્થમોર હૉલના જજની વિધવા હતી. લગભગ સત્તર વર્ષથી ફૉક્સ આ પરિવારના પરિચયમાં હતો. માર્ગારેટને આઠ બાળકો હતાં અને એ જ્યૉર્જ ફૉક્સની 'સોસાએટી ઑાવ ફ્રેન્ડ્સ'-ની સભ્ય હતી. એને ત્યાં ક્વેકરો બેધડક સભાઓ યોજતા. જ્યારે તેઓ જેલમાં હોય ત્યારે માર્ગારેટ પોતાની વગથી એમને સહાય કરતી. એકાદ-બે વાર એ પોતે પણ એમને ખાતર જેલમાં ગએલી. જન્મે અભિજાત, સુંદર, સંસ્કારી અને સમૃદ્ધ હોઈ એ ધારત તો સમાજ અને રાજદરબારમાં સહેજે મોભો પ્રાપ્ત કરી શકત, પણ એણે તો જ્યૉર્જ ફૉક્સ તથા તેના 'રખડેલ લઘરા' ગણાતા સાથીઓના પંથ સ્વીકારવાનું પસંદ કર્યું.

જ્યારે ફૉક્સ સાથે તેનું લગ્ન થયું ત્યારે તેની વય પંચાવન વર્ષની હતી, પરંતુ એ ઉમરે પણ એનું સૌન્દર્ય પ્રભાવક હતું. ફૉક્સની વય ત્યારે છેતાળીસ વર્ષની હતી. અને લગ્નની ભેટ હોય તેમ ઇંગ્લૅન્ડના રાજાએ એ બંનેને કારાવાસ આપ્યો હતો.

મોટે ભાગે જ્યૉર્જ અને માર્ગારેટનું લગ્નજીવન એ જાણે પત્ર-વ્યવહારનો સંબંધ હતો. જ્યારે કારાવાસમાં ન હોય ત્યારે બંને જણ એકબીજાના સાથમાં શાંતિનો સંદેશ પ્રસારતા. બાવીસ વર્ષના એમના લગ્નજીવનમાં તેઓ કુલ મળી ભાગ્યે જ પાંચેક વર્ષ સાથે ગાળી શક્યાં હતાં. અને છતાં બંને વચ્ચે ઊંડી અને મૃદુ લાગણી હતી. જ્યૉર્જ હમેશાં માર્ગારેટને 'ડીઅર હાર્ટ' તરીકે સંબોધતો.

વારંવારના જેલવાસ અને વયના વધવા સાથે જ્યારે જ્યૉર્જની શારીરિક શક્તિઓ ઘસાવા લાગી ત્યારે માર્ગારેટે એને સ્વાર્થમોરમાં આરામ લેવા વારંવાર આગ્રહ કરવા માંડ્યો, પણ એને માટે આરામ હતો જ નહિ. આધ્યાત્મિક સ્વાતંત્ર્ય અને માનવધર્મના પોતાના વિચારો પ્રસારવાનું ઘણું કામ એને મન હજી બાકી જ હતું. એક પ્રસંગે એને જાણ થઈ કે ચારેક માઈલ દૂર એક ગામે નોકરોની પસંદગી માટે એક બેઠક મળવાની હતી. જ્યૉર્જ ત્યારે ઠીકઠીક ઉમરે પહોંચ્યા હોઈ એટલું અંતર પણ એના માટે વધુ પડતું હતું. ઘોડો તો મળી શકે તેમ નહોતો પણ એ શક્ય એટલી ઝડપે – લગભગ દોડતો ત્યાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૩)

'શું નામ તારું ?'

ક્યાં જાય છે, કાનજી?

સરોજ ત્રિવેદી

નવરા પડેલા સાંધાવાળા બહાર હવા ખાતા બાંકડે બેઠા હતા. તેમાંથી એક કોઇને પૂછતો હતો. અપ પૅસેન્જર ટ્રેનનો આગલા સ્ટેશને પહોંચ્યાનો ઍરાઈવલ લઈ, બ્લૉક નૉર્મલ કરીને, સમીક્ષા માટે આવેલો એક કાવ્યસંગ્રહ વાંચતો હું બેઠો હતો. આજ બેસતે ઉનાળે ફરી વાદળો ઘેરાઈ આવ્યાં હતાં. હવામાં તાજગીભરી ઠંડક વરતાતી હતી. પૅસેન્જર તો ક્યારનાં ગામમાં ય પહોંચી ગયાં હશે. એટલે હવે નીરવ પ્લૅટફૉર્મ ઉપર આ કોની ઈન્કવાયરી ચાલી રહી છે? સાહિત્યકાર જીવને કાવ્યસંગ્રહનાં પાનાં વચ્ચે દબાવીને મારા માંહેનો સ્ટેશન માસ્તરનો જીવ ફૂદી પડ્યો. ચાલ, જોઉં, કોણ છે! કાવ્યસંગ્રહને ટેબલ ઉપર ફેંકી સ્ટેશન માસ્તર સફેદ કુરતાના ખિસ્સામાં હાથ રાખી બહાર નીકળ્યા, રૂઆબ છાંટવાની એકાદેય તક હોય તો તે ઝડપી લેવા. પણ ત્યાં અપેક્ષાકૃત વાતાવરણ ઠંડું હતું. બાંકડાના હાથાને ટેકે ટૂંટિયુંવાળી બેઠેલા એક કૃશકાય છોકરાને ખભે હાથ રાખી અમુભાઈ પૂછી રહ્યા હતા: 'એલા, તારું નામ શું છે?'

'કાનજી દેવજી.' છોકરાએ પોતાના નામ સાથે બાપનું નામ પણ બતાવ્યું.

'ક્યાંથી આવ્યો ?' 'ગઈ ઈ ગાડીમાં, રાણાવાવથી.'

'રાણાવાવમાં કોણ છે, તારું ?' 'મારો મોટો કાકો.'

'તારું ઘર ?' 'વડવાળા.'

'તારો બાપ શું કરે છે?'

'મજૂરી.' છોકરો ક્ષીણ સ્વરે પણ સ્પષ્ટ જવાબ વાળતો હતો. ગામડાનો હોય તેવું સહજમાં વરતાઈ આવતું હતું. બેઠક અને ગોઠણેથી ફાટેલું, જૂનું ખરીદેલું ક્રીમ કલરનું સ્ટ્રેચનું પેન્ટ, ઉપર બે કલરનો સ્ટ્રેચનો બુશકોટ – ઠેરઠેરથી ફાટેલો ને ઉતરડાયેલો, શ્યામવર્ણો, સાંકડાં પાચચાં અને બાંયો પણ પહોળી પડે એવા દુર્બળ હાથ-પગ, માથે ચપોચપ બેઠેલા સાવ ટૂંકા વાળ; ઉપરથી માથાની પહોળાઈ વધારે અને દાઢી સુધી પહોંચતાં બિલકુલ અણિયાળો એવો ચહેરો. બારેક વરસના અતિકૃશ શરીરમાં ક્યાંય બાલ્યવય કળાતી નહોતી. એના સમગ્ર વ્યક્તિત્વનું એકમાત્ર આકર્ષણ હોય તો તે તેની આંખો. ખાડામાં ઊંડી ઊતરી ગયેલી મોટીમોટી, પીળી પડેલી આંખો. અતિ વેદનાસક્ત એ આંખોમાં બાર વરસની વયે હોવી ઘટતી ચપલતા ગાયબ હતી. જવાબ વાળતી વેળા જ આંખો ઊંચકતો. એકધારી તકાઈ રહેતી એ આંખોમાં ત્યારે ભય, ત્રાસ અને પીડાના ઊંડા જખમ સાફ દેખાતા હતા. મને અચાનક ખયાલ આવ્યો કે સ્ટેશન માસ્તરને રસ પડે તેવું નહોતું, તેથી કંટાળીને બગાસાં ખાતાંખાતાં ઊંઘી ગયા હતા. કાવ્યસંગ્રહનાં પાનાંઓ વચ્ચેથી કશુંક સરકી ગયું હતું. મેં છોકરાને પૂછ્યું, 'ઘેરથી કેમ ભાગી આવ્યો ?' 'કાકાએ માર્યો એટલે.'

'હોય એ તો, ક્યારેક મારેય ખરા. એમ ઘેરથી ભાગી અવાય?'

'એકદિ' નંઈ, સાહેબ, રોજ મારતો. આડું વાળાને જોવે જ નહીં ને!'

'તારો કંઈક વાંક હશે ને, કે અમસ્તો જ... ?'

'ભણવા જવાનું નામ લઉં ને ઢોરમાર મારે, ...જી હોય ઈનાથી રાંપલવા જ મંડે, ...આડું વાળીને જોવે જ નો.'

'શું ભણતો ?'

'પાંચમું ધોરણ. મારી દાદી કે'તી 'તી કે મારો જનમ થીયો પછી મારા દાદાએ જોવરાવ્યું 'તું. જોશી કે'તો 'તો કે છોકરાના નસીબમાં વિદ્યા ખૂબ છે. એટલે ભણવાનું મને ગમે. મજૂરીએ જાઉં તો કાકાને ગમે, પણ...' 'તો એને ગમે એવું કરવું, એને રાજી રાખવા.'

'કરતો 'તો, ...એમે ય કરતો 'તો. કો'કનાં ઢોર ચારવા જતો 'તો અને પૈસા મળે તે કાકાને આપી દેતો. તો ય રોજ મારતો ખાવાનો જ!'

'કેટલા દિવસ પહેલાં ઘેરથી ભાગી આવ્યો ?'

'ત્રણ દિ' થી.' 'ખાધું ક્યાં ?'

'ખાધું નથી... માગ્યું નંઈ, ઈ ના કરતાં તો...' કહેતાંકહેતાં છોકરાની આંખોમાં ઘોર નિરાશાની વેદના છલકાઈ પડી.

અમુભાઈ સાંધાવાળા ઊઠ્યા અને છોકરાનો હાથ પકડી બોલ્યા: 'હાલ્ય, મારે ઘેર રોટલા ખાઈ લે...' 'ના, ખાવું નથી.'

"ખાવા ઉપર ખીજ નો ઉતારીએ, ખાઈ પી ને ટાશકા જેવો થઈ જા, ને ઝટ મોટો થઈને પછે ઈ બધાયનો વારો કાઢજે. લે, હાલ્ય...હાલ્ય.'

અમુભાઈ કાયમ રમૂજી શૈલીમાં વાત કરે. એના આગ્રહમાં રમૂજભર્યો ઠપકો અને ભાવિ વિષે ઊંડાણભરી સલાહ વ્યક્ત થતાં હતાં. કાનજીનો હાથ ઝાલી અમુભાઈ ગયા. હું સવારની ટ્રેનોનાં ટિકિટ-વેચાણનો હિસાબ કરવા ડેઈલી ટ્રેન કેશ-બુક લઇને બેઠો. ટિકિટોનાં વેચાણના આંકડાઓની સમાંતર કાનજીના વિચારો ચાલતા રહ્યા.

બે ગુડ્ઝ ટ્રેનોનું ક્રૉસિંગ, પછી ડાઉન એક્સપ્રેસની લાઈન કલીઅર, પૅસેન્જરોને ટિકિટો, સિગ્નલો, પાર્સલો, ગાર્ડ પાસેથી ઍરાઈવલ સર્ટિફિકેટ લીધું ? ઈન્વર્ડ ટૅબ્લેટ ક્યાં ? બ્રેકમાંથી ટ્રિફિન ઉતાર્યું કે ? હલ્લો, વાંસજાળીયા સ્પીકિંગ..., થર્ટી સિક્સ ફાર્તિ એક્સપ્રેસ ઍરાઈવલ ટ્વેલ્વ થર્ટી ટૂ...વગેરે ધમાલમાં કાનજી વિસરાઈ ગયો.

જમતાંજમતાં કાનજી ફરી ચિત્તમાં ઝબૂકી ગયો. બહાર બાંકડા ઉપર ફરી અમુભાઈએ કાનજી સામે બેઠક જમાવી હતી. કાનજીના સૂકા હોઠ હવે ભીના દેખાતા હતા. મારામાં બે જણ જીવી રહ્યાની પ્રતીતિ હું અનુભવી રહ્યો. નકામી સ્ટેશન માસ્તર ઊંઘે ઘેરાતા હતા; અને બીજાએ મને બહાર ધકેલ્યો. બહાર પૃચ્છાનો બીજો દોર શરૂ થયો.

'કાકા મારે તો તારા બાપુજી એને રોકે નહિ?'

'હું કાકા ભેગો રહું છું, મારા બાપા ભેગો નહિ.'

'બાપા સાથે કેમ નહિ?'

'બાપાએ કાઢી મૂક્યો. ઈ તો મને લાકડીએ લાકડીએ મારતા.'

'કેમ?'

'મારા બાપે નવી બાયડી કરી એટલે.'

'એટલે...તારી નવી મા, ખરું? તો પછી તારી સગી મા...?'

'મારા બાપે કાઢી મૂકી,...મારી દાદી કે'તી'તી કે હું સવા વરસનો હતો ત્યારે મારા બાપે મારી માને ઘરમાંથી તગડી મૂકી'તી.'

'તને સાથે કેમ તેડી ગઈ નહિ!'

'મારી દાદી કે'તી'તી કે મારી મા તો રોતાંરોતાં, પગ પકડીને કેટલું ય કરગરી'તી કે ભલે તમે મને કાઢી મૂકો, પણ મારો દીકરો મને લઈ જાવા દ્યો. પણ મારા બાપે મારી માને સાવ ખાલી હાથે કાઢી મેલી.'

'તને કોણે ઉછેર્યો!'

'દાદીએ,...નવી મા આવી તંયે દાદી મારા કાકા ભેળી રે'વા વઈ ગઈ.'

'ત્યારે તું કેવડો હતો? યાદ છે?'

'દાદી કે'તી'તી કે હું તંયે ચાર વરસનો હતો.'

'તારી નવી મા તો તને સારી રીતે રાખતી હતી ને?'

'ઈ તો મારા કાકા ને બાપ કરતાં ય વધુ મારતી. નવી મા મારતી તંયે મને રોવું આવતું નહિ, પણ બાપ મારતો તે દિ' રાત આખી

ગોદડામાં મોઢું ઘાલી હું રોયા કરતો. હીબકાં ય ભરાય નહિ!'

'ત્યારે તને તારી સગી મા યાદ આવી જતી ખરું?'

'મારી મા મેં ક્યાં જોઈ છે, સાહેબ? હું તો સવા વરસનો હતો...ને!'

'તને કઈ મા વહાલી, નવી કે જૂની?'

'વહાલી એટલે?'-કાનજીએ પ્રથમવાર પ્રતિપ્રશ્ન કર્યો. મેં અમુભાઈ સામે જોયું. અમુભાઈ મારી સામે જોઇ રહ્યા. જે બાળકને માનું વહાલ શું છે તેની ખબર નથી એને મારે વહાલનો કઈ રીતે સાક્ષાત્કાર કરાવવો તેની મૂંઝવણમાં હું પડી ગયો. માતૃવાત્સલ્યનો અનુભવ કરાવવા શબ્દો કઇ રીતે શક્તિમાન હોઈ શકે! મને ક્યારેય શબ્દો આટલા પાંગળા નથી લાગ્યા. છતાં મારે કંઈક જવાબ આપવાનો હતો એટલે મેં કહ્યું: 'વહાલ કરે તે.'

'વહાલ કરે એટલે શું, સાહેબ?' કાનજીએ ફરી પૂછ્યું.

ફરી એક અતિ કપરો ઉત્તર વાળવાની મૂંઝવણે મને ઘેરી લીધો. માતાની કઈકઈ લાગણી-પ્રવૃત્તિને શબ્દબદ્ધ કરીને આ છોકરાને માના વહાલ વિષે સમજાવું? રાતોના ઉજાગરા કરી ભીની ગોદડીઓ બદલાવે, પડખામાં બાળક જરા સરખુ ય સળવળતાં ભરનિદ્રામાંથી ઝબકીને જાગી જાય, ઊંઘતાં ય જેના હાથ ઘોડિયાની દોરી હલાવતા રહે, બાળકના સ્વાસ્થ્ય સારુ ઇષ્ટના સઘળા સ્વાદ ત્યાજ્ય ગણે, દિવસભરના થાક પછી યે જેના કંઠે હાલરડાં ગવાતાં હોય, પુત્રના વાળમાં ઊંડી મમતાપૂર્વક હાથ ફેરવતાં અને માથાને ચૂમી લેતાં જિંદગીનાં સમગ્ર દુ:ખો ભૂલી જતી અને તેમાં જ જિંદગીનું સાર્થક્ય સમજતી હોય, પુત્રના સંહારે આખું આયખું વ્યતિત કરી નાખનારી માતાની કઈકઈ લાગણીઓ, ભાવનાઓની કેટકેટલી વાતો કરીને આ છોકરાને સમજાવું કે, જો, આને 'વહાલ' કહેવાય! શબ્દો ફરી અપાહીજ લાગ્યા. હું કંઈક શોધતો હતો. શું તે જાણતો નહોતો.

રિલીવિંગ સ્ટેશન-માસ્તરને અનેક સ્ટેશનો અને માણસો સાથે પ્રસંગ પડે. ભાગેલાંઓનો આશરો રેલવે-સ્ટેશન. ઘેરથી ભાગી આવેલો ખાનદાન ઘરનો એક આવડો જ છોકરો પૂછપરછની પકડમાંથી છટકવા અને સામેનામાં પોતાના માટે હમદર્દી જગવવા પોતાના વિશેની જાતજાતની કારુણ્યસભર ઘટનાઓ ઘડી કાઢતો, તેનું મને સ્મરણ થઈ આવ્યું. અચાનક ખયાલ આવ્યો કે હું પ્રત્યુત્તર ટાળવાનું બહાનું શોધતો હતો. શંકાનું ધુમ્મસ ઘેરાયું. દિશા બદલી. સ્ટેશન માસ્તરે પૂછ્યું, 'અલ્યા, તું ખોટું બોલતો લાગે છે. કોઈ અમસ્તું મારે નહિ. તું પણ કંઈક તોફાન કરતો હશે.' પછી અમુભાઈ સામે જોઈ કહ્યું, 'કેમ અમુભાઈ કોઈ સ્ત્રી આટલી ક્રૂર થઈ શકે?'

'એનું કાંઈ કહેવાય નહિ, સાહેબ!' અમુભાઇ અનુભવી હતા.

સ્ટેશનમાસ્તરે કાનજી સામે જોયું. કાનજી એકધારું જોઈ રહ્યો. હોઠ ખુલ્લા અને આંખોમાં ફરી અવિશ્વાસનો ભાવ.

'ના,...ના,...સાહેબ,...મેં કોઈ દિ' તોફાન કર્યાં નથી.'

'તો શા માટે મારે?'

'ઢોર ચારવાના પૈસા મારી માને આપી દેતો, તો કેયે મજુરીએ જા, ઢોર ચારવામાં શું દિ' વળે.'

'તો મજૂરીએ જવું 'તું.' મેં કહ્યું, પછી કાનજીનો દુર્બળ દેહ જોયો.

'મારે તો ભણવું 'તું, સાહેબ. મારી દાદી કે'તી 'તી...'

'ભણવું'તું, તો પછી થોડું સહન કરીને રહેવું'તું.' મેં કહ્યું. એટલે અમુભાઈ કહે, 'હોય ઈ તો, કોક દિ' ડાંટ-ટાપલી કરી લ્યે.'

'ડાંટ-ટાપલી તો ખમી લેતો'તો, પણ બાંધે તંયે' નો ખમાતું. ભણવા જવાનું નામ લઉં ને લાકડીએ-લાકડીએ ઝૂડવા માંડે. મારતાં નો ધરાય પછે થાંભલી હારે કાથીનાં સીંચણીએ હાથપગ કચકચાવીને બાંધે, ને મન થાય તંયે' મારે. કાથીના કાંટા બી વાગે હો, સાહેબ! ચામડી છોલાઈ જાય, લોઈ નીકળે, માખીયું ચોંટે, કાળી બળતરા થાય,...નો ખમાય, બાપુ! સાણશીથી સાથળમાં ચોંટિયા ભરે, પગના નળા ઉપર વેણ્યાં મારે,...' બોલતાંબોલતાં કાનજી હાંફી ગયો. એની આંખોમાં આતંક તાજો થયો. યાતનાનાં મોજાં ઊછળ્યાં. 'ઇ બધું ય ભૂખ્ય. પેટ તેણ્યચાર દિ' કેમ સેવાય, સાહેબ?' કાનજીની આંખો તરલ બની ગઇ.

'એટલે કે ત્રણ-ચાર દિવસ સુધી તને ભૂખ્યા પેટ બાંધી રાખે!?'

'હા,...ને મારતી ય જાય. જરાક હલું તો પાકેલા ઘામાં કાથીની અણીયું ખૂંતે ને પરુ નીકળે...ઉપરથી માખીયું ડંખે...પણ મારની બીકે રોવાયે ય નંય...!'

'તારો બાપ છોડાવે નહિ?'

'ઈ ય સાંજુકના દારૂ પીય ને મારે.'

મારું હૃદય દ્રવી ઊઠ્યું. પણ માંહેના સ્ટેશન-માસ્તરને કાનજીની વાતમાં હજીયે પેલી બનાવટની ગંધ આવતી હતી. સ્ટેશન માસ્તરે કહ્યું- 'અમુભાઈ, આ છોકરો ખોટું બોલે છે, આને પોલીસમાં સોંપી દેવો પડશે.'

'હું ખોટું બોલું છું, સાહેબ? હું ખોટાબોલો નથી, સાહેબ... આમ જોવો...આ...આ...!!'—બોલતાં એણે પાટલૂનનાં બન્ને પાયચાં ઊંચાં કરી કહ્યું; 'આમ જોવો,...આ...!' પગનાં બન્ને કાંડાં ઉપર ફરતે રૂઝાઈ ગયેલા ઝખમનાં સફેદ, ઊંડાં ઘેરાં નિશાન દેખાયાં. પછી હાથનાં કાંડાં દેખાડી કાનજીએ કહ્યું, 'આમ જોવો...સાહેબ,...! આ જોવો!!...હું ખોટું બોલું છું...?!!' કાંડા ઉપર પણ ઘાનાં શુષ્ક ચામડી તણાઈ ગયેલાં સફેદ નિશાન હતાં. અમારા મોંમાંથી અરેરાટી વછૂટી ગઈ. લાંબા સમય સુધી અમે વિક્ષુબ્ધાવસ્થા અનુભવતા રહ્યા. મારાથી બોલાઈ જવાયું, 'કોઈ સ્ત્રી આટલી હદે ક્રૂર થઈ શકે?' અમુભાઈ નિરુત્તર રહ્યા. કાનજીની આંખોમાં રણની શુષ્કતાનો સજ્જડ પથાર ભળાયો. વર્ષો પૂર્વે સુકાઈ ગએલા દરિયાને સ્થાને હવે તો હતો કેવળ ધગધગતી રેતીનો વ્યાપ!

આ કાનજી હવે કદીયે રડી શકે નહિ. લાંબી વાર સુધી વિષાદઘેરું મૌન ખંડિત કરવાનું અમને મન થયું નહિ. ચિત્તમાં ઊઠેલાં આંદોલનો શમ્યાં પછી મેં પૂછ્યું; 'હવે તું ક્યાં જવાનો?'

'મારી મા પાંહે.'

'તારી મા ક્યાં રહે છે?'

'ખબર નથી.'

'તો પછી તું તારા મામા પાસે જા. ક્યાં રહે છે તારા મામા?'

'ગોપ મોટા. મારી દાદી કે'તી'તી.'

'શું નામ તારા મામાનું?'

'ખબર નથી.'

'તારી માનું નામ?'

'ખબર નથી! દાદી કે'તી'તી, મારી મા પાથર કટમ્બની છે.'

'તારા મામા સાથે જ રહેતી હશે. ત્યાં પહોંચી જા.'

'ના...ત્યાં નથી રે'તી. મારી દાદી કે'તી'તી, મારી માએ બીજું ઘર માંડ્યું છે. એને બે દીકરીયું ય છે.'

'એ કયા ગામ રહે છે?'

'ખબર નથી. પણ હું ઈને ગોતવાનો.'

અમે કાનજીને જોતા રહ્યા. પછી જોવું પણ દુષ્કર બન્યું. એટલે હું ઑફિસમાં આવી બેઠો. વિચારો ચાલતા રહ્યા.

આ છોકરાએ નથી એની માને જોઈ કે નથી જાણતો માનું નામ. મા ક્યાં છે, તેની યે એને ખબર નથી, તેમ જ નથી એ પોતાના મામાને ઓળખતો. અને બિલકુલ અપરિચિત માની શોધ કરવા નીકળી પડ્યો

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૦)

વવાણિયા અને નવલખી

ડૉ. શિવપ્રસાદ રાજગોર



રાજકોટ જિલ્લાનો લખિયારાથી વવાણીઆ સુધીનો સમુદ્ર-કિનારો માત્ર ૩૨ કિ.મી. (વીસેક માઈલ) લાંબો છે. સાગરકંઠારવાળા ગુજરાતના અન્ય જિલ્લાઓની સરખામણીમાં એ કંઈ મોટો ન ગણાય. કચ્છના અખાતને પૂર્વ છેડે અને સૌરાષ્ટ્રની ઉત્તર કંઠારે આવેલો આ ભાગ પણ મૂળ તો સ્વાતંત્ર્ય પૂર્વેના સૌરાષ્ટ્રનાં મોરબી રાજ્યનો હતો. વવાણીઆ અને નવલખી એ આ કંઠાર પરનાં બંદરો હતાં. મોરબી-ઠાકોર અલીઓજીએ વવાણીઆ બંદર ખીલવ્યું હતું અને રવાજી ઠાકોરના વખતમાં તેનો વધુ વિકાસ થએલો. ઈ. ૧૮૭૯–'૮૦માં મોરબી રાજ્યને બંદરની આવક પેટે ૩૮,૧૪૩ રૂપિયા મળ્યા હતા. સમગ્ર સૌરાષ્ટ્રનાં બંદરોની કુલ આવક રૂ. ૨૮,૪૨,૫૫૫ હતી, તેમાં આવી ૧૩ ટકા જેટલી ઓછી આવકનાં કારણોમાં એ કાળે કચ્છના અખાતમાં પ્રવર્તતી વાઘેર, સંઘાર, મિયાણા વગેરે લોકોની ચાંચિયાગીરી, દુકાળ અને મરાઠા તથા અંગ્રેજી શાસનના કારણે ડખોળાએલું અર્થતંત્ર વગેરેનો પણ હિસ્સો હતો. ઈ. ૧૭૫૮થી ૧૮૦૭ દરમિયાનનું આ તરફનું મરાઠી શાસન 'કાળરાત્રિ' સમાન ગણાએલું છે. એમની મુલ્કગીરીની પ્રથાએ રાજા અને પ્રજાની આર્થિક દૃષ્ટિએ કમર તોડી નાખી હતી. આ કારણે જ 'સેટલમેન્ટ' તરીકે ઓળખાએલી કર્નલ વૉકરની વ્યવસ્થાનો સ્વીકાર કરવામાં મોરબી રાજ્યે પહેલ કરેલી. ધ્રુંફ મુકામે વિચારાયા પ્રમાણે કંપની સરકાર ગાયકવાડ વતી ખંડણી ઉઘરાવે અને મુલ્કગીરી બંધ થાય તેવી વ્યવસ્થા થઈ હતી. વળી, વવાણીઆ બંદરની ઊપજમાંથી કચ્છના રાવ પણ ભાગ માગતા હતા. પરંતુ હંજસ્થળ ખાડીના છેડે આવેલું આ બંદર કાળાંતરે જળમળથી પુરાઈ જતાં અંતે નવું બંદર વિકસાવવા મોરબી રાજ્યે તેના સ્થાન માટે શોધ કરવા માંડી.

ઈ. ૧૯૦૯માં મોરબી-ઠાકોર સર વાઘજીએ નવલખીના વિકાસ માટે પ્રયત્નો કર્યા. મુંબઈના વિકાસમાં થયું છે તેમ કળણવાળી કંઠારના છીછરા પટમાં પુરાણ કરીને નવલખી બેટને તળ ભૂમિ સાથે જોડી દેવામાં આવ્યો અને વરસામેડી અને સુઈ ખાડીના સંગમસ્થાન ઉપર આ નવલખી બંદર વિકસ્યું. આ બંદર માટે રાજ્યને નવ લાખ રૂપિયાનો ખર્ચ થએલો તે પર આ સ્થળ 'નવલખી' નામ પામ્યું, અથવા બીજી એક શબ્દરમત પ્રમાણે આ બંદર બનતાં હવે રાજ્યનું નસીબ સુધરશે એવા ભાવાર્થે તેને 'નાઉ લકી' (Now lucky–હવેથી નસીબવંતુ) એવા અંગ્રેજી ખયાલ પરથી 'નાઉ લકી'નું 'નવ-લખી' બન્યું એમ પ્રયોગ પણ કહેવાય છે.

બંદરની શરૂઆત થઈ ત્યારે તો અહીં મિયાણાઓનાં પચાસેક ઘરની વસ્તી યે માંડ હતી. તેઓ માછલાં મારતા અને કચ્છનાં નજીકનાં બંદરો સુધી મછવાની ખેપ કરતા. મિયાણા કોમ તેની બહાદુરી માટે ખ્યાત છે. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અંધાધૂંધી પ્રસરેલી ત્યારે આ કોમે માળિયાના રાજને સારી સહાય કરી હતી.

ઈ. ૧૯૧૧ના ઇન્ડિયન પૉર્ટ ઍક્ટ અનુસાર કાંઠાનાં બંદરો અને પરદેશ સાથે વેપાર ખેડવાની હિન્દ સરકારે નવલખી બંદરને પણ મંજૂરી આપી હતી. એથી કાળાંતરે હંજસ્થળની ખાડી ઉપર આવેલા મધ્યમ કક્ષાના બારમાસી બંદર તરીકે નવલખી એક મહત્ત્વનું બંદર બની રહ્યું છે. હંજસ્થળની ખાડી દસ-અગિયાર કિલોમીટર લાંબી અને દસ-બાર મીટર ઊંડી છે. કચ્છના અખાતને પૂર્વ છેડે તે આ અખાતના બંદરની તરફના અને બહારના ભાગને જોડે છે. આરંભનો ત્રણેક કિલોમીટર જેટલો ભાગ પૂર્વ તરફ ફેલાઈ આગળ જતાં એ ઈશાન બાજુ વળાંક લે છે, અને કચ્છી ખાડી તથા મલાર ખાડી નામે બે ભાગમાં વહેંચાઈ જાય છે. હંજસ્થળની ખાડીને હાલાઈ ખાડી મળે છે ત્યાં એ સુઈ ખાડી નામે ઓળખાય છે. આ સુઈ ખાડી અને વરસા-મેડીની ખાડી જ્યાં મળે છે ત્યાં (૨૨°-૨૬' ઉ. અક્ષાંશ અને ૭૦°-૨૦' પૂર્વ રેખાંશ પર) નવલખી બંદરનું સ્થાન છે. કચ્છના તુણાની દીવાદાંડીના સામેના ભાગથી નવલખીની ખાડી આરંભાય છે. જામ-નગર-કોસ્ટ-ગાર્ડની ચોકી, નવલખીનો ડેરિક ટાવર અને લગભગ ૧૬ મીટર (૮૧ ફૂટ) ઊંચો લાઈટ ટાવર એ તેનાં ઓળખ ચિહ્નો જેવાં છે. તુણાના બોયાના સ્થાનથી ઍપ્રોચ ચૅનલની નવલખી બંદર સુધીની લંબાઈ ૩૧ કિલોમીટર (૧૯½ મા.) જેટલી છે. લગભગ આટલું જ —૩૦·૬ કિ.મી. (૧૯ મા.) અંતર અહીંથી કંડલા બંદરનું છે. કપૂર શોલ (ખરાબો) અને કાલાદરા શોલ વચ્ચે થઇને નવલખી બંદર તરફ જવાય છે. અહીં ઓટ વખતે પણ ૬ મીટરથી વધુ ઊંડું પાણી હોય છે. બંદર સુધી આવતાં ત્રણ અને ચારેક મીટર ઊંડે રહેલાં રેતીનાં બે આડાં વહાણો ચલાવવામાં નડે તેવાં છે. અઢી કિલોમીટર જેટલા વિસ્તરેલા શિંગાર શોલની ઉત્તરે સુરખાબના આશ્રયસ્થાન તરીકે જાણીતો 'ફ્લૅમિંગો ફ્લેટ'નો સપાટ પ્રદેશ છે. આની યે ઉત્તરે સાથ-સઈડા નામનો એક બેટ છે. આ બેટના અગ્નિકોણે તથા પશ્ચિમે વહાણો માટે માર્ગદર્શક બે બીકન છે. ગુજરાતના ડિસ્ટ્રિક્ટ ગૅઝેટીઅરમાં જણાવ્યા પ્રમાણે મુર્ધા પૉઈન્ટનો પ્લૅટો - ઉચ્ચ પ્રદેશ પણ વહાણવટા માટે ભયજનક છે. અહીં પાણીની પૂરતી ઊંડાઈ જળવાઈ રહે તે માટે સતત ડ્રેજિંગ કરવું પડે છે. શિંગાર શોલ પાસે છ મીટરથી ઓછું ઊંડું પાણી રહે છે અને તેની દક્ષિણે તો એથી યે ઓછું, લગભગ અઢી મીટર જેટલું જ પાણી હોય છે. આથી શિંગાર શોલ ઉપરથી પસાર થવા માટે ભરતીની રાહ જોવી પડે છે, અને જ્યારે પાણીની સપાટી ચઢીને લગભગ દસેક મીટર જેટલી ઊંડાઈ થાય ત્યારે તેના પરથી વહાણો પસાર થઈ શકે છે. તુણા બોયા પાસે યે આટલી ઊંડાઈ છે. શિંગાર શોલની અગ્નિએ પાંચેક મીટર ઊંડું પાણી હોય છે તે યે ભરતી વખતે દસેક મીટરની ઊંડાઈ ધારણ કરે છે.

નવલખીની નાળ એકાદ કિલોમીટરથી સહેજ વધારે પહોળી અને લગભગ અઢી કિ.મી. લાંબી છે. અહીં છ થી દસ મીટર ઊંડાં પાણી રહે છે. લંગરસ્થાન કિનારાથી અઢી કિ.મી. જેટલું દૂર છે અને અહીં

છ ફૅધમ જેટલું પાણીનું ઊંડાણ સુલભ હોઈ પાંચથી નવ મીટરના ડ્રાફ્ટવાળી ચાર સ્ટીમરો ત્યાં નાંગરી શકે છે. સામાન્યતઃ ૨૦૦૦ થી ૧૨૦૦૦ ટનની સ્ટીમરો હંજસ્થળ ખાડીના દક્ષિણપૂર્વ ભાગ તરફ લંગર નાખે છે. (વધુમાં વધુ અહીં ૧૫,૩૦૦ ટનની ઇટાલિયન સ્ટીમર 'ટ્રિનિટી'એ લંગર નાખ્યાની નોંધ છે.) નવલખીની ખાડીનું તળ ચીકણા કાંપ સાથે ખડકાળ હોઇને લાંગરવા માટે અનુકૂળ છે. કારણ એ કાદવમાં લંગર ભેરવાઈ જવાથી ભરતીના વેગ સામે પણ તે ટકી રહીને છટકી જતું અટકે છે.

નવલખી બંદરને સુઈ અને વરસામેડી એમ બંને ખાડીઓનો લાભ મળે છે. નવલખીની દક્ષિણે આવેલી સુઈ ખાડીનું છથી સાત મીટરનું ઊંડાણ અને લગભગ સાડા છ કિ.મી.ની લંબાઈ વહાણોની અવરજવર માટે અનુકૂળ છે. જ્યારે વરસામેડી ખાડીમાં દોઢેક મીટર ઊંડાં પાણી કાયમ હોય છે ને આગળ જતાં તો પગે ચાલીને ઓળંગી શકાય એટલી એ છીછરી છે. સાડસડ બેટ અને દક્ષિણે તળ કિનારાની વચ્ચેની ખાડી ઉત્તર પૂર્વ તરફ છએક કિ.મી. સુધી લંબાએલી છે. એની અનેક ઉપશાખાઓવાળા આજુબાજુના લગભગ તેરેક કિ.મી.ના વિસ્તારમાં ફેલાએલા કાંપયુક્ત પ્રદેશમાં ઊંચી ભરતીનાં પાણી ચોવાણ કરે છે. આ કાંઠે ઊગતી તમરીઆ અને ચેર જેવી મૅંગ્રોવની ઝાડી લોકોના બળતણ અને ઢોરના ચારામાં વપરાય છે અને એથી કિનારા પાસેની દુર્ગંધ ઘટે છે.

સર વાઘજી ઠાકોરે લગભગ સાડા ચૌદ કિ.મી. લાંબી સડક બનાવીને નવલખીને લવણપુર સાથે જોડ્યું હતું. બંદર સુધીની આવનજાવનના આ લાભ ઉપરાંત, ૧૯૧૭થી '૨૭ સુધી વીરમગામની જકાતબારી બંધ રહેલી તેને લીધે આયાતી બંદર તરીકે નવલખીનો વિકાસ સરળ બનેલો. પરંતુ સન ૧૯૨૫ પછી ઓખા અને બેડીબંદર પણ વિકસતાં નવલખીનો જલવ્યવહાર આરંભમાં જે કરાચી તથા મધ્યપૂર્વના ઈરાન, અરબસ્તાન ને ઈરાક વગેરે દેશો સાથે હતો તેમાં ઓટ આવી. છતાં ૧૯૩૫માં નવલખીથી મોરબી સુધીની ૪૩·૩ કિ.મી. (૨૬ મા.) લાંબી નવી રેલવે શરૂ થતાં નવલખી મોરબી ઉપરાંત, વાંકાનેર, વઢવાણ, વીરમગામ, મહેસાણા, અમદાવાદ વગેરે શહેરો સાથે જોડાણ પામ્યુ, અને આ રીતે છેક દિલ્હી સુધીના મીટરગેજ રેલવેના જોડાણનો લાભ મળતાં તેના પીઠ-પ્રદેશ (હિન્ટરલૅન્ડ) ઉત્તર ગુજરાત, રાજસ્થાન, પંજાબ, દિલ્હી અને ઉત્તરપ્રદેશના પશ્ચિમ તરફના વિસ્તારો સુધી વિસ્તાર પામ્યો. કચ્છના અખાતમાં છેક અંદરના ભાગમાં તેનું સ્થાન હોઈ સૌરાષ્ટ્રના અન્ય બંદરો કરતાં ઉપર કહ્યા તે પ્રદેશોથી તેનું અંતર ઓછામાં ઓછું બની રહેતાં એ રીતે પણ તેનો વેપાર વિકસવાની તક મળી. આ દૃષ્ટિએ બેડી, ઓખા, પોરબંદર, ભાવનગર વગેરેનું અંતર નવલખી કરતાં વધારે છે. વીરમગામ, મહેસાણા, અમદાવાદ, દિલ્હી વગેરે સ્થળોએથી મુંબઈ બંદર નવલખી કરતાં ઘણું દૂર પડે, એ જ રીતે બેડી, ઓખા, ભાવનગર, પોરબંદર વગેરે બંદરો પણ. આમ રેલમાર્ગે નવલખી બંદરે નિકાસ માટેનો માલ મોકલવો તથા ત્યાંથી આયાત કરેલો માલ મંગાવવો એ રેલવે નૂરની દૃષ્ટિએ ઓછું ખર્ચાળ બને અને એથી માલના ભાવમાં પણ ફેર પડે. નવલખીના વિકાસમાં આ પણ એક કારણ બની રહેલું.

નવલખી બંદરે સુઈ ખાડી ઉપર એક હજાર ફૂટ લાંબી દીવાલ (ક્વે) છે. બંદરમાં ટગની મદદથી બજરા દ્વારા માલની હેરફેર થાય છે. અહીં એક લાંબો વ્હાર્ફ–ધક્કો પણ છે, અને પ્રવાસીઓની ચડઊતર માટે એક જેટી પણ. જો કે કંડલા-ઝુંડ રેલમાર્ગ થતાં હવે તેનો ઉપયોગ લગભગ બંધ છે. બીજી પંચવર્ષી યોજનામાં નવલખીમાં પાણીનો પુરવઠો વધારવા તથા ડૉકયાર્ડ સુધારવાનાં પગલાં લેવાયાં હતાં. નવલખીમાં બજરા અને વહાણોનાં સમારકામ માટે એક સૂકી ગોદી પણ છે. જ્યાં એક સાથે બે બજરાની મરામત થઈ શકે છે. મત્સ્યઉદ્યોગ માટેના મછવાઓ બાંધી રાખવાની પણ અહીં સગવડ છે.

જાપાનમાં ઓસાકા અને સૌરાષ્ટ્રમાં ભાવનગર એ બે બંદરોમાં ભરતી આવે ત્યારે પાણી ઘણાં ઊંચાં ચડે છે. આ પછી ત્રીજો ક્રમ નવલખી બંદરનો આવે છે. પૂનમ અને અમાસની ભરતી વખતે નવલખીમાં લગભગ આઠેક મીટર (૨૪ ફૂટ) જેટલાં પાણી ચડે છે; જ્યારે આઠમની ભરતીમાં સરાસરી છએક મીટર (૧૮ ફૂટ) પાણી ચડે છે. સુઈ ખાડીમાં ભરતીની ઊંચાઈ ૭·૭૭ મીટર (૨૫ ફૂટ ઉપર) ને ઓટ વખતે પાછા ફરતા પાણીનો વેગ ચાર નૉટ જેટલો હોય છે. વરસામેડી ખાડીમાં પણ ઓટના પાણીનો આટલો જ વેગ રહે છે, જ્યારે હંજસ્થળ ખાડીમાં એ વેગ ૭ નૉટ જેટલો રહે છે. આ વેગ વહાણ માટે જોખમી છે. પરંતુ કપૂર શોલ અને બેપ્ટિસ્ટા શોલ વચ્ચે કાંપનું પણ ધોવાણ થતાં ત્યાં સમુદ્રનું ઊંડાણ વધુ હોઈ નવલખીનો માર્ગ ટૂંકાયો છે. ઉનાળા અને ચોમાસાની સરખામણીમાં શિયાળામાં ભરતી અને ઓટ વચ્ચેનો તફાવત ઓછો રહે છે. વળી સુઇ ખાડી ઉપરના આડબંધના કારણે તેની પાસેના દરિયાની ઊંડાઈ વધવા સાથે કિનારાનું ધોવાણ અટક્યું છે. આમ, નવલખી બંદર માટે ભરતી એક આશીવાદ બનતાં એ સમયે તેની નાળમાં વધારે ડ્રાફ્ટવાળી સ્ટીમરો આવી શકે છે. અન્યત્ર સમુદ્રતળ કાંપથી પુરાતું હોય છે, જ્યારે અહીં ભરતીના વેગથી કાંઠાનો કાંપ દૂર ઘસડાઈ જઈ તળ ઊંડું બને છે. પરિણામે નવલખીની ખાડી આથી બમણી પહોળી બની ગઈ છે. નવલખીની નાળ અને પ્રવેશ પાસેના ખરાબાઓ, પાણીના ઝડપી પ્રવાહો તથા રેતીના ભાઠાંને કારણે ત્યાં પાયલોટ-સેવા અનિવાર્ય ખરી પણ તે સિવાય પહોળી ખાડીમાં તે ફરજિયાત નથી.

કચ્છના નાના રણની પાસે જ હોવાને કારણે નવલખીનું હવામાન પણ ઉનાળામાં ઊંચા ઉષ્ણતામાનવાળું તથા શિયાળામાં એવું જ ઠંડું હોય એ સ્વાભાવિક છે. ચોમાસામાં વરસાદના દિવસો બાવીસ આસપાસના અને ઓછા પ્રમાણમાં વરસાદવાળા ગણી શકાય. આથી થોડા દિવસો બાદ કરતાં લગભગ બારે માસ આ બંદર કામ આપી શકે છે.

નવલખી બંદર ઉપર વીજળી, તાર-ટપાલ અને તોફાન વખતે ભયસૂચક સિગ્નલિંગની વ્યવસ્થા છે, મીઠા પાણીની હેરફેર માટે એક, બે બીજા, ને માલની હેરફેર માટે ચૌદ જેટલા બજરાની સગવડ છે. ચાર ટગ અને એક લૉંચ, ત્રણ અને પાંચ ટન માલ ફેરવી શકે તેવી સાત ક્રેઈન, ૧૨,૨૯૦ ચો. મીટરનાં ૧૧ ગોડાઉનો અને ૧૪,૨૨૪ ચો.મી.ના દસ ટ્રાન્ઝિટ શેડની પણ વ્યવસ્થા છે.

વરસામેડી ખાડી ખાતે ત્રણ અને સુઈ ખાડી ખાતે બે ફ્લોંગની રેલવેલાઈન છે. બંદરથી લંગરસ્થાન ૨·૫ કિ. મી. જ દૂર હોઈ સ્ટીમર અને કાંઠા પરથી માલની હેરફેર સરળ અને ઝડપી બને છે. આ લંગરસ્થાન પાસે કાયમ દસેક મીટર ઊંડું પાણી રહે છે. નવલખીથી ૧૮ કિ. મી. દૂર દહીંસરના પાતાળ કૂવાથી પાઈપ લાઈન દ્વારા મીઠું પાણી આવે છે, અને દૂર ઊભેલી સ્ટીમરોને તેનો પુરવઠો પહોંચાડવા બજરાની સગવડ છે. આ બજરા માટે દરિયામાં દોઢ-બે મીટરનું ઊંડાણ બસ થઈ પડે છે. જ્યારે ટગ અને લૉંચ, જો માલવાહક જહાજને ખેંચતી ન હોય તો એકાદ મીટર ઊંડા પાણીમાં પણ હરીફરી શકે છે.

અગાઉ કંડલા-નવલખી વચ્ચે સરેરાશ દોઢેક લાખ મુસાફરોની અવરજવર રહેતી, પણ બીજી સગવડો વધતાં હાલમાં તેમાં ઘણી ઓટ આવી ગઈ છે. ઈ. ૧૯૧૨ પછી તો તે લગભગ બંધ છે તેમ જ કહી શકાય. કોસ્ટલ હાઇવે તથા રાજ્યના ધોરી માર્ગ વડે નવલખી મોરબી,

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૬)

‘આનંદશર્મન’ના
ચરિત્ર-નિબંધ

રતિયો ઘોડાગાડીવાળો

ચાંત્રિક વાહનોનો પ્રચાર વધ્યો તે પહેલાં ઐશ્વર્યનું પ્રતીક હતી ઘોડાગાડી. પ્રત્યેક સંપન્ન માણસ વાહન રૂપે ઘેર ઘોડાગાડી રાખતો. અમારી જોડેના ફળિયામાં એક શેઠ-ને ત્યાં ઘોડાગાડી હતી. એમનાં પુત્ર-પુત્રીઓ ઘોડાગાડીમાં બેસીને જ નિશાળે જતાં-આવતાં. દરરોજ એમને ઘોડાગાડીમાં જતાં જોઇ-ને મારું કુમારમાનસ ઘોડાગાડી ખરીદવાનું વિચારતું. સામાન્ય માણસ-ના દરરોજ આવા વિચારો જન્મતા રહે છે, અને મરતા રહે છે. કદાચ જન્મ-મરણના ફેરાની કલ્પના આ પરથી આવી હશે ! ઘોડાગાડી ખરી-દવાની કલ્પના તો ફળીભૂત નહોતી થઈ. પરંતુ ક્યારેક સ્ટેશન સુધી કે સ્ટેશથી ઘર સુધી ઘોડાગાડીની સવારી અચૂક કરી છે. મુંબઈથી મારાં માસા-માસી આવતાં અને ભાવનગર જતાં ત્યારે મારે જ ઘોડાગાડી લેવા જવાનું અને એમને સ્ટેશને વળાવવા જવાનું. ત્યારે ઘોડાગાડીમાં બેસવાનો લ્હાવો લેતો. ગામમાં ઘોડાગાડીવાળાઓની સંખ્યા ઠીકઠીક પરંતુ હું જઉં તો ઉસમાન કે રતિલાલની ઘોડાગાડી લઈ આવું. બધા જ ઘોડાગાડીવાળા સ્ટેશન કે ટાવર પાસે ઊભા રહેતા. એ બેમાંથી કોઈ ન હોય તો રાહ જોઉં કે કોઈકને પૂછીને એ જ્યાં વરધીએ ગયા હોય ત્યાં પહોંચી જઉં. એક પ્રકારની આસક્તિ હતી, એ બન્ને તરફ. રતિલાલ તરફ વિશેષ. એમાં ય જ્યારે એ અમારા મહોલ્લાની સામે રહેવા આવ્યો ત્યારે એ આસક્તિ દ્વિગુણિત થઈ. હવે એને જ અગાઉથી કહી દેવાનું રહેતું. ભૂલી જવાય તો સ્ટેશન પર કહી દેતો. અગાઉથી કહેવા સ્ટેશન કે ટાવર સુધી જવું નહોતું પડતું. સાથે એટલી ઘડી ઘોડાગાડી-માં બેસવાનો આનંદ પણ નહોતો મળતો.

રતિલાલનું આખું નામ તો ખબર નથી, પરંતુ એનું પ્રચલિત નામ હતું ‘રતિયો ઘોડાગાડીવાળો.’ એ જ માત્ર એક હિન્દુ ઘોડાગાડી-વાળો અમારા ગામમાં. બાકીના સહુ મુસલમાન. એ પણ એમની સાથે ભળી ગયો હતો, છતાં સ્વધર્મને એણે અક્ષય રાખ્યો હતો. બધા જ અર્થમાં એ હિન્દુ હતો. સહુનું હિત કરનારો-જોનારો હતો.

લાંબી ડોક, ઊંચી અને પાતળી દેહયષ્ટિ, માથે કાળી ટોપી, પહોળો લેંઘો અને લાંબું ખમીસ – બંને સફેદ, હસતો ચહેરો ને ચપળ આંખો એ રતિયાની ઓળખ. વર્ષો સુધી મનમાં વસેલું કે ઘોડાગાડીવાળો તો એવો જ હોવો જોઇએ. આવું વ્યક્તિત્વ ન હોય તેને ઘોડાગાડીવાળો માનવા મન તૈયાર જ થતું નહિ. કેવી પ્રીતિ ! હૃદયમાં સ્નેહ આમ જ ગોપિત રહેતો હશે !

રતિયાની જ્ઞાતિ તો આજે સ્મરણમાં નથી, પરંતુ વણિક જેવો તેનો વ્યવહાર. કશી જ ઍબ નહિ એને. ચાનો શૉખીન. હમેશાં સ્વચ્છ કપડાં જ પહેરે પાકો પ્રામાણિક. એની ઘોડાગાડી પણ સારી. પોતાના ઘોડાને એ ચેતક કહેતો. મહોલ્લા સામે રહેવા આવ્યો ત્યારે એની રીત-ભાતથી જ્ઞાત થવાયું. આમ તો કોઈક ડેલામાં એ ઘોડો અને ગાડી રાખતો અને વહેલી પરોઢે સ્ટેશન પર પહોંચી જતો. પરોઢથી દસ વાગ્યા સુધીમાં ભાગ્ય હોય ત્યારે પાંચ-સાત ફેરા મળી રહેતા. એની ગાડી અને સ્ફુર્તિલો ઘોડો જોઇને નવા આવેલા કે ગામનાં ઉતારુઓ તેમાં જ ઘર સુધી પહોંચવાની ઇચ્છા રાખતાં. વળી, તેનું વ્યક્તિત્વ જ એવું કે સહુ કોઇને એનું આકર્ષણ રહેતું. સાડા અગિયારથી બારની વચ્ચે એ ઘેર જમવા આવે. એ સમયે જ નિશાળમાં નાની રીસેસ પડતી એટલે હું ઘેર પાણી પીવા દોડી આવતો. ત્યારે રતિયો ઘોડાની કે ગાડીની માવજત કરતો જ હોય. મને એ જોવામાં આનંદ આવતો. તાકીતાકીને એની પ્રવૃત્તિ જોઈ રહેતો. ક્યારેક મને ઘોડાગાડીવાળો થવાનું મન થતું ! ક્યારેક એને જોવામાં નિશાળે મોડા પડાતું. જમીને રતિયો માંડ અરધોએક કલાક આરામ લઇને ફરી પાછો બપોરનાં ઉતારુઓને સ્વસ્થાને પહોંચાડવા સ્ટેશન પહોંચી જતો. ભારે મહેનતુ હતો રતિયો. બીડી સિવાય કોઈ આદત જ નહિ. ટાઢ, તડકો કે વરસતો વરસાદ હોય તો પણ સ્ટેશન પર જવાનું એ ચૂકતો નહિ. સહુને તેમના સ્થાને પહોંચાડવામાં એ પ્રવૃત્ત રહેતો. બીજા ઘોડાગાડીવાળા હોય કે ન હોય રતિયાની ઉપસ્થિતિ અચૂક હોય. ટ્રેન આવતાં પહેલાં કાં તો ઘોડાને ખવડાવતો હોય કે ગાડીમાં કશુંક કરતો હોય. મહેમાન લેવા હું સ્ટેશન પહોંચું કે તરત જ કહી દઉં : ‘રતિલાલ, મહેમાન આવવાના છે, હોને !’

‘સારુ બાબાભાઇ’ એનો ઉત્તર રહેતો. એ પછી કોઈ ઘરાક ગમે તેટલા પૈસા આપે તો પણ એની સવારી ન કરે. સ્ટેશનથી અમારુ ઘર દૂર નહિ છતાં ય દૂરનાં ઘરાક જતાં કરતાં એનું દિલ દુઃખાય નહિ. એક વાર ત્રણ ઘરાક જતાં કર્યાં પછી પણ અમારી સવારી ન મળી. પાછળ કોઈ ઉતારુ નહિ. મેં કહ્યુ : ‘રતિલાલ, લે આ બે રૂપિયા.’ ‘શેના ?’

‘મેં અગાઉથી કહી દીધું હતું ને !’

‘તે શું થયું ?’ આજે પ્રભુને કશું જ નહિ આપવું હોય.’ એટલું કહીને એ મને ઘર સુધી લઈ આવ્યો. આખા રસ્તે મને એની વૃત્તિના વિચારો આવતા રહ્યા. કેવી એની દાનત ! સાફ-સ્વચ્છ. એ હતો નેક-દિલ ઈન્સાન. ઉતારુ ગામનો હોય કે પરગામનો એના ભાવમાં બેઈમાની નહિ. ઈમાન એ જ એનો ધર્મ. પાકો માનવ, સાચો માનવ. ‘માનવી માનવ થાય તો ઘણું’ એ વાત એણે મનમાં અને વ્યવહારમાં ઉતારેલી. મારા પરિચિતોનો વ્યાપ તો ખાસ્સો છે, પરંતુ ઓછા માનવ ભાળ્યા છે આ જીવાતા જીવનમાં. માનવની વાત નીકળે ત્યારે આજે ય રતિયો અચૂક ઝબકી જાય છે મારા મનમાં.

રતિયો મૂળ કાઠિયાવાડનો. એ રસ્તા પર ઘોડાગાડી લઇને જતો હોય ત્યારે એના ઉચ્ચારોમાં એનું કાઠિયાવાડી રૂપ પ્રકટતું રહે મીઠા લહેકાથી એ ઘોડાને હંકારતો હોય તે સાંભળવાની મજા આવતી. હું જ્યારે પણ ઘોડાગાડીમાં બેસું ત્યારે આગળ એની જોડે જ બેસું. ચાબુક ફટકારવાની એની રીત, ઘોડા સાથેનો વાર્તાલાપ અને આવતા-જતા લોકોને માર્ગ આપવા માટેના સંબોધનો સાંભળવાનો એક અનેરો આનંદ હતો.

એનો અશ્વપ્રેમ ભારે બોલકો હતો. એક વાર સ્ટેશનથી ગાડીમાં બેઠા. ખાસ્સો સામાન હતો. એનો ચેતક સે’ય ખસે નહિ. એણે એકબે ચાબુક લગાવ્યા પણ ચસે તો ચેતક શાનો ? એ બોલ્યો : ‘કાં...કાં...’

ચેતક તો સાવ સ્થિર. એ ફરી બોલ્યો : ‘કાં આમ કરે ?’

તો ય ચેતક પર કશી જ અસર ન થઈ. એ વળી બોલ્યો : ‘ચલ બે નહિ મારું.’ પણ ચેતક હઠે ભરાયો હતો !

‘સાલો, ભારે રિસાળ છે !’ રતિયો બોલ્યો. હું જોતો જ રહ્યો. પછી રતિયો બેઠક પરથી ઊતરીને એની પાસે ગયો. ગળે હાથ મૂકીને એણે ચેતકના કાનમાં કશુંક કહ્યુ. મને ‘નળાખ્યાન’નો બાહુક સાંભરી આવ્યો. વળી એ બેઠક પર આવીને બેઠો. લગામ ખેંચી. મને થતું’તું કે આજે આ ઘોડો નહિ ખસે. પણ ચેતક ચાલ્યો. તે દિવસે મને એક સાથે અશ્વ-હઠ, અશ્વરીઝ અને અશ્વપ્રેમનું દર્શન થયું.

સાંજે ક્યારેક અખાડેથી ઘેર પાછા આવતાં રતિયો મળી જતો તો મને બેસાડી લેતો. ભાઈબંધોમાં વટ પડી જતો મારો. રતિયો પાકો સંતોષી. મળે તો આનંદ, ન મળે તો 'ભાગ્યમાં નહિ હોય' એમ પ્રતિભાવ આપતો. ક્યારે ય કોઈની ઈર્ષા નહિ. એને સુખી જોઇને મને 'I envy nobody, Nobody envies me' બોલતો પેલો મિલર યાદ આવી જતો. સજ્જન માણસ હમેશાં 'nobody envies me'-માં માનતા હોય છે, પરંતુ સતત કોઈક તો એમની ઈર્ષા કરતું જ હોય છે. ક્યારેક ઇશ્વર પણ માનવસહજ વૃત્તિથી પીડાતો હોય છે. આ ભલા આદમીના જીવનમાં પણ એ ઘડી આવી પહોંચી.

રતિયાનું સુખી જીવન એક દિવસ છિન્નભિન્ન થઈ ગયું. ચિત્ત ફરી ગયું. ગાંડો થઈ ગયો. 'કોઇકે કંઈ ખવડાવી દીધું છે' એવી અફવા ચાલતી'તી. કશું ય તથ્ય-સત્ય આજે પાસે નથી. માત્ર તેનાં વિવિધ તોફાનોની સ્મૃતિ. સ્વસ્થ માનવની અસ્વસ્થતા કેટલી માત્રાએ પહોંચી શકે તેનું દર્શન પામી શકાયું છે. કાલ સુધી સહુને સ્વસ્થાને પહોંચાડતો રતિયો હવે સ્વસ્થાને જ કેદ હતો. એને ઓરડામાં પૂરી રાખતા. ક્યારેક બારીમાંથી રસ્તા પર જતા લોકોને બોલાવતો. ક્યારેક અનહદ તોફાન કરતો. ગાંડપણ ઘર કરી બેઠું'તું. મન હિલ્લોળા લેતું'તું. છતાં ય ક્યાંય જીવનની નિમ્નતા ભાળી શકાતી નહોતી. તોફાન પછી ભજન ગાતો કે 'શ્રી રામ જેરામ જે જે રામ'ની ધૂન બોલતો ચિત્તની અસ્વસ્થતામાં પણ મન પવિત્ર હતું. દુસ્ વિચાર એને સ્પર્શી શક્યો નહોતો. આમ તો ગાંડપણમાં માણસનું—એના મનનું સાચું રૂપ-સ્વરૂપ પામી શકાય છે. રતિયાનું સાચું રૂપ-સ્વરૂપ હતું ઉચ્ચ વિચારોથી ભરપૂર. એમાં ક્યાંય ઈતર રૂપ પ્રવેશી શક્યું નહોતું. ક્યારેક તોફાન પછી રોતો'તો. મન હળવું કરતો હશે! એને રોતો જોતો ત્યારે એનું સ્મિત સાંભળી આવતું. એની અશ્વપ્રીતિ નજર સામે તરવરતી. લાગતું

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૬)

અનુસંધાન] **નવલખી** [પૃષ્ઠ ૧૯૪

રાજકોટ, જામનગર વગેરે જેવાં સૌરાષ્ટ્રનાં અનેક પ્રમુખ શહેરો સાથે સંકળાએલું છે. વહાણોની અવરજવરની સલામતી માટે તુણા અને નવલખીની દીવાદાંડીઓ ઉપરાંત દોઢ માઈલના અંતરે એવાં છ બોયાં માર્ગદર્શક બની રહે છે.

સ્વાતંત્ર્ય પૂર્વે ગુજરાતમાં ઉદ્યોગોનો ખાસ વિકાસ થયો નહોતો, પણ તેને પ્રોત્સાહન આપવાની દેશી રાજ્યોની નીતિ હતી. આથી મોરબીમાં પૉટરી અને કાચનો સામાન બનાવવાનું કારખાનું તથા મિલની સ્થાપના થઈ હતી. પરંતુ રાજ્યને જકાતની આવક પણ મળે એ હેતુથી ઘણો તૈયાર માલ આયાત પણ થતો. મળતા આંકડા પ્રમાણે ઈ. ૧૯૩૧ થી '૩૪ દરમિયાન ૨૦ લાખ રૂપિયાના માલની આયાત થઈ હતી. ઈ. ૧૯૩૮-'૩૯માં ૫,૯૪,૭૧૨ રૂપિયાનો માલ નિકાસ થયો હતો. આઝાદી પૂર્વે મેંગ્લોરથી ઇમારતી લાકડું ને ખજૂર, મલબારથી નાળિયેર અને વિલાયતી નળિયાં, મુંબઈ ને ઈરાની અખાતના દેશોમાંથી પેટ્રોલિયમની પેદાશો, તથા લોખંડ, પોલાદનો સામાન, સોપારી, મસાલા, સ્ટાર્ચ, અળસીનું તેલ, સિમેન્ટ, કૃત્રિમ રેશમી કાપડ, રંગ, રસાયણો અને અન્ય પરચૂરણ વસ્તુઓની આયાત થતી હતી. જ્યારે કપાસ, રાજસ્થાનનું ઊન, મીઠું, તેલીબિયાં, ચીની માટીનાં વાસણો, કૉટન વેસ્ટ, હાડકાંનો ભૂકો, કાચનો સામાન વગેરે નિકાસ થતાં. બીજા વિશ્વયુદ્ધને કારણે તે કાળમાં નવલખીનો પરદેશ સાથેનો વેપાર બંધ થઈ ગયો હતો.

પણ ઈ. ૧૯૪૭ પછી લવણપુર અને નવલખીમાં મીઠાનો ઉદ્યોગ વિકસ્યો. ઘડિયાળો ને વિલાયતી નળિયાંનો ઉદ્યોગ પણ વિકાસ પામ્યો અને તેલીબિયાંની પેદાશ વધતાં ખોળ, તેલ વગેરેની નિકાસ વધી. દેશમાં અનાજની ખેંચ થતાં અમેરિકા, ઑસ્ટ્રેલિયા ને પૂર્વ યુરોપના દેશામાંથી અનાજ અને રાસાયણિક ખાતરની આયાત વધી. જો કે હાલમાં બંધ છે પણ તે પહેલાં અહીંથી જાપાન, બર્મા ને કોરિયામાં મીઠાની નિકાસ બંધ છે, પરંતુ હજી પશ્ચિમ બંગાળમાં તે મોકલાય છે. તેલ વગેરે મધ્યપૂર્વ અને પૂર્વ યુરોપના દેશોમાં જાય છે. રેલવે દ્વારા બિહાર-બંગાળથી કોલસો લાવવાની મુશ્કેલીને કારણે જલમાર્ગે તેની આયાત વધી તેમાં નવલખીને પણ તેનો લાભ મળ્યો હતો. અને હજી તે જારી છે. જ્યારે અવારનવાર ખોળ, તેલીબિયાં, ચીની માટીનાં વાસણો, ટાર વગેરેની નિકાસ થતી રહે છે.

આમ, બાહ્ય અને આંતરિક સંજોગાનુસાર નવલખી બંદરની આયાતનિકાસના આંકડામાં ચડઊતર દેખાતી રહી છે, જેમાં ઈ. ૧૯૭૫-'૭૬ દરમિયાન ૩,૦૩,૯૨૧ ટનનો આંકડો નોંધપાત્ર છે, જે એ સાલ સુધીમાં અભૂતપૂર્વ હતો. ત્યાર બાદ ૬૪ ટકા જેટલા ઘટાડા પછી '૭૭-'૬૮ સુધી તે ઉત્તરોત્તર ઘટતો જઈ '૭૮ થી '૮૩ દરમિયાન તેમાં થોડો વધારો દેખાયો હતો. ત્યારે સરેરાશ આયાત ૨,૩૭,૯૪૦ ટનની અને નિકાસ ૨૦૨૨ ટનની રહી હતી. દરમિયાન '૮૧-'૮૨માં નવલખીની આયાતનિકાસ ૩,૧૫,૭૯૧ ટન સુધી પહોંચી '૭૫-'૭૬ના આંકને વળોટી ગઈ હતી. કોલસાની આયાત બંધ થતાં હાલ કાંઠાનો વેપાર નહિવત્ છે. આયાતનિકાસની દૃષ્ટિએ બેડી, ભાવનગર, પોરબંદર અને વેરાવળ પછી નવલખીનું સ્થાન આવે છે. આમાં ક્યારેક સિક્કા-બંદર નવલખી કરતાં આગળ નીકળી જાય છે.

ઈ. ૧૯૭૮ થી '૮૩ દરમિયાન નવલખી બંદરે મીઠાની નિકાસ દ્વારા સરેરાસ ૨૨.૬ લાખ રૂપિયાનું હૂંડિયામણ કમાવી આપ્યું હતું.

મધ્યકક્ષાનાં અગિયાર બંદરોમાં ઉપરોક્ત વર્ષો દરમિયાન નવલખીનું સ્થાન છઠ્ઠાથી દસમા ક્રમે રહ્યું હતું, જેમાં સરેરાશ આવક ૮,૫૮,૧૬૬ રૂપિયાની રહી હતી.

આરંભમાં તો નવલખી બંદરે વહાણોની અવરજવર રહેતી, પણ પછી સ્ટીમરોની આવજા વિશેષ રહેવા લાગી. ૧૯૬૧ થી '૬૯ના નવ વર્ષ દરમિયાન કુલ ૨૪૩ સ્ટીમરો એટલે કે સરેરાશ ૨૭ સ્ટીમરો આવી આવી હતી. પછી '૭૬-'૭૭માં એ આંક ઘટીને ૧૨નો થઈ ગયો. જે આ બંદરે થતી આયાતનિકાસમાં ૬૪ ટકા ઘટાડાને કારણે હતો. પછી ફરી વહાણોની આવજા વધી. ઈ. ૧૯૭૬ થી '૮૩ દરમિયાન દર વર્ષે સરેરાશ ૯૭૩ ટન જેટલી નિકાસ આ વહાણો દ્વારા થઈ. '૭૬-'૭૭માં તો માત્ર પાંચ જ વહાણો આવેલાં પણ '૮૨-'૮૩માં તેમની સંખ્યા ૧૬ સુધી પહોંચી. માલની હેરફેરનાં યાંત્રિક સાધનોના અભાવે જાપાન જતા મીઠાની નિકાસ બંધ થઈ, પણ '૭૩-'૭૪માં જાપાનમાં ખોળની નિકાસ થઈ હતી. જ્યારે યુ.એસ.એ., રશિયા, જાપાન, ઈરાની અખાત અને પૂર્વ યુરોપના દેશોમાંથી રાસાયણિક ખાતર આવ્યું હતું, ને કલકત્તાથી કોલસો.

આમ, નવલખી બંદરની છેલ્લા દસકા દરમિયાનની આયાત-નિકાસ બે લાખ ટનની આસપાસ રહી છે. કંડલા, સલાયા, સિક્કા અને બેડી જેવાં બંદરોને લીધે નવલખીનો વિકાસ થંભી ગયો છે, અને હાલમાં એ માત્ર આયાતી બંદર રહ્યું છે. મત્સ્યઉદ્યોગ અને વહાણ બાંધવાના ઉદ્યોગનો જો અહીં વિકાસ થાય તો આ બંદર હજી વિકસી શકે તેમ છે. મીઠાનું ઉત્પાદન વધારીને તથા રસાયણ ઉદ્યોગ સ્થાપીને પણ નવલખી બંદરને વિકસાવી શકાય તેમ છે. □



ગારફીલ્ડ (ગેરી) સેન્ટ ઑબ્રન સોબર્સ

ટેસ્ટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ-૬

ભરત ના. ભટ્ટ

સ્થળ કેન્સિંગ્ટન ઓવલ, બ્રિજટાઉન, બારબેડોસ. મે ૧૯૫૫-ના એ દિવસે વેસ્ટ ઇન્ડિઝને દાવ લેવાનો છે. સુકાની અને ઓપનર સ્ટૉલમેયર ઈજાને કારણે બાકાત છે. અવેજી સુકાની એટ્કિન્સન એક યુવાનને જે. કે. હૉલ્ટની સાથે ઓપનિંગમાં મોકલે છે. સામે છે ઑસ્ટ્રેલિયાનો ૬૬૮નો જુમલો અને જગતના શ્રેષ્ઠ ઓપનિંગ બોલરો – લિંડવૉલ અને મિલરની વેધક બોલિંગ. લિંડવૉલની પ્રથમ ઓવર મેઈડન – હૉલ્ટ સામે. મિલરની પ્રથમ ઓવરમાં જ એ યુવાને ચાર ચોગ્ગા ફટકાર્યા, અને તે પછી યે એ જ રફતાર ચાલુ રહી. કુલ ૧૫ મિનિટમાં ૧૦ ચોગ્ગા સાથે એ યુવાનના ૪૩ રન! પૂરા ૧૯ વર્ષ થયાં નહોતાં અને પોતાની ચોથી ટેસ્ટમાં જ એ રમતો હતો. નામ એનું ગેરી સોબર્સ. વર્ષો પછી નોર્મન પ્રિસ્ટને સોબર્સ વિશે લખેલું વાક્ય 'Sobers is essentially a cricketer for big occassion. The toughter the struggle the more he enjoys it' આમ, ૧૯ મે વર્ષે જ સાબિત કરેલું. આ પ્રસંગ વિશે પછી મિલરે જ લખેલું. That one inning set Sobers alight as a batting wizard.'

ગારફિલ્ડ (ગેરી) સેન્ટ ઑબ્રન સોબર્સ એ તેનું પૂરું નામ. ૨૮ જુલાઈ ૧૯૩૬ના રોજ વેસ્ટ ઇન્ડિઝના નાનકડા બારબેડોસ ટાપુ પર સેન્ટ માઈકલ ખાતે વહેલી સવારે એક લકડિયા મકાનમાં એનો જન્મ થયેલો. છ ભાંડુંમાં ગેરી પાંચમો. પિતા શેમોન્ટ સોબર્સ ધંધાદારી વહાણવટી, ગેરી ૭ વર્ષના હતા ત્યારે એમણે જળસમાધિ લીધી. વિધવા થેલ્મા સોબર્સની માથે બેવડી જવાબદારી આવી પડી, પણ હૂંફ અને દૃઢતાની પ્રતિમા સમી એ વિધવા માતાનો ફાળો સોબર્સના ઘડતરમાં અમૂલ્ય છે.

ગેરીને નાનપણથી ક્રિકેટનો શૉખ. તેના ભાઈઓ અને જરૂર પડે તો બે બહેનો પણ ફીલ્ડિંગ ભરવા આવી જાય. ધોકા જેવું કોઈ સાધન બૅટનું અભિધાન પામે, ને ગાભા–દોરી જેવાંમાંથી દડો જન્મ લે. શેરી કે સાગર કિનારાની ખાલી જગ્યા પર 'ટેસ્ટ' આરંભાય. ગેરી જ્યારે કિશોર હતો ત્યારે, કહે છે કે, માતાએ તેને ડાબેરી ન થવા ખૂબ કહેલું; સદ્નસીબ ક્રિકેટ-જગતનું કે તેમાં માતાનો આગ્રહ ફળ્યો નહિ.

કેટલાક મહાન ક્રિકેટરોની માફક તાલીમ વગર જ ઘડાયેલા સોબર્સને આરંભમાં પડોશી વડીલ ગૉર્ડન કમ્બરબેચ (જેને તેઓ 'દાદા' કહેતા તે)ની હૂંફ મળી.

આ ત્યારે વેસ્ટ ઇન્ડિઝમાં કિશોરો–કુમારોમાં, સ્મૉલ-બૉલ અને સૉફ્ટબૉલ એ બે પ્રકારનું ક્રિકેટ રમાતું. આમાંથી સૉફ્ટબૉલ (ટેનિસ-બૉલ) વાળી રમતે સોબર્સને ઘડ્યા. આ પ્રકારની રમતમાં નાની-નાની ટીમો સામસામે મૅચ લેતી, જેમાં કિશોર સોબર્સ ઝળકવા લાગ્યા.

લગભગ છ કે સાત વર્ષની વયે તેઓ બે સ્ટ્રીટ પ્રાથમિકશાળામાં જોડાયા ને ત્યાં તેઓ અને તેમના મોટા ભાઈ ઝળકવા લાગ્યા. અહીં રમતના શિક્ષક એવર્ટન બૅરોએ આ કિશોરોમાં રસ લઈ તેમને પ્રોત્સાહન આપ્યું. સોબર્સના મોટા ભાઈ તો શાળાની ટીમના સુકાની બન્યા.

પ્રાથમિક શિક્ષણ ચાલતું હતું ત્યારે, ને એ છોડ્યાના અરસામાં, લગભગ તેર વર્ષની વય આસપાસ ગેરી સોબર્સ ફર્નિચર બનાવતી એક વર્કશૉપમાં જવા લાગ્યા. તેનો માલિક એલ. ડૅનિયલ ફૂટબૉલ અને ક્રિકેટનો શૉખીન હતો. તેને સોબર્સમાં રસ પડ્યો ને પોતે જે ફૂટબૉલ ટીમમાં હતો તેમાં તેને ગોલકીપર તરીકે રમાડ્યા. પણ આ વર્કશૉપનું આકર્ષણ સોબર્સ માટે જુદા જ કારણે હતું. સોબર્સની આદર્શમૂર્તિ હવે પ્રસિદ્ધ વેસ્ટ ઇન્ડિયન બૅટ્સમૅન ઈ. ડી. વિક્સ હતા. તેમને હવે તો વિક્સ બનવું હતું. જો કે આ વર્કશૉપમાંથી તેને ખિસ્સા-ખર્ચી મળી રહેતી પણ મહત્ત્વની વાત એ હતી કે અહીં કામ કરતા છોકરાઓ થાકતા ત્યારે તેમને નજીકની વૉન્ડરર્સ ક્લબના ક્રિકેટના મેદાનમાં રમવા જવાનું મળતું. આ રમતનું તેમને આકર્ષણ હતું. આ વૉન્ડરર્સ ક્લબ ગોરાઓની હતી, અને બારબેડોસ ક્રિકેટ એસોસી-એશનની એ સભ્ય હતી.

આ સમયમાં વેસ્ટ ઇન્ડિઝમાં હજી ગોરા–કાળાનો ભેદ તીવ્ર હતો એટલે ક્લબમાં રમવાની તકનો પ્રશ્ન જ નહોતો, પણ એ મેદાનનો લાભ જ મહત્ત્વનો હતો. બન્યું એવું કે ગેરી અહીં રમતા હતા ત્યારે આ મેદાનના સાચવનાર–તૈયાર કરનાર બ્રિગ્સ ગ્રેન્ડીસનનું સોબર્સ તરફ ધ્યાન ગયું. તેઓ પોતે ક્રિકેટના રસિયા હતા અને કાળા હોવાથી બીજી સ્થાનિક ક્રિકેટ ક્લબ 'બે લૅન્ડ' તરફથી રમતા હતા. ધીરેધીરે શક્તિનો પરિચય થતાં વૉન્ડરર્સ ક્લબના ગોરા ખેલાડીઓ સામે નેટ પ્રૅક્ટિસ વખતે પણ સોબર્સને બોલિંગની તક મળી. આ જ ખેલાડી-ઓમાંના એક તે ડી. એટ્કિન્સન–પ્રથમ પ્રસંગમાં જ ઉલ્લેખિત સુકાની.

ઈ. ૧૩૩૭થી બારબેડોસમાં લીગ મૅચો રમાવા લાગેલી. બે લૅન્ડ ક્લબની આવી એક મૅચ કેન્ટ નામની કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ ટીમ સામે ગોઠવાયેલી. સોબર્સ હજી નાના એટલે તેમને મૅચમાં લેવાની ગ્રેન્ડી-સનની ગણતરી નહીં, પરંતુ મૅચની જ સવારે બે સભ્યો ઓછા પડ્યા ને સોબર્સને બે લૅન્ડ ક્લબ તરફથી રમવાનું મળ્યું. આમ, પહેલી વાર સોબર્સને મોટા સાથે રમવાની તક મળી. અહીં સામેની ટીમના સુકાની ગાર્નેટ સોબર્સના સત્ત્વને પારખી ગયા ને પછી તો એ કુશળ અને વગવાળા સજ્જને સોબર્સનાં માતાને સમજાવી અને બહારગામ કેન્ટની ટીમમાં રમવાનું ગોઠવ્યું. આમ, 'જવનિકાનું છેદન' થયું જેનો યશ ગાર્નેટને ઘટે છે, પણ તેમણે તો નમ્રતાથી કહ્યુ છે, 'The candle was there, all I needed to do was to strike the match', ઈ. ૧૯૫૦ની એ સાલ.



બેટ્સમૅન ગેરી સોબર્સ

ઈ. ૧૯૫૨ની એક સાંજે બારબેડોસના પોલીસ અધિકારી – વિલફ્રેડ ફાર્મર વૉન્ડરર્સના મેદાન પાસેથી પસાર થતા હતા ત્યારે તેમણે સોબર્સને રમતા જોયા. તપાસ, અભિપ્રાયને અંતે તેમણે સોબર્સને પોલીસ બૅન્ડમાં જોડાવા સૂચવ્યું. સોબર્સ સંગીતનો કક્કો પણ નહોતા જાણતા, પરંતુ હેતુ સોબર્સને પોલીસ ટીમ વતી રમતા કરવાનો હતો. એક સપ્તાહમાં જ એ હેતુ સિદ્ધ થયો અને સોબર્સ પોલીસ ટીમ વતી રમવા લાગ્યા. આ ટીમ વતી વૉન્ડરર્સ ક્લબ સામે તેમણે ૧૧૩ રન કર્યા જે તેમની પ્રથમ સદી ગણાય. બીજી એક સબળ ટીમ સામે પણ તેમણે સદી નોંધાવી તથા ૯ વિકેટો યે લીધી. હેરિસન કૉલેજ સામે તેમણે ૨૦૦ રન કર્યા. ૧૬ વર્ષના અને હવે ૬ ફૂટ ઊંચા સોબર્સ આખા દ્વીપમાં શ્રેષ્ઠ ઑલ-રાઉન્ડર ગણાવા લાગ્યા.

ઈ. ૧૯૫૩માં પ્રવાસે આવેલી હજારેની ભારતીય ટીમ સામે બારબેડોસની ટીમમાં સોબર્સ ૧૨મા ખેલાડી હતા પણ ઝડપી બૉલર કિંગને ટેસ્ટ માટે આરામ આપવા સોબર્સને ડાબેરી સ્પિનર તરીકે લીધા. માત્ર ૧૭ વર્ષની વયે, ભારતીય ટેસ્ટ ટીમ સામે તેમણે ૫૦ રનમાં ૪ અને ૯૨ રનમાં ૩ વિકેટો લીધી.

ઈ. ૧૯૫૪માં ઇંગ્લૅન્ડ વેસ્ટ ઇન્ડિઝ આવ્યું ત્યારે કિંગ્સ્ટન ખાતેની છેલ્લી ટેસ્ટમાં વેલેન્ટાઈનને ઈજા થવાથી તેમની જગ્યાએ ડાબેરી સ્પિનર તરીકે સોબર્સ લેવાયા ત્યારે તેમની બૅટિંગની ગુંજાઇશની કોને કલ્પના હશે!

સત્તર વર્ષની વયે પોતાની પ્રથમ ટેસ્ટમાં તેમણે ૭૫ રનમાં ૪ વિકેટ લીધી અને ૨૬ અને ૧૪ રન કર્યા. જેઓ ભવિષ્યમાં સોબર્સનું જીવનચરિત્ર 'સર ગેરી' લખવાના હતા તે ઑલ-રાઉન્ડર ટ્રેવર બેઈલી સોબર્સનો પ્રથમ ટેસ્ટ-શિકાર બનેલા. આ ટેસ્ટમાં સોબર્સને રમતા જોઈ પ્રસિદ્ધ ક્રિકેટ-સમીક્ષક સ્વેન્ટને લખેલું 'We are sure to hear more of this young man in the years to come outside the West Indies.'

ઈ. ૧૯૫૫માં ઑસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટથી આરંભીને ૧૯૭૨ની ન્યૂઝીલૅન્ડ સામેની પાંચમી ટેસ્ટ સુધી, એમ ૧૭ વર્ષ, તેઓ એકધારા ૮૫ ટેસ્ટ રમ્યા. ન પડતા મુકાયા કે ન 'અનફિટ' થયા તેવી તેમની યોગ્યતા અને તંદુરસ્તી.

ઈ. ૧૯૫૭નો ઈંગ્લૅન્ડનો પ્રવાસ સમગ્ર વેસ્ટ ઇન્ડિઝ ટીમ માટે નબળો રહ્યો, પણ કાઉન્ટી મૅચોમાં સોબર્સે સારો દેખાવ કર્યો ને તેમની શક્તિ પારખી રડક્લિફે તેમને લૅંકેશાયર લીગમાં લેવાનું વિચાર્યું, જ્યાં તેઓ પાંચ વર્ષ રમ્યા. સોબર્સના વ્યક્તિત્વનો ખરો ઉદય ૧૯૫૮માં પાકિસ્તાન સામેની ગૃહશ્રેણીમાં થયો. આ સીરીઝની ત્રીજી ને પોતાની ૧૭મી ટેસ્ટમાં સોબર્સે પોતાની પ્રથમ ટેસ્ટ સદી નોંધાવીને એક ચમત્કાર જ સર્જ્યો. આ સદી એટલે જ તેમણે ૩૬૫ રનનો સ્થાપેલો વિશ્વવિક્રમ–માત્ર ૬૦૮ મિનિટમાં ૩૮ ચોગ્ગા સાથે. આ જ સીરીઝમાં બીજી બે સદીઓ સાથે તેમણે કુલ ૮૨૪ રન કર્યા અને બૅટ્સમૅન સોબર્સનો જન્મ થયો. પછી તો ૧૯૫૮–'૫૯માં ભારત સામે ત્રણ સદીઓ ને ૧૯૬૦માં ઈંગ્લૅન્ડ સામે ત્રણ સદીઓ નોંધાવી. સ્પિનર તરીકેની એમની કામગીરી તો જાણે હવે મેડે ચડી ગઈ!

ઈ. ૧૯૬૦–'૬૧ની ઑસ્ટ્રેલિયન સીરીઝ પણ એવી જ યશસ્વી રહી. બ્રિસબેન ખાતેની પ્રથમ 'ટાઈ' ટેસ્ટમાં તેમણે માત્ર ૧૭૪ મિનિટમાં જે ૧૩૨ રન કર્યા છે! ૨૧ ચોગ્ગા સાથેનો આ દાવ જોઇને ખુદ બ્રૅડમૅન ખુશીથી ભાવવિભોર થઈ ગયેલા, અને જાણીતા ક્રિકેટ-સમીક્ષક સ્વ. જૅક ફિંગ્લટને તો લખ્યું, 'It is not easy to decide which innings is the greatest one has seen... Yet I concider myself fortunate to have seen this one from Sobers.'

આ વખતે તેમણે બ્રૅડમૅનનું મન જીતી લીધું અને બ્રૅડમૅનના આગ્રહ અને પ્રયત્નથી દક્ષિણ ઑસ્ટ્રેલિયા વતી શેફીલ્ડ શીલ્ડ રમવા માટે સોબર્સને રોકવામાં આવ્યા. અહીં ઉપરાઉપરી બે વર્ષ તેમણે ૧૦૦૦ રન અને ૫૦ વિકેટો લેવાનો ઑસ્ટ્રેલિયન વિક્રમ સ્થાપ્યો જે આજ સુધી તેમના ખિસ્સામાં અકબંધ છે. સ્વેન્ટન માને છે કે 'સોબર્સની તેજસ્વિતા અને ગુંજાઈશને મહાનતામાં પલટવાનું કામ દક્ષિણ ઑસ્ટ્રેલિયા સાથેના તેમનાં ત્રણ વર્ષના કરારે કર્યું છે.' ૧૯૬૦–'૬૧ની ઑસ્ટ્રેલિયન ટૂરથી આરંભીને ૧૯૬૮–'૬૯ ની ઑસ્ટ્રેલિયન ટૂરના ગાળાને હું તેમનો ઑલ-રાઉન્ડર તરીકેનો શ્રેષ્ઠ ગાળો ગણું છું. આ ગાળામાં તેમણે ૩૮ ટેસ્ટમાં ૩૬૩૪ રન કર્યા ને ૧૩૫ વિકેટો લીધી.

ટેસ્ટ-પ્રવેશ પછી આરંભમાં જ્હૉન ગૉડાર્ડ અને પછી એવર્ટન વિક્સ તેમના માર્ગદર્શક હતા. ૧૯૬૦–'૬૧ થી એ સ્થાન વૉરેલે લીધું અને ૧૯૬૫માં સોબર્સ વૉરેલ પછી વેસ્ટ ઇન્ડિઝના નિર્વિવાદ સુકાની બન્યા. બોણીમાં જ તેમણે વેસ્ટ ઇન્ડિઝને ઑસ્ટ્રેલિયા ઉપર શ્રેણીવિજયની ભેટ આપી.

આ પછીની ચારેક સીરીઝમાં પણ તેમણે અદ્ભુત ફૉર્મ બતાવ્યું ને ૧૯૭૦માં તેમને વિશ્વટીમનું સુકાનીપદ સોંપાયું. ૧૯૭૧–'૭૨માં ઑસ્ટ્રેલિયા સામે ફરી વિશ્વટીમનું સુકાનીપદ તેમને સોંપાયું. અહીં એક 'ટેસ્ટ'માં પોતાની ટીમને હારમાંથી બચાવવા તેમણે એકલે હાથે બૅટિંગની જે અદ્ભુત કલા બતાવી છે! ખતરનાક બનેલા લીલી (ત્યારે માત્ર ૨૨ વર્ષના) સામે તેઓએ ૨૫૪ રન ફટકારેલા. માત્ર ૩૭૬ મિ-

નિટમાં ને ૩૨૪ બૉલ રમીને – ૩૩ ચોગ્ગા અને બે છગ્ગા સાથે-કરેલા. તેઓ ૧૪૬ના જુમલે ચોથા આવેલા ને ૫૦૫ના જુમલે આઠમા આઉટ થયેલા ! સોબર્સનું આ બૅટિંગ 'મહાકાવ્ય' નિહાળીને બ્રૅડમૅને કહેલું, "The people who saw Sobers have enjoyed one of the historic events of cricket.'

ઈ. ૧૯૭૩માં સુકાનીપદ છોડી ૧૯૭૪ સુધી તેઓ ટેસ્ટમાં રમ્યા. ૧૯૭૫ના જાન્યુઆરીમાં બ્રિટનનાં મહારાણીએ 'સર'નો ઇલ્કાબ આપી તેમનું બહુમાન કર્યું. આ પછી તેમને ઘૂંટણનું ઑપરેશન કરાવવું પડ્યું ને ક્રિકેટ રમતમાંની તેઓ નીકળી ગયા.

સોબર્સની ક્રિકેટ કારકિર્દીને આવા દૃષ્ટિકોણથી પણ જોઈ શકાય કે, તેઓ વેસ્ટઇન્ડીસની ટીમમાં અવેજી તરીકે આવ્યા ત્યારથી તે ઑસ્ટ્રેલિયા સામે અવેજીમાં ઑપનિંગ કર્યું ત્યાં સુધી બધે નસીબે જ તેમનાં દ્વારો ખોલી આપ્યાં છે. આમ, નસીબથી મળેલી તકો થકી આરંભાયેલી એમની આ બે બાબતો સામેથી મળે તેવી રીતે સમાપ્ત થાય છે : એક તો ક્રિકેટ ઇતિહાસના સર્વશ્રેષ્ઠ ઑલ-રાઉન્ડરનું બિરુદ અને બીજું 'સર'નો ખિતાબ.

વૉરેલ જતાં જેમણે સોબર્સના વડીલનું સ્થાન લીધું છે તેવા બ્રૅડમૅને કહ્યું છે તેમ સોબર્સ, 'The five-in-one cricketer' છે. તેમનાં આ પાંચ પાસાં એટલે અસામાન્ય બૅટ્સમૅન, ત્રિવિધ બોલર અને અદ્વિતીય ફીલ્ડર. આર્લોટ લખે છે, He is most gifted versatile player game has ever known.'

બૅટ્સમૅન તરીકે સોબર્સ ડાબેરીઓમાં સર્વોત્તમ અને કેવળ પોતાના બૅટિંગ થકી જ વિશ્વટીમમાં પ્રવેશાધિકારી બનેલા.

તીક્ષ્ણ નજર, પ્રવાહી ને લયબદ્ધ ફૂટવર્ક, અસામાન્ય તાકાત અને વિશુદ્ધ 'ટાઇમિંગ.' કોઈ પણ શૉટ માટેની તૈયારીમાં એવા ત્વરિત કે નિરાંત અને નચિંતતાથી દડાની રાહ જોઈ શકે. એકાગ્રતાની ક્ષમતા પૂરેપૂરી, પણ તેની ભાગ્યે જ જરૂર પડે. કોઈ પણ જાતની ખાસ તૈયારી વગર પહાડ શા અડગ કે ઝંઝાવાત જેવા આક્રમક બની શકે તેવા જન્મજાત બૅટ્સમૅન. મૂળે ડાબેરી આક્રમક બૅટ્સમૅન. પડછંદ બાંધાના, મજબૂત સ્કંધ-કાંડા, ચપળ અને સાબુત પગ અને અસીમ તાકાત. જેવી શારીરિક સમૃદ્ધિ તેવી જ માનસિક સજ્જતા-સંપૂર્ણ નિર્ભીક, સાહજિક અને ખેલદિલ. ૧૦-૧૫ મિનિટ ક્રીઝ પર કાઢ્યા પછી ફૂલટૉસ ને બમ્પર બંને તેમને માટે સરખા. માત્ર એક વાર, એક સામાન્ય બોલરની બોલિંગ સામે તેમને નજીવી ઈજા થયેલી. બૅટનો જ ઉપયોગ–બમ્પરમાં નમે તો એ સોબર્સ નહિ.

એક વાર એક ટેસ્ટમાં, હૉલના બમ્પર મારાના વળતા જવાબ રૂપે ડ્રુમેને બમ્પર ફેંકવા માંડ્યા. સોબર્સે એક ઓવરમાં, ત્રણ બમ્પરમાં ૬, ૪, ૪ રન કર્યા ને બમ્પર ગાયબ ! ૧૯૬૮થી ત્રણ વર્ષ માટે તેઓ નૉટિંગહામશાયર કાઉન્ટીમાં સુકાની બન્યા. આ સીઝનમાં જ પોતાની કાઉન્ટી વતી ગ્લેમોર્ગન સામે રમતાં માલ્કમ નાશની છ બૉલની ઓવરમાં છ છગ્ગા મારેલા. આ વિક્રમ જ નહિ, દંતકથા સર્જનાર સોબર્સ પાસે તાકાત અને ટાઇમિંગની સંવાદિતા કેવી અલૌકિક હશે ! આ ઓવરનો છેલ્લો બૉલ જ્યારે 'ઓવર બાઉન્ડરી' ગયો ત્યારે એક ફીલ્ડરે ગમ્મતમાં કહ્યું, 'It was not a six, it was twelve !'

સોબર્સનું સંરક્ષણ પણ એટલું જ અજોડ. બેનો લખે છે, 'સોબર્સનું ડીફેન્સ એટલું સઘન કે બૅટ અને પૅડ વચ્ચેથી સૂર્યપ્રકાશ પણ ન જઈ શકે.' સોબર્સમાં નૈસર્ગિકતા અને શાસ્ત્રીયતા, યોજનાબદ્ધતા અને નિર્બન્ધતા, આક્રમણ અને સંરક્ષણ, જથ્થો ને ગુણવત્તા એટલાં સમન્વિત કે તમે તેની વચ્ચે ભેદરેખા આંકી જ ન શકો ! આર્લોટે



બોલર ગેરી સોબર્સ

સરસ કહ્યું છે, 'No aspect of his cricket has been more amazing than his capacity for combining quality and quantity of efforts.'

નાજુક અને તાકાતસભર એવા બંને પ્રકારના ફટકાઓ તેમને ફાવે. જેવા કુશળ હુક કે ડ્રાઈવમાં તેવા જ નિષ્ણાત લેગ બાજુના ફટકાઓમાં. તેમની ટૅકનિક ખૂબ સધ્ધર, પણ ચાલક બળ લાવણ્યમંડિત તાકાત. તેમનો ક્રીઝ પરનો સ્ટાન્સ (પેંતરો) સાહજિક. તેમની ગ્રીપ લાંબી, બૅકલિફ્ટ ઊંચી અને બૅટનો ઘુમાવ મુક્ત અને સીધો. આ કારણે તેમના ફટકાઓમાં પારાવાર તાકાત હોય.

જેવા તેઓ પરિણામદાયી તેવા જ આકર્ષક. તેમને રમતા જોવાનું બ્રૅડમૅન જેવા પણ લહાવો માને. તેમના ફટકામાં તાકાત ૫૧ ટકા કે લાવણ્ય એ ભાગ્યે જ કોઈ નક્કી કરી શકે. એ. એ. ટૉમસને આ વાત આ રીતે મૂકી છે, 'Sobers resambles Woolley in grace, Hammond in power and Contatine in lightning reflexes'

સોબર્સનું બોલર તરીકેનું પાસું ક્રિકેટ જગતનો એક ચમત્કાર ગણાવી શકાય. તેમણે ધીરેધીરે ત્રણ પ્રકારની બોલિંગ કળા ટેસ્ટ કક્ષાએ હસ્તગત કરેલી. મૂળે તેઓ એક પરંપરિત ડાબેરી સ્પિનર. આમાં તેઓ ટેસ્ટ પ્રવેશ પામ્યા અને પછી પણ સફળ રહ્યા. ૧૯૫૮થી તેઓ લૅંકેશાયર લીગમાં જોડાયા અને ઇંગ્લિશ વાતાવરણમાં સ્વિંગ બોલિંગનું મહત્ત્વ જોતાં તેઓએ સ્વિંગ અને સીમ બોલિંગમાં હાથ અજમાવ્યો. આમાં પણ સફળ થઈ તેઓ ઓપનિંગ બોલરનો રોલ કરવા લાગ્યા. આ પ્રકાર પણ તેમણે એટલો હસ્તગત કર્યો કે ક્યારેક તેઓ હૉલ કે ગ્રિફિથ જેવી ઝડપી બોલિંગ કરી શકતા. તેઓ બમ્પર પણ નાખી શકતા. આ

પ્રકારમાં તેમનું મુખ્ય શસ્ત્ર તે 'લેઈટસ્વિંગ' અને સીમર. ઑસ્ટ્રેલિયાના નિવાસ દરમિયાન તેમની આ બોલિંગ વધુ પક્વ બની.

ઈ. ૧૯૫૮–'૫૯માં તેઓ ભારત આવ્યા ત્યારે ભારતીય પીચોનો સ્વભાવ જોઇને તેમને ગૂગલી (સુભાષ ગુપ્તેની પ્રેરણા હશે?) અને ચાઇનામૅન પર હાથ અજમાવ્યો. આમ, તેઓ અપરંપરિત (કાંડાના) ડાબેરી સ્પિનર બન્યા. આ પછી કાયમ, કાઉન્ટ્રી કક્ષાએ સવિશેષ, તેઓએ નવા બૉલે સ્વિંગ અને જૂના બૉલે સ્પિન બોલિંગ કરવાનું રાખેલું. ટેસ્ટ કક્ષાએ સ્વિંગ બોલર તરીકે જ પછી તેઓ વધુ સક્રિય રહેલા. તેમનું બોલિંગ ઍક્શન સહજ-સરળ. બોલિંગ કરે ત્યારે જોનારને એક લય અને સૌંદર્યનો અનુભવ થાય. બૉલની વેધકતા સૌષ્ઠવપૂર્ણ શરીરના સમગ્ર સંચાલનમાંથી જન્મે.

ફીલ્ડિંગમાં યે તેઓ આરંભથી જ અજોડ. (એ જ કારણે ગોલકીપર તરીકે પસંદ થયા હશે.) ગમે તે સ્થળે અદ્‌ભુત ફીલ્ડિંગ ભરી શકે, પણ સ્લિપના નિષ્ણાત. શિકાર જેમ કોઇ અકળ સંકેતથી ચિત્તાના મોંમાં જઇને પડે તેમ બૉલ જાણે સોબર્સનો પંજો શોધતો હોય તેમ તેમાં સમાઇ જાય.

આવા પ્રતિભાસંપન્ન સોબર્સને એક કલાકાર તરીકે સ્વીકારતાં સ્વ. નેવિલ કાર્ડસ લખે છે: 'Sobers is truly an artist, lovely and supple to eye as a batsman and as a bowler, fascinating to watch.'

સોબર્સ એક સફળ સુકાની પણ ખરા, રમતના તજ્જ્ઞ ને ખેલાડી-ની યોગ્યતા મર્યાદાને પારખી-માપી શકવાની દૃષ્ટિવાળા. વ્યક્તિત્વથી પીઢ અને સ્વસ્થ. પોતાની ટીમ પાસેથી તેઓ આધિપત્યથી નહિ પણ સ્વદૃષ્ટાંતથી કામ લેનારા. પોતાની સર્વ શક્તિથી ટીમ વતી કેમ રમાય તેનો અખંડ અને જીવંત દાખલો એટલે સોબર્સ.

સોબર્સ જેવા સત્ત્વશીલ તેવા જ ગુણવાન. રમત પ્રત્યેનો તેમનો અભિગમ ખેલદિલી ભર્યો અને નિસ્વાર્થ. પોતા થકી ક્રિકેટની ભાવનાને તેઓ લેશ આંચ આવવા ન દે. ઇર્ષા, દ્વેષ, વેર વગેરે તત્ત્વોથી તો માઇલો દૂર. નવયુવાનોને ધડે, હૂંફ આપે. પ્રતિસ્પર્ધીને ખોટી રીતે આઉટ અપાયો હોય તો સુકાની સોબર્સ તેને પરત બોલાવે જ. ક્રિકેટ જગતમાં તેઓ 'વૉકર્સ' (ચાલતા થનારા)માં ગણાય. પોતાને લાગે કે પોતે આઉટ છે તો અમ્પાયરનો આદેશ જાણવા તે ઊભા ન રહે. વળી, હારજીત માટે રમત નીરસ બનાવવી એ પ્રેક્ષકો પ્રત્યે અન્યાય છે તેમ પણ તેઓ માને.

પોતાની સિદ્ધિઓની નોંધ જ નહિ, પછી અભિમાન ક્યાંથી હોય! તેમણે ૩૬૫ રન કર્યાં ત્યારે હટનનો વિક્રમ તોડવા ૩૬૫ કરવા અનિ-વાર્ય છે તે તો સામે છેડે બૅટિંગ કરી રહેલા વૉલ્કોટે તેમને કહેલું. આપણે તેમને તેમના વિક્રમની વાત કરીએ તો હસીને કહેશે, 'ઓ હો! એ વિક્રમ મેં સ્થાપ્યો છે?'

કોલી સ્મિથ (વે. ઇ.) અને સોબર્સની ભારે દોસ્તી, સોબર્સ જેવા જ તેઓ સત્ત્વશીલ ઑલ-રાઉન્ડર. ૧૯૫૯માં લંડન પાસે તેમનું કાર-અકસ્માતમાં અવસાન થયું. નહીંતર બંનેએ કદમ મિલાવીને શું શું કર્યું હોત તે કલ્પવું પણ મુશ્કેલ છે.

ભારતીય અભિનેત્રી અંજુ મહેન્દ્રુ સાથે ૧૯૬૬માં થયેલો પ્રણય જો અંજુના માતા-પિતાની અનિચ્છાને કારણે લગ્નમાં પરિણમતો અટક્યો ન હોત તો સોબર્સ આજે ભારતના જમાઈ હોત!

એક ઉદ્યોગ કંપનીની પબ્લિક રીલેશન ઑફિસર, ઑસ્ટ્રેલિયન યુવતી પ્રુ કિર્બી સાથે તેમને ૧૯૬૮માં પરિચય થયો ને '૬૯માં બંને જીવનસાથી બન્યાં. બે પુત્રો મેથ્યુ (૧૯૭૧) અને ડેનિયલ (૧૯૭૪)ના પિતા સોબર્સને ભાત, આઇસક્રીમ, વ્હિસ્કી વગેરે ખાસ પસંદ છે.

માતા થેલ્મા સંભારે છે કે ગેરી નાનો હતો ત્યારે તેને રમતનું ખૂબ આકર્ષણ હતું. પરંતુ બીજી રીતે તે સરળ કહ્યાગરો અને નોર્મલ છોકરો હતો. પત્ની કિર્બી કહે છે કે હું તેમના તરફ આકર્ષાઇ તે તેઓ મહાન ક્રિકેટર હતા તે માટે નહીં, પરંતુ તે આટલા મહાન હોવા છતાં જીવનમાં અત્યંત સરળ, પ્રામાણિક અને પારદર્શક વ્યક્તિત્વવાળા છે તે માટે.

આજે કદાચ બ્રૅડમૅન પછી બીજા નંબરે જગતક્રિકેટ પર સૌથી વધુ પ્રભાવ ધરાવનાર સોબર્સ વચ્ચે 'વર્લ્ડ સીરીઝ ક્રિકેટ' વખતે કેરી પેકરના સલાહકાર હતા. હમણાં શ્રીલંકામાં સહકારી ક્રિકેટ કોચ તરીકે આવેલા સોબર્સ ઑસ્ટ્રેલિયામાં કાયમ માટે સ્થિર થયેલા છે ને ક્રિકેટ ક્ષેત્રે જરૂરી સેવાઓ આપતા રહે છે.

ક્રીઝ પર સોબર્સના પ્રથમ નંબરના પ્રતિસ્પર્ધી અને એક ઉત્તમ ઝડપી બોલર હૉલે સોબર્સ વિશે કહ્યું છે તેને નોંધીને જ સમાપન કરીશું, 'He must be the greatest instinctive genius, with bat or ball, there has ever been'. □

અનુસંધાન] **ક્યાં જાય છે, કાનજી?** [પૃષ્ઠ ૧૯૨ થી

છે! ક્યાં મળવાની એને એની મા? માનું વહાલ જેણે અનુભવ્યું નથી, ત્રાસ, આતંક અને પીડા જ એનું અનુભવ-જગત છે. નાનકડી જિંદગીમાં જેને સુખ સ્પર્શ્યું નથી, રમ્ય બાલ્યાવસ્થામાંથી સમૂળો પસાર થયો નથી એવો આ છોકરો કઈ આંતરપ્રેરણાના જોરે અપરિચિતા માને શોધવા નીકળ્યો છે? કોને જઇને પૂછશે કે ક્યાં છે મારી મા? કાનજીની સમસ્યા અતિ વિકટ હતી. શોધનાર પાસે 'મા' શબ્દ સિવાય કોઈ સરનામું નથી. માના સગડ શોધવા, કેવળ 'દાદી કે'તી 'તી'નો એક આછાપાતળા તંતુનો આધાર એની પાસે છે. આ શોધનો કોઈ આરો-ઓવારો મને કળાતો નથી. મા જેવું અનાદિ સત્ય શોધવા નીકળેલો આ નાનકડો ત્રસ્ત મુસાફર કઈ આત્મશ્રદ્ધાના બળે કહી રહ્યો છે કે, 'ખબર નથી પણ માને ગોતવાનો'? હું મૂગો બની ઊંડા વિચારમાં સરી પડ્યો.

ઘટનાને ઓવારે શંકાઓની છાલકો લાગી. કદાચ કાનજી એની માને શોધી કાઢે તો એની મા એને સ્વીકારે? પ્રથમ અત્યાચારી પતિના સંતાન પ્રત્યે એના અંતરમાં મમત્વનો કોઈ ખૂણો હજી યે ખાલી હોય કે કેમ? એના માતૃત્વ ઉપર જામેલી સમયની ધૂળ ખંખેરી, વિખૂટા પડેલા પુત્ર પ્રત્યે એની મમતા જાગે કે નહિ? ઓરમાન બાપ કાનજીને સ્વીકારે કે નહિ? અને ન સ્વીકારે તો કાનજીની મા પતિની ઉપરવટ જઈ કાનજીને અપનાવીને પોતાના જીવનમાં મળેલી સ્થિરતા અને સલામતીને જોખમાવવા કદાચ તૈયાર ન પણ થાય તો? અને કદાચ એવું યે બને કે પતિ-પત્ની બન્ને કાનજીને સ્વીકારી લે, અને તેને જીવવાની ઓથ મળી જાય. એવું પણ બને કે પુત્રને ખાતર જિંદગીનાં સમગ્ર સુખ-સલામતીને ફગાવી દઇને મા કાનજીનો હાથ ઝાલી નીકળી પડે. નહિ બનવાની ઘણી બધી શક્યતાઓ અને બનવાની એકાદ શક્યતા જ હતી.

કદાચ લાગણીનો કોઈ જ સ્રોત સ્ફૂટ થાય નહિ, તો કાનજી ક્યાં જાય? કાનજી શું કરે? તો પછી આ કઈ શોધ છે? કે પછી કાનજીના ગૃહત્યાગની પછવાડે આક્રોશયુક્ત પ્રછન્ન પ્રતિશોધની સુષુપ્ત ચિનગારી જગી રહી હશે? શું હશે? કાનજી ક્યાં જઈ રહ્યો છે? શોધની નિર્જન, નિરવ પગદંડી ઉપર કે પ્રતિશોધના ધોરીમાર્ગ ઉપર? વિચારોએ મને થકવી નાખ્યો. ખુરસીમાં લાંબા થઈ મેં આંખો બંધ કરી.

બહાર ધીમો પગરવ સંભળાયો. મેં જોયું કાનજી જઈ રહ્યો છે. સ્ટેશન પછવાડે એક માર્ગ પસાર થાય છે તે ભળાયો. એના સુધી કાનજી ચાલતો પહોંચી ગયો. મેં પાછલે બારણેથી સાદ દીધો: 'ક્યાં જાય છે...કાનજી?' □

ગોસાંઈપુરમાં સરગરમી

(સત્યજિત રાયની રહસ્યકથા)
સુકન્યા ઝવેરી

પૂર્વસાર **બધી** જ આધુનિક સગવડો ત્યજીને પરાપૂર્વની જૂની રસમો અપનાવી કલકત્તાથી ગોસાંઈપુરની પોતાની જાગીરમાં આવીને રહેલા શ્યામલાલ મલ્લિકને એક નાસાચિઠ્ઠી દ્વારા ખૂનની ધમકી મળી છે. ગામમાં વસેલા મૃગાંક ભટ્ટાચાર્ય ઉર્ફે આત્મારામબાબુ પોતાની અદ્ભુત શક્તિના દાવા સાથે શ્યામબાબુના મનમાં ઠસાવે છે કે એમના જ ઘરમાંથી કોઈ એમનો શત્રુ છે. ઘરની એ વ્યક્તિ પોતાનો પુત્ર જીવનલાલ જ હોવાનું શ્યામલાલ માને છે. આ અંગે યોગ્ય તપાસ માટે જીવનલાલે ફેલુદાને બોલાવ્યા છે. શ્યામબાબુ સાથેની પહેલી જ મુલાકાતથી તેમના ખુદના વર્તનમાં શંકા પ્રકટે તેવા મુદ્દા ફેલુદાના લક્ષમાં આવે છે. મૃગાંકબાબુને પણ એ મળે છે. પોતાની શક્તિ વડે ફેલુદાની ઓળખ અને આગમનનું કારણ પોતે જાણી ગયા છે તેમ જણાવી દેવા કેટલીક શબ્દચાતુરી વડે મૃગાંકબાબુ તેને પ્રભાવિત કરવા પ્રયત્ન કરે છે. શ્યામબાબુના એક વિશ્વાસપાત્ર નોકર ભોલાનાથબાબુ પણ શંકાને પાત્ર છે, કારણ તેમના વડવાઓને શ્યામબાબુના પિતા દુર્લભસિંહે રંજાડયા હતા. આ ભોલાનાથ પણ મૃગાંક ભટ્ટાચાર્યના એક ભક્ત છે. એકાએક શ્યામબાબુને ત્યાં ચોરી થાય છે, જીવનબાબુની લાશ મળે છે, અને એ પણ એકાએક ગુમ થાય છે. ફેલુદા આ ખૂનના ખબર શ્યામબાબુ સુધી પહોંચતાં રોકે છે અને ચોરી તથા ખૂનનો મામલો હોઈ ભોલાનાથબાબુ દ્વારા પોલીસમાં જાણ કરે છે. તક મળતાં ફેલુદા શ્યામબાબુને પુરાણી રસમ અપનાવવા પાછળની અવ્યવહારુતા માટે મેણું પણ મારી લે છે, જે પોતાના સ્વભાવથી વિરુદ્ધ જઈ શ્યામબાબુ મૂગે મોંએ સાંભળી લે છે. પોલીસની તપાસ આરંભાય છે, અને...

'આ ડાચું તો જુઓ, સાવ કેવું થઈ ગયું છે!' હાથમાંના આયનામાં પોતાનો ચહેરો જોતાં લાલમોહનબાબુ બોલ્યા. ખાટલા ઉપર એ દાઢી કરવા બેઠા હતા. એમના ચહેરાની જે હાલત હતી એવી જ અમારાની પણ હતી.

'ગોસાંઈપુરમાં આ જ એક ડ્રૉ-બૅક છે,' તુલસીબાબુ બોલ્યા, 'મારે તમને પહેલેથી વૉર્નિંગ આપવી જોઈતી હતી.'

'તમે તો ગોસાંઈપુર કહો છો, પણ હું તો મલ્લિક હવેલીના બાગની વાત કરું છું. એ જ તો છે મચ્છરોનો અડ્ડો.' લાલમોહનબાબુ હજી મુખદર્શનમાં જ રત રહી બોલ્યા.

બપોરનું જમવાનું પતાવી અમે ઉપર અમારા ઓરડામાં બેઠા હતા. પોલીસે આવીને તપાસ શરૂ કરી દીધી હતી. ફેલુદા બિલકુલ ચૂપ હતા. મને તેનું કારણ સમજાતું નહોતું, પણ લાગ્યું કે જીવનબાબુનું ખૂન એમના માટે એટલું અણધાર્યું થયું કે એમની બધી ગણતરી ખોટી પડી ગઈ. ચોરલૂંટારાએ જ જો એ ખૂન કર્યું હોય તો પછી એની તપાસમાં ઊતરવામાં મજા યે શી? એમને પકડવાના રસ્તા તો પોલીસ લોકો જ વધુ જાણે. એમાં ફેલુદા જેવા પ્રાઇવેટ ડિટેક્ટિવ શું કરી શકે?

દારોગા સુધાકર પ્રામાણિક ફેલુદાને મળી ગયા હતા. ફેલુદાના નામથી તેઓ પરિચિત હતા, પણ એમને માટે બહુ લાગણી કે માન હોય તેવું લાગ્યું નહિ. ખાસ કરીને જીવનબાબુની લાશ લાપત્તા થવાથી તો તેઓ ચિડાયા જ હતા.

'તમે જે બધા શૉખથી ડિટેક્ટિવગીરી કરો છો ને, તેમાં સિસ્ટમ જેવી કોઈ ચીજ જ નથી.' એમણે કહેલું, 'તમારા જેવા જ બીજા એક ગહેરા દત્તગુપ્ત છે એમની સાથે તો મારે એક કેસમાં ઝઘડો થતો રહી ગએલો. જ્યાં ઍક્શનની જરૂર હોય ત્યાં આંખો ઝીણી કરીને એ વિચાર કરવા બેસી જાય. શું વિચારતા હશે એ તો મા ગંગા જ જાણે. પાછું જે કામ કરે તેની પાછળ વિચાર નહિ. તમે જ્યારે લાશ પડેલી જોઈ જ હતી તો એને છોડીને ગયા જ શા માટે? અને જવું જ હતું તો કોઇને ત્યાં ચોકી કરવા ન રાખી શક્યા? હવે અમારે આ પાછલા તળાવમાં જાળ નાખીને તપાસ કરવી પડશે. અને એમાંથી યે જો બૉડી નહિ મળે તો, તમે વિચાર તો કરો, આ ગામમાં અગિયાર તળાવ, એમાં યે એક તો જાણે સરોવર જેવડું, આ બધાં અમારે ડખોળવાં પડશે, અને આમ છતાં યે જો બૉડી ન મળે...આ બધું તમારી નેગ્લીજન્સી— બેદરકારીને લીધે જ થયું.'

ફેલુદા આ બધાં કડવાં વેણ શાંતિથી પચાવી ગયા, અને ઉપરથી એક કઢંગો સવાલ પૂછીને સુધાકર દારોગાને ભડકાવી દીધા: 'તમે પ્રેતાત્મામાં માનો છો?'

થોડી વાર તો દારોગા અવાક્ બની ફેલુદા સામે તાકી જ રહ્યા. અંતે માથું ધુણાવતા બોલ્યા, 'સાંભળ્યું હતું કે તમે બહુ સીરિયસ છો, પણ આજે લાગે છે કે એ બધાં વખાણ ખોટાં જ છે.'

ફેલુદાએ તદ્દન ટાઢે કોઠે કહ્યું, 'મેં તો એટલા માટે પૂછ્યું કે જો તમે ખૂનીને પકડી ન શકો તો પછી અમારે મૃગાંક ભટ્ટાચાર્જને શરણે જ જવું રહ્યું. તેઓ પ્રેતાત્માને બોલાવે છે. મને લાગે છે કે જીવનલાલનો આત્મા જ એમના ખૂનીનો પત્તો આપી શકશે.'

'એટલે કે તમે હોપલેસ ફિલ કરો છો એમ જ ને?'

'ખૂનની તપાસ મારા સાધ્ય બહારની વાત છે એમ કબૂલ કરું છું. પણ ચોરના હાથમાં હાથકડી પહેરાવી શકીશ એટલો મને વિશ્વાસ છે.'

પણ સુધાકરબાબુને ફેલુદા પર કેટલો ઓછો વિશ્વાસ હતો તે એમનાં પછીનાં વાક્યો પરથી જણાઈ આવ્યું. 'તમે ડેડ બૉડી ને જીવતા બૉડી વચ્ચેનો તફાવત તો જાણતા જ હશો એમ માનું છું. ગળામાં ફાંસો નાખીને ખેંચવાથી ચહેરા ઉપર શા શા ફેરફાર દેખાય છે એ તો જાણો છો ને?'

'સુધાકરબાબુ, પોલીસખાતામાં નોકરી કરવાની મારી ઇચ્છા નથી, એટલે તમારા આ પ્રશ્નનો જવાબ આપવો ન આપવો એ મારી મુનસફીની વાત છે. પોલીસ-તપાસ ઉપર વિશ્વાસ ન રાખતાં જ્યાં હું પ્રેતાત્મા બોલાવવાની વાત કરું છું તે પરથી તમે સમજી શક્યા હશો કે મારી તપાસનો માર્ગ જરા જુદો અને સ્વતંત્ર છે.' ફેલુદાએ ઠંડકથી કહ્યું

'ભોલાનાથ પર તમને કોઈ શક નથી?'

'ચોક્કસ છે. પણ મને ડર છે કે તમે પૂરો વિચાર કર્યા વિના એને હાથકડી પહેરાવી દેશો, કેમ કે એના દાદા જીવનબાબુના દાદાને હાથે હેરાન થયા હતા એ ખબર તો તમારા કાન સુધી પહોંચી જ ગઈ હશે. પણ એમ કરશો તો એ તમારી એક મોટી ભૂલ થશે.'

આ સાંભળી સુધાકરબાબુ ખડખડાટ હસી પડ્યા. જવા માટે ઊભા થતાં એ મોંએથી ટ્ચટ્ચ કરતાં બોલ્યા, 'તમારા લોકોનું આ જ દુ:ખ છે! તમે લોકો બહુ બહુ વિચારો કરીને સરળ વાતને યે વધુ ગૂંચવી દો છો. બાકી આ કેસ તો પાણી જેવો સાફ છે.'

'તમે જેમાં જાળ નાખી હતી એ તળાવના પાણી જેવો?'

પણ ફેલુદાના મોણાને ગળી જઈ દારોગાએ પોતાનું કહેવું જારી રાખ્યું, 'તમે જરા વધુ વિચારશો તો સમજાશે કે હું શા માટે ભોલાનાથનું નામ લઉં છું. ચોરી અને ખૂન, બંને માટે એ જ જવાબદાર છે. આ ચોરી ઘરના કોઈ જાણીતાનું જ કામ છે એ તો દીવા જેવું સ્પષ્ટ છે. બહારનો કોઈ ચોર હોત તો તિજોરી તોડત, ચાવી વડે ખોલત નહિ. ભોલાનાથ ચોરી કરીને પાછલે બારણેથી બાગમાં થઇને નાસતો હતો. ખૂન કરવાની એને ઇચ્છા નહોતી, પણ જીવનબાબુ જાગી ગયા અને એની પાછળ દોડ્યા, એટલે ભોલાનાથને ન છૂટકે ખૂન કરવું પડ્યું. પોતાના પર શક ન આવે એટલા માટે એ પોતે જ તમને તેડવા આવ્યો. એ કહેતો હતો કે ચોરે તેને બાંધ્યો હતો અને જીવનબાબુએ એને છોડ્યો. પણ આ ખરું છે તેની શી સાબિતી? એનો તો કોઈ સાક્ષી નથી.'

'અચ્છા, તો પછી ચોરેલા રૂપિયા ક્યાં ગયા?'

'એ રૂપિયા યે શોધવા પડશે. લાશ મળી જાય પછી અમે ભોલાનાથની ઊલટતપાસ કરીશું ત્યારે બધું સડસડાટ બહાર આવી જશે.'

સુધાકરબાબુની આ વાત તો મારા ગળે પણ ઊતરી ગઈ. પણ ફેલુદા હજી કેમ મચક આપતા નથી? દારોગા જ્યારે દાદર ઊતરતા હતા ત્યારે પાછળ જઈ એણે શા માટે કહ્યું કે, 'આજે સાંજે અમે મૃગાંકબાબુને ઘેર જીવનબાબુના આત્માને બોલાવવાના છીએ. જો તમે પણ આવશો તો ધક્કો એળે નહિ જાય.'

તુલસીબાબુને તો એક જ ચિંતા હતી કે આવતી કાલનો સમ્માન-સમારંભ થઈ શકશે કે નહિ. જીવનબાબુનો ખૂની ન પકડાય તો નક્કી એ સમારંભ થઈ ન શકે. કારણ ગામના લોકોને તેમાં ભાગ લેવાનો ઉત્સાહ જ ન રહે. લાલમોહનબાબુએ પણ હવે માની જ લીધું હતું કે પુષ્પમાળા અને માનપત્ર ફસકી જ ગયાં, અને ખાસ આ પ્રસંગ માટે એમણે સ્પીચ તૈયાર કરવામાં જે મહેનત લીધી હતી તે યે બેકાર જવાની. એકાદ વાર એમણે કહ્યું યે ખરું, 'આપણે તો મોશાય, રહસ્ય વેચીને ખાઇએ. ખરેખરું રહસ્ય સામે ચાલીને આમ ઉપસ્થિત થયું એ જ અમારા માટે તો સૌથી મોટો પુરસ્કાર.' પણ આ તો કદાચ પોતાના મનને સાંત્વન આપવાના એમના પ્રયાસને લીધે જ બોલાઈ ગયું હશે. છતાં, મેં જોયું કે અજાણપણે પણ અવારનવાર પોતાની સ્પીચનાં વાક્યો એમના મોંમાંથી સરી પડતાં હતાં.

'મૃગાંક ભટ્ટાચાર્જી ક્યાં રહે છે એ જરા કહેશો?'

'લો, આ ચાલુ થઈ ગયું!' બહારથી પુછાએલો પ્રશ્ન સાંભળી તુલસીબાબુ બોલી ઊઠ્યા, 'સોમ અને શુક્રવારે આ ઉપાધિ વળગી જ છે. રસ્તા ઉપર પહેલું મારું જ ઘર, એટલે જે આવે તે અહીં જ પૂછે ને કાયમ મારે આ ઉપાધિ વેઠવાની.' પછી બારી બહાર ડોકું કાઢી એમણે પેલા પૂછનારને જવાબ આપ્યો, 'ત્રણ ઘર છોડીને પછી જમણી બાજુ વળી જજો.'

'આપણે પણ જવાના છીએ એ ખબર કહેવરાવી દીધા હોત તો સારું થાત.' ફેલુદાએ કહ્યું, 'અને એ યે કહેવરાવજો કે અમે લોકોની સાથે ક્યૂમાં નહિ રહીએ, અમારા આત્માને પ્રાયોરિટી આપવી પડશે.'

તુલસીબાબુને હવે પહેલી વાર લાગ્યું કે ફેલુદા આ બાબત માટે ખરેખર સીરિયસ છે. તેના મોં પરના ભાવ જોઈ ફેલુદાએ ખુલાસો કર્યો, 'મારા પોતાના પૂરતું તો કામ પતી ગયું છે, તુલસીબાબુ. હવે ભટ્ટાચાર્જી મોશાયની સહાય વિના આગળ નહિ વધી શકાય.'

ઘણી વાર ફેલુદા કહે છે કે આજના જમાનામાં મનનાં બારણાં ખુલ્લાં જ રાખવાં સારાં. કારણ રોજ ને રોજ, જેનાં કારણો વૈજ્ઞાનિકો પણ જાણતા નથી, અને જાણતા નથી માટે જેને અવગણી પણ શકતા નથી એવી અનેક ઘટનાઓ બનતી જ રહે છે એના પુરાવા મળે છે. દાખલા તરીકે છાપામાં આવ્યું હતું કે યુરી ગેલૅાર નામના એક યહૂદી યુવાને કેવળ પોતાની નજરના પ્રભાવથી પાંચ હાથ દૂર ઊભેલા એક વૈજ્ઞાનિકના હાથમાં પકડી રખાએલા ધાતુના કાંટા-ચમચાને વાંકા વાળી દીધેલા. આ બનાવ બીજા એક પ્રખ્યાત વૈજ્ઞાનિકે પણ નજરોનજર જોએલો, છતાં તેઓ એનું કારણ કહી શક્યા ન હતા, અને એ હકીકતને નકારી પણ નહોતા શક્યા. મૃગાંકબાબુની ક્ષમતા પણ શું આવા પ્રકારની હશે!

'અત્યારે સાડા પાંચ વાગ્યા છે.' તુલસીબાબુએ ફેલુદાને કહ્યું, 'આપણે જાતે જ જઇને એમને રીક્વેસ્ટ કરીએ તો વધુ વજન પડશે.'

ફેલુદાને પણ એ ઠીક લાગ્યું. ઊભા થતાં એણે અમને કહ્યું, 'તમે બંને જરા ફરી આવો. ત્યાં સુધીમાં અમે મૃગાંકબાબુ પાસે જઈ આવીએ.'

મને પોતાને યે ઘરમાં ગોંધાઈ રહેવું ગમતું નહોતું. લાલમોહનબાબુ પણ કહેતા હતા કે શરદકાળમાં ગોસાંઈપુરની સંધ્યા ખાસ જોવા જેવી હોય છે. એટલે ફેલુદાના ગયા પછી તુરત અમે બંને પણ બહાર લટાર મારવા નીકળી પડ્યા.

બે જ દિવસ પહેલાં અહીં આવ્યા ત્યારે ગામ જેવું લાગતું હતું તે કરતાં આજ જુદું જ દેખાતું હતું. કારણ આજ સૌના મનમાં કદાચ એક જ ખયાલ હશે કે આ સુંદર દેખાતા ગામમાં ક્યાંક કોઈ સ્થળે ગળામાં ફાંસો દઇને મારી નાખેલા એક માણસની લાશ છુપાએલી છે. અચાનક જ એ નજર સમક્ષ આવી પડે તો...ના, ના. આ બધા વિચારો નથી કરવા, નહિતર આ ફરવા નીકળવું ધૂળધાણી થઈ જશે. છતાં વાંસના જંગલમાં આગળ વધતાંવધતાં સાંજનું અજવાળું ઘટવા લાગ્યું તેમતેમ હિંમત પણ ઓસરવા માંડી. પણ એકાએક પેલો મૂક-અભિનેતા વેણીમાધવ નજરે પડતાં એ હિંમત પાછી વળી.

'અરે! હું તો તમારી પાસે જ આવતો હતો. મેં કહેલું ને કે શુક્રવારે સાંજે આવીને મારો અભિનય બતાવી જઈશ.'

'શું કરીએ, ભાઈ!' લાલમોહનબાબુ બોલ્યા, 'એકાએક આવું બની જશે એ કંઈ ખબર હતી? હવે આ થયા પછી ઍક્ટિંગ જોવાનો મૂડ પણ રહે ખરો? તમે જ કહો.'

'હા, સર! એ વાત પણ ખરી છે. પણ તમે હજી રોકાવાના છો ને?'

'હા, હજી ત્રણેક દિવસ તો ખરા જ.'

'આ બાજુ ક્યાં જતા હતા?'

'ક્યાં જઇએ? તમે જ કહોને.'

'બાદુડે-કાલી જોઈ આવ્યા? સત્તરમી સદીનું પ્રાચીન ટૅમ્પલ છે, સર, ભીંત ઉપર બહુ સુંદર કાર્વિંગ છે, ચાલો બતાવું.'

સવારે જ મેં એ મંદિર જોયું હતું એ હું બોલ્યો નહિ. ખરું કહું તો ત્યારની જે મનઃસ્થિતિ હતી તેમાં એ કોતરણી પર અમારી નજર જ પડી નહોતી. ત્રણેક મિનિટમાં અમે બાદુડે-કાલીના મંદિરે પહોંચી ગયા. અહીં તો સવારે આવવું જ ઉચિત હતું. સાંજના ઘેરાતા જતા અંધકારમાં તો રૂંવાડાં ઊભાં થઈ જાય એવી ભેંકારતા લાગતી હતી. પાસે જ એક ઘેઘૂર વડ હતો. એની એક વડવાઇએ તો મંદિરના શિખરમાં પેસી જઈ તેમાં મોટી તિરાડ પાડી દીધી હતી. વડની ઘટાને લીધે મંદિર આસપાસ વધુ અંધારું લાગતું હતું.

'એક કાળે આ જગ્યાએ બલિ દેવાતો હતો, સર.' વડના થડ પાસે એક જગ્યા બતાવતાં વેણીમાધવ બોલ્યો.

'બ...બ...બલિ?!' લાલમોહનબાબુના સ્વરમાં આશ્ચર્ય સાથે કંપ પણ અછતો ન રહ્યો.

'હા, સર. નર-બલિ. ગોસાંઈપુરના ડાકુઓ તો વર્લ્ડ-ફેમસ હતા.

બ્રિજ અને શતરંજ

—સુરેશ મોદી—

આ વખતે આપણે જે કોયડો જોઈએ છીએ, તે પ્રથમ નજરે બહુ સરળ દેખાય છે, પણ સરળ દેખાતો ઉકેલ ફક્ત પ્રયત્નમાં પરિણમે છે.

	S J 10 5 H — D — C Q 6	
S K 9 7 H — D 2 C 9	ઉ પ પૂ દ	S Q H — D — C A 8 5 4
	S A 8 6 H — D 3 C 7	

હુકમ : ચોકટ. કોયડો : દક્ષિણે ઊતરવાનું અને ત્રણ હાથ કરવાના.

ઉત્તર-દક્ષિણના બે હાથ – કાળીનો એક્કો અને હુકમની તીરી – નક્કી છે. કાળીની રાણી એક્કા પર પડી જતી હોવાથી કાળીના રાજાનો હાથ આપીને ગુલામનો હાથ મેળવવાની ગણતરીથી સીધી રીતે દક્ષિણ રમે તો શું થાય તે આપણે જોઈએ.

દક્ષિણ કાળીના એક્કાનો હાથ લઈ, પશ્ચિમને તેના રાજાનો હાથ આપે છે. તે કાળી કે ચોકટ ઊતરે તો તો ઉત્તર-દક્ષિણને કાળીના ગુલામનો હાથ મળી જાય. માટે તે ફુલ્લી જ ઊતરે. ઉત્તરના સદ્‌ભાગ્યે પશ્ચિમ પાસે ફુલ્લીનું એવું પાનું છે કે તે રાણીની સ્થિતિનો લાભ લઈને તે ફુલ્લીમાં વધુ હાથ બનાવી ન શકે. (ફુલ્લીનો અઠ્ઠો અને નવો બદલી નાખો તો તે શક્ય છે.) આથી પશ્ચિમના નવા પર તે રાણી ન રમે. પૂર્વ ફુલ્લીના એક્કાથી હાથ લે તો ફુલ્લીમાં સૌથી ભારે પાનું ઉત્તરની રાણી બાકી રહે અને ન રમે તો પશ્ચિમની ઊતર હોવાથી તેને કાળી કે ચોકટ ઊતરીને ઉત્તરના ગુલામને હાથ આપવો પડે. છતાં પૂર્વ એક્કાનો હાથ લઈ ફુલ્લી ઊતરે છે. પશ્ચિમ તેને કાપીને ત્રીજો હાથ બનાવે અને ઉત્તર-દક્ષિણને ત્રણ હાથ કરતાં અટકાવે.


આ જોતાં એમ લાગે છે કે પહેલાં દક્ષિણ પશ્ચિમનો હુકમ કઢાવી લે તો કેમ? પણ તેથી તો ઉત્તર જ સ્ક્વીઝમાં સપડાય છે. અને ઉપર પ્રમાણેની રમત શક્ય નથી રહેતી.

તો ઉકેલ શો? દક્ષિણ ચોકટ ઊતરે અને તેના પર કાળીનો ગુલામ ફેંકી દે. તે પછી તે કાળીનો છક્કો ઊતરે છે. પશ્ચિમ પાસે બે વિકલ્પ છે: એક તો હલકું પાનું નાખી પૂર્વની રાણીનો હાથ થવા દે અથવા રાજા નાખી ઊતર પોતાની પાસે રાખે. તે ગમે તે રમે પણ ઉત્તર હવે તેનો દસ્સો ફેંકી દે છે. બન્ને વિકલ્પમાં શું થાય તે પણ આપણે જોઈએ.

પૂર્વની રાણીનો હાથ થાય તો તેણે ઉત્તરને ફુલ્લીની રાણીનો હાથ આપવો પડે અને ઉત્તર-દક્ષિણના ત્રણ હાથ થઈ જાય. પશ્ચિમ બીજી ઊતરે કાળીના રાજાનો હાથ લે અને ફુલ્લી ઊતરે તો પૂર્વ એક્કાનો હાથ લે અને ઉત્તરને રાણીનો હાથ મળે, અને ન લે તો પશ્ચિમે કાળી ઊતરવી પડે. હવે આ પહેલાંની ઊતરે તે કાળી રમે તો તેના નવા અને સતા પર દક્ષિણના એક્કા અને અઠ્ઠાના બન્ને હાથ થાય. આ માટે ઉત્તરના હાથમાં બાકી રહેલું પાનું સતાથી નાનું હોવું જરૂરી છે. આ માટે જ પહેલી બે ઊતરમાં ઉત્તર તેનાં કાળીનાં બન્ને ભારે પાનાં ફેંકી દે છે. □

વિશ્વવિજેતા કાર્પોવ અને સ્વીડનના વિખ્યાત મહાઉસ્તાદ ઍન્ડરસન વચ્ચેની એક રમતમાંની સ્થિતિ આપણે આ વખતે જોઈએ.

Anderson



Karpov

સફેદે રમવાનું છે

આ સ્થિતિમાં સફેદ પાસે કાળાના ઊંટના બદલામાં હાથી છે પણ તેની પાસે એક પ્યાદું ઓછું છે.

1 N×QBP!

કાળાનાં પ્યાદાંને ત્રણ રક્ષણ છે અને તેના પર એક જ મ્હોરાનો હુમલો છે. છતાં સફેદ તેને મારે છે. કાળો તેના જવાબમાં શું કરી શકે તે જોઈએ. 1..., P×N અથવા 1..., R×N; પછી 2 Q×N અને સફેદને વધુ પ્યાદું મળ્યું. તે 1..., N×N રમે તો 2R-N8, R-B1; 3 R×Rch, K×R; 4 Q-N8ch, Q×Q; 5 R×Qch; K-K2; 6 R×B, અને સફેદ પાસે જીતવા માટે પૂરતી સરસાઈ રહે છે. અને જો સફેદ ઘોડાને ન મારે તો કાળા ઘોડા ઉપર બેવડો હુમલો છે. વળી તે 2N-N6ની ધમકી પણ આપે છે. આ બધું જોતાં આ ચાલથી સફેદની જીત નિશ્ચિત છે. □

અહીંના નેદા ડાકુનો ઇતિહાસ નથી વાંચ્યો? આ વિશે તો તમે એક રોમાંચક રહસ્યકથા લખી શકો. આવો. હવે અંદર જઈશું? તમારી પાસે ટૉર્ચ છે?' અંધકાર વધુ ઘેરાયો હતો.

'અંદર?' લાલમોહનબાબુ ડરતા અવાજે બોલ્યા, 'ટૉર્ચ તો નથી લાવ્યા, ભાઈ. સાંભળ્યું છે કે અંદર વાગોળ-બાગોળ—'

'વાગોળ તો અત્યારે એમના ઈવનિંગ એક્સકરશન પર નીકળી ગઈ હશે, સર. હા, ચામાચિડિયાં જોવાં હોય તો...'

'ના, ભાઈ, નથી જોવાં. ન જોયાં જ સારાં...'

'અરે કશો વાંધો નહિ, સર. અંદર ચાલ્યા આવો. લો હું દીવાસળી પેટાવું છું. સાથોસાથ એકાદ બીડી પણ પેટાવી લઉં તો વાંધો નથી ને?'

'ના, ના. વાંધો શા માટે હોય! એક શું, એકસાથે પાંચ પેટાવોને.'

વેણીમાધવે બીડી પેટાવી લઇને સળગતી દીવાસળી મંદિરના બારણા સામે ધરી. અને એ સાથે જ મારું હૃદય જાણે કે ધબકતું ચૂકી ગયું. લાલમોહનબાબુ પણ જી…જી…જી…જી… બોલતા ગભરાઇને પાછા ખસી ગયા.

દીવાસળીના જરાશા ઉજાશમાં પણ મંદિરના એક થાંભલાની આડમાં નીલો કુરતો અને સફેદ પાયજામો ઓળખાઈ ગયાં. જીવનબાબુનો જ એ મૃતદેહ. સવારે કાંડે ઘડિયાળ જોએલી, અત્યારે દેખાઈ નહિ. અમને થંભી જતાં જોઈ વેણીમાધવે પણ એ તરફ દૃષ્ટિ નાખી. 'અરે, જુઓ તો. અહીં કોઈ કપડાં નાખી ગયું છે.' બોલતા એણે આગળ જવા પગ ઉપાડ્યો ત્યાં લાલમોહનબાબુ એના ખમીસનો છેડો પકડી તેને રોકતાં બોલ્યા, 'કપડાં નહિ, એ લા…લાશ છે.'

લાશ શબ્દ સાંભળતાં જ મૂકાભિનેતાની વાચા બંધ થઈ ગઈ. અવાક્ આશ્ચર્યથી આરંભી એક જ તબક્કામાં આતંકે પહોંચી જઈ એણે અક્ષર ઉચ્ચાર્યા વિના શી રીતે પલાયન થઈ શકાય તે અમને જાણે બતાવી દીધું. અમે બંને પણ એ જ પળે તેની પાછળ દોડી ઘર ભણી રવાના થઈ ગયા.

અમે પહોંચ્યા ત્યારે ફેલુદા આવી ગયા હતા. મને જોઈ પૂછ્યું, 'આમ ફિક્કો કેમ પડી ગયો છે? ચાલો જલ્દી તૈયાર થઈ જાઓ. પંદર મિનિટ પછી આત્મા ઉતારવાનો છે.'

ફેલુદાને જોઈ લાલમોહનબાબુમાં હિંમત આવી ગઈ. એ કહે, 'એક ઈમ્પોર્ટન્ટ ડીસ્કવરી કરી આવ્યો છું. એકલો નહિ, અમે બંને સાથે હતા. ત્યાં પેલા બાદુડે-કાલીના મંદિરમાં જીવનબાબુની લાશ પડી છે. પોલીસને જણાવીશું કે શોધવા દેશો એમને?' હું જાણતો હતો કે એમને દારોગા સુધાકર મત્યે અણગમો હતો. એટલે જ એ 'શોધવા દેશો' બોલ્યા હતા.

'તમે મંદિરની અંદર ગયા હતા?' ફેલુદાએ પૂછ્યું.

'ના, સર. લાશને હાથ ન લગાડાય એટલે અંદર ન ગયા. પણ બિયોન્ડ ડાઉટ, જીવન મલ્લિક જ.'

'ઠીક છે. સુધાકરબાબુ હમણાં જ આવીને ગયા. કદાચ ભટચાજ મોશાયને ત્યાં આવશે, ત્યારે ત્યાં જ એમને આ જણાવી દઈશું.'

દસેક મિનિટમાં અમે નીકળ્યા. તુલસીબાબુ કહે કે એમને વકીલબાબુને ત્યાં જઈ આવવું પડશે. કાલનો સમારંભ કદાચ માંડી વાળવો પડે એ એમને જણાવી દેવું જરૂરી હતું. રસ્તામાં ફેલુદાએ કહ્યું કે મૃગાંકબાબુએ જીવનલાલના આત્માને બોલાવવા માટે વાંધો લેવાના બદલે ઊલટો આગ્રહ બતાવ્યો હતો. બહારગામથી બીજા ત્રણેક જણ આવ્યા છે તેમને બહાર બેસાડી પહેલાં અમારું કામ કરી આપવા એ તૈયાર થયા હતા.

મૃગાંકબાબુના ઓરડામાં અત્યારે પાટના બદલે લાકડાનું એક ટેબલ અને એને ફરતી લોખંડની ને લાકડાની મળીને પાંચ ખુરશીઓ રાખેલી હતી. એમાંની એક ઉપર તેઓ પોતે બેઠા હતા. ટેબલ ઉપર વચ્ચે એક દીવો હતો અને પાસે કાગળ-પેનસિલ પડયાં હતાં. આ ઉપરાંત, ઓરડામાં એક બાંકડો અને બે મૂડા પણ હતા. બાંકડા ઉપર ભટચાજનો ભાણેજ નિત્યાનંદ બેઠો હતો. અમે ત્રણે જણ ખુરશીમાં બેઠા, એક ખુરશી તુલસીબાબુ માટે ખાલી રહી.

'તુલસીચરણ માટે રાહ જોવી છે?' મૃગાંકબાબુએ પૂછ્યું.

'પાંચેક મિનિટ રાહ જોઇએ.'

'મને ખબર હતી. તે દિવસે તમને જોયા ત્યારથી જ લાગ્યું હતું કે તમારે ફરી મારી પાસે આવવું જ પડશે.' મૃગાંકબાબુનો સ્વર આ અંધારા ઓરડામાં ફરી વળતો હતો. તેમણે આગળ ચલાવ્યું, 'વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. પરલોકગત આત્મા સાથે યોગસ્થાપન થાય તે વિશેષ જ્ઞાનનું શ્રેષ્ઠ જ્ઞાન. તેથી જેઓ ખરેખરા વિજ્ઞાની હોય તેઓ આ વિશેષ જ્ઞાનને ઉતારી ન પાડે, તુચ્છ ન સમજે.'

જ્ઞાનજ્ઞાનનું આ એકસરખું ઉચ્ચારણ હવે તો કંટાળાજનક લાગતું હતું. મૃગાંકબાબુ હવે અસલ કામ આરંભે તો સારું.

'તમે બધાએ પરલોકગત જીવનલાલને પ્રત્યક્ષ કર્યા છે જ, અને તેઓ સદ્યમૃત આત્મા છે. આ બે કારણોને લીધે આજના આ અધિવેશનની ચરમ સફળતાની હું આશા રાખું છું. આત્માને નરલોક છોડી પરલોકમાં ઉત્તીર્ણ થવાનો અવકાશલાભ હજી થયો નથી. અનેક પાર્થિવ બંધનોમાંથી મુક્ત થાય ત્યારે એ શક્ય બને. જીવનલાલનો આત્મા હજી આપણા પરિપાર્શ્વમાં વિદ્યમાન છે. મારા આહ્વાનની એને અપેક્ષા છે. એ જાણે છે કે હું એને બોલાવીશ તો એ આવશે. હું જાણું છું કે હું બોલાવીશ તો એ આવશે. જીવનલાલનો આત્મા હવે ત્રિકાળજ્ઞ, અવિનશ્વર. જળમાં સ્થળમાં અંતરીક્ષમાં એની અબાધ્ય ગતિ. મારા આ કક્ષમાં એની અબાધ ગતિ. મારી આ કલમ બનશે એની જ કલમ, એનું જ્ઞાન, એની ઉપલબ્ધિ, એનો જ વિશ્વાસ વ્યક્ત થશે એની જ ભાષામાં મારી આ કલમની સહાયથી.'

ફેલુદાએ કંઈ કહેવા મોં ખોલ્યું. આવી સ્થિતિમાં તો એ જ વાત કરી શકે. મારું તો ત્યારે ગળું સુકાઈ ગયું હતું, અને હું ચોક્કસ માનું છું કે લાલમોહનબાબુની સ્થિતિ પણ મારા જેવી જ હશે.

'તમે જે લખશો તે જાણવા માટે બધાને કુતૂહલ થશે. છતાં મારા સિવાય બીજા સૌ ટેબલની સામી બાજુએ બેઠા હોઈ લખાએલું વાંચવાનું તેમના માટે શક્ય નથી. આ બધાની સગવડ માટે હું તે મોટેથી વાંચી સંભળાવું તો તેમાં તમને કંઈ વાંધો ખરો?' ફેલુદાએ પૂછ્યું.

'કશો જ વાંધો નથી. તમે ખુશીથી મોટેથી વાંચી સંભળાવી શકશો.' પછી જરા રહી મૃગાંકબાબુએ પૂછ્યું, 'તમારો તો એક જ પ્રશ્ન છે, ખરું?'

'ત્રણ. ચોરનો પરિચય, ખૂનીનો પરિચય અને ખૂન ક્યારે ને કઈ રીતે થયું.' તે જાણવાની અપેક્ષા છે.

'ઉત્તમ.' કહી મૃગાંકબાબુ મૌન બની બેસી રહ્યા.

પાંચેક મિનિટ પછી યે તુલસીબાબુ આવ્યા નહિ એટલે મૃગાંકબાબુએ કાર્યારંભ કરવાનું નક્કી કર્યું. મને થયું કે તુલસીબાબુએ તો આવું અનેક વાર જોયું છે એટલે આજે તેઓ આરંભનો ભાગ ચૂકી જાય તો યે ચાલશે.

'અનુગ્રહ કરી તમે સૌ તમારા બંને હસ્તની અંગુલિઓ પ્રસારિત કરી ટેબલ ઉપર સ્થાપન કરો.' મૃગાંકબાબુએ આરંભ કરતાં કહ્યું.

લાકડાના એ ટેબલ ઉપર હાથ મૂકતાં જ આછો શો ટકટક અવાજ સાંભળતાં મને અચરજ થયું. નજર ફેરવતાં જોયું કે લાલમોહનબાબુનાં કાંપતાં આંગળાં ટેબલ પર તબલાના બોલ જગાડતા હતા. દાંત ભીંસીને એમણે હાથને સ્થિર કર્યા.

મૃગાંકબાબુની આંખો મિંચાઈ ગઈ હતી, હોઠ ફફડતા હતા. ચોપાસ નિઃસ્તબ્ધતા હતી એટલે જ સમજાયું કે તેઓ ફિસફિસ કરીને કંઈ શ્લોક બોલતા હતા. એકાદ મિનિટ પછી એ પણ અટકી જતાં અંગ્રેજીમાં જેને 'ડેથલી સાયલન્સ' કહે છે એવી શાંતિ પ્રસરી રહી. દીવાની જ્યોત કાંપતી હતી અને તેની આસપાસ ત્રણેક ફૂદાં ઊડતાં હતાં. ઓરડાની ચારે દીવાલ ઉપર ચાર માણસની થરથર કાંપતી છાયા સમગ્ર વાતાવરણને વધુ ગંભીર બનાવતી હતી. મેં આડી નજરે ફેલુદા ભણી જોયું, પણ એના મનોભાવ કંઈ કળાયા નહિ. હોઠ ભીંસી, સ્થિર પાંપણે એ મૃગાંકબાબુને એકટશે તાકી રહ્યા હતા. મૃગાંકબાબુ

પોતે પણ પથ્થરની મૂર્તિ જેમ સ્થિર હતા. એવામાં ક્યારે પેનસિલ એમના હાથમાં ચાલી ગઈ એ ખબર ન પડી. પેલા કાગળ ઉપર એ તોળાઈ રહી હતી.

એકાએક મૃગાંકબાબુના હોઠ ફરકવા લાગ્યા. એમના હાથ પરના પ્રસ્વેદથી કાગળ ખરડાયો. મારી બાજુમાં ફરી લાલમોહનબાબુના હાથનું કંપન શરૂ થયું. આ સ્થિતિમાં એ સ્વાભાવિક હતું. મારી છાતીમાં થતો ધડકાટ હું સ્પષ્ટપણે અનુભવી રહ્યો હતો.

'જીવનલાલ... જીવનલાલ... જીવનલાલ' અતિ મંદ સ્વરે એ નામ ઉચ્ચારાયું. મૃગાંકબાબુના હોઠ ફફડ્યા કે નહિ એ યે ન કળાયું. 'આવ્યા છો? તમે આવ્યા છો?'

હું ચમકી ગયો. આ પ્રશ્ન અમારી પાછળથી આવ્યો હતો. હવે સમજાયું કે આ ક્રિયામાં નિત્યાનંદની શી ભૂમિકા હતી. મૃગાંકબાબુ પોતે આ સ્થિતિમાં કશું જ બોલતા નહોતા. કદાચ એમણે મૌન જ રહેવાનું હશે, કદાચ એમના માટે બોલવું શક્ય નહિ હોય.

'આવ્યો છું.' અવાજ ફેલુદાનો હતો. પેલા કાગળ ઉપર આત્માએ લખેલો ઉત્તર એમણે મોટેથી વાંચી સંભળાવ્યો.

મારી આંખો મૃગાંકબાબુના હાથ ભણી વળી. પાછળથી પ્રશ્ન આવ્યો. 'તમે ક્યાં છો?'

'પાસે જ.' ફેલુદાએ વાંચી સંભળાવ્યું.

'કેટલાક પ્રશ્નો તમને પૂછવા છે. ઉત્તર આપી શકશો?'

પેનસિલ હલી. ફેલુદાએ વાંચ્યું: 'આપી શકીશ.'

'તિજોરી ખોલી રૂપિયા કોણે લીધા?'

'મેં.'

'તમારી હત્યા કોણે કરી? મારનારને તમે જોયો હતો?' 'હા.'

'ઓળખ્યો હતો?' 'હા.'

'કોણ હતો?' 'પિતાજી.'

પણ પછી કઈ રીતે હત્યા કરવામાં આવી એ જાણી ન શકાયું. કારણ પ્રશ્ન પુછાયો એ સાથે જ 'આટલું બસ છે.' કરી ફેલુદા ઊભા થઈ ગયા. પછી મને કહે, 'તોપસે, પેલું ફાનસ લાવ, બારણા બહાર મૂકેલું છે તે. આ દીવાનો પ્રકાશ બહુ ઓછો પડે છે.'

કિંકર્તવ્યમૂઢ હું બુદ્ધુ ઊભો થઈ બહારથી ફાનસ લઈ આવ્યો અને ટેબલ પર મૂક્યું.

તુરત ફેલુદાએ મૃગાંકબાબુ સામે પડેલો ઉત્તરો લખેલો કાગળ ઉપાડી લીધો અને તેના પર એક નજર ફેરવી લઈ બોલ્યા, 'મૃગાંકબાબુ! મને લાગે છે કે તમારો આ આત્મા હજી ત્રિકાળજ્ઞ બની નથી શક્યો. કેમ કે પ્રશ્નોત્તરમાં થોડો ગોટાળો લાગે છે.'

મૃગાંકબાબુ ડોળા તતડાવતા ફેલુદા ભણી જોઈ રહ્યા, જાણે એક નજરમાં એ ફેલુદાને ભસ્મ કરી નાખશે. ફેલુદા તેને ન ગણકારતાં બોલતા રહ્યા, જેમ કે આપણે પૂછ્યું કે તિજોરી ખોલી રૂપિયા કોણે કાઢી લીધા. તેનો જવાબ મળ્યો 'મેં' પણ તિજોરીમાં તો રૂપિયા હતા જ નહિ, મૃગાંકબાબુ!'

જાણે કે જાદુઈ પ્રભાવથી હોય તેમ મૃગાંકબાબુના ચહેરા પરથી ક્રોધનો ભાવ હટી જઈ સંશય વરતાવા લાગ્યો. ફેલુદા બોલતા જ રહ્યા, 'રૂપિયા નહોતા તેનું કારણ એ કે તિજોરી ખોલી હતી, જીવનલાલે નહિ, પ્રદોપચંદ્ર મિત્રએ. જો કે જીવનબાબુએ જ મદદ કરી હતી. તેમણે જ મને દરવાજો ખોલી અંદર દાખલ થવા દીધો હતો. એમણે જ મને કહેલું કે તિજોરીની ચાવી એમના પિતાજીના ઓશિકા નીચે જ રહે છે. ભોલાનાથબાબુ અને શ્યામલાલબાબુને બાંધવામાં પણ અલબત્ત, એમણે મને સહાય કરી હતી. એ જે હોય તે, પણ તિજોરીમાં રૂપિયાના બદલે જે હતું તે...' ફેલુદાએ પોતાના ખિસ્સામાંથી એક કાગળ બહાર કાઢ્યો. એ પણ પેલા ઉત્તરોના કાગળ જેવો જ – નોટબુકનું એક પાનું હતું.' એના ઉપર પણ પેનસિલથી કંઈ લખેલું હતું. 'આ કાગળ જ છે. ફેલુદાએ તે બતાવતાં કહ્યુ 'શ્યામબાબુ પાસે મેં પહેલાં એ માગ્યો હતો, પણ એમણે બતાવ્યો નહોતો. એની જરૂર એ જ કારણસર પડી હતી કે મૃગાંકબાબુની સચ્ચાઈ વિષે મારા મનમાં સંશય હતો, અને તે સંશય તેમને પહેલી વાર મળ્યા પછી જ ઉદ્ભવ્યો હતો. પ્રથમ મુલાકાત થતાં જ તમે એવો ઢોંગ રચ્યો કે જાણે કોઈ અલૌકિક ઉપાયથી તમે મારું નામ અને વ્યવસાય જાણી લીધો હોય તેમ લાગે. પરંતુ મારી ઓળખ તો તમે તુલસીબાબુ પાસેથી એ મુલાકાત થયા પહેલાંથી જાણી લીધી હતી. હું કહું છું તે બરાબર છે ને તુલસીબાબુ?'

અંધારામાં તુલસીબાબુ ક્યારે અંદર આવીને ખુરશી ઉપર ગોઠવાઈ ગયા હતા તેની મને ખબર જ નહોતી પડી. ફેલુદાના પ્રશ્નથી એ બહુ ગભરાઈ ગયા. ગેંગેંફેંફે થતાં એ બોલ્યા, 'એ તો...એટલે કે... તમારા મનમાં જરા ભક્તિભાવ જાગે...'

'તમને હું દોષ દેતો જ નથી, તુલસીબાબુ', ફેલુદાએ એમને બોલતા અટકાવીને કહ્યુ, 'તમે તો તમારી જાતને મહાન પ્રતિપન્ન બતાવવા કોશિશ કરી નથી. પણ આ કરે છે,' એમણે મૃગાંકબાબુ તરફ નિર્દેશ કરતાં કહ્યું, 'ખેર, જે હોય તે. મને આ છળકપટની ગંધ આવતાં જ આ કાગળ હાથ કરવા નિશ્ચય કર્યો. મને આશા હતી કે શ્યામબાબુ સંબંધે કેટલાક સંશયોનો ઉત્તર મને આમાંથી જ મળશે.'

મૃગાંકબાબુના કપાળ ઉપર પ્રસ્વેદનાં બિંદુઓ દેખાવા લાગ્યાં. ફાનસના અજવાળામાં કાગળ ધરીને ફેલુદા બોલ્યા, 'દુર્લભ મલ્લિકના આત્માએ આ કાગળમાં તેના પુત્ર શ્યામલાલના પ્રશ્નોના ઉત્તર આપ્યા છે, સવાલ મોંએથી પુછાયા હતા–જેમ હમણાં પુછાએલા તેમ, એટલે તે આમાં લખાએલા નથી. પણ ઉત્તર ઉપરથી પુછાએલા પ્રશ્નનું અનુમાન થઈ શકે. એ રીતે મેં આમાં લખાએલા ઉત્તરો આગળ તે સવાલો લખ્યા છે. એ હું વાંચી સંભળાવું છું. આમાં મારી ભૂલ થતી હોય તો, મૃગાંકબાબુ, તમે એ સુધારજો.'

મૃગાંકબાબુના જોરથી ચાલતા શ્વાસોચ્છ્વાસથી પાસે પડેલા દીવાની જ્યોત હવે વધુ કાંપવા લાગી હતી.

'પહેલો પ્રશ્ન: મારો શત્રુ કોણ? ઉત્તર છે: ઘરમાં જ છે.

બીજો પ્રશ્ન: એ શું મારું મોત ઇચ્છે છે? ઉત્તર: ના.

તો શું ઇચ્છે છે? ઉત્તર: રૂપિયા.

રૂપિયાને શી રીતે સાચવવા? તિજોરીમાંથી હટાવવા.

ક્યાં રાખવા? જમીનની નીચે.

કઈ જગ્યાએ? બગીચામાં

બગીચામાં ક્યાં? ઉત્તરમાં

ઉત્તરમાં ક્યાં? આંબા નીચે.

કયા આંબા નીચે? વંડીની ભીંત જ્યાં તૂટી પડી છે તેની પાસેના.'

પછી હાથમાંનો કાગળ ટેબલ પર મૂકી ફેલુદા બોલ્યા, શ્યામલાલબાબુના પગે લાગેલી માટી અને શરીર ઉપર મચ્છરોના ડંખો જોઈ મને લાગ્યું હતું કે તેઓ કોઈ કારણસર બગીચામાં ગયા હશે ને થોડો સમય રોકાયા હશે. હવે સમજાય છે કે, આ કાગળમાં જણાવ્યા મુજબ–એટલે કે મૃગાંકબાબુના નિર્દેશ પ્રમાણે તેઓ તિજોરીમાંથી રૂપિયા કાઢી લઈને આંબા નીચે જમીનમાં દાટવા ગયા હતા. ધન છુપાવી રાખવાની આ જૂની રીત શ્યામબાબુના ગળે જલ્દી ઊતરી જશે એ મૃગાંકબાબુ સમજી ગયા હતા. આ રૂપિયા ઉપર ઘણા સમયથી મૃગાંકબાબુની નજર હતી, પરંતુ જ્યાં સુધી ભોલાનાથ જેવા વિશ્વાસુ માણસ શ્યામબાબુ

પાસે હોય ત્યાં સુધી તિજોરી સુધી પહોંચવું સંભવિત નહોતું. એટલે પ્રથમ તો ભોલાનાથબાબુ પર શ્યામબાબુને સંદેહ જાગે અને એને દૂર કરે એવો પ્રયાસ મૃગાંકબાબુએ કર્યો. તેમાં એ ફાવ્યા નહિ, પણ અચાનક એમને એક તક મળી ગઈ. શ્યામબાબુએ પોતે જ એમને દુર્લભ મલ્લિકના આત્માને બોલાવવા માટે તેડાવ્યા. આ તક ઝડપી લઇને મૃગાંકબાબુએ પોતાની અદ્‌ભુત બુદ્ધિનો ઉપયોગ કરી એક કાંકરે બે પક્ષી માર્યાં. શ્યામબાબુના ઘરના જ માણસને તેમનો શત્રુ ઠેરાવ્યો અને તિજોરીમાંથી રૂપિયાની પેટી બહાર કઢાવી બગીચામાં દટાવી, એ જ પેટી વઈ કાલે સાંજે...'

એકાએક કંઈ હલચલ થતાં અમે પાછળ જોયું તો નિત્યાનંદ બાંકડો છોડી બારણા ભણી કૂદતો દેખાયો. પણ એ ઓરડાની બહાર ન નીકળી શક્યો. બે મજબૂત હાથે એને બારણામાં જ પકડી લઈ નાસતો રોક્યો, અને ફરી ઓરડામાં ધકેલ્યો. એ રોકનાર હતા સુધાકર દારોગા. અંદર પ્રવેશતાં જ એ બોલ્યા, 'એ પેટી મળી ગઈ છે, મિસ્ટર મિતર. એક ટ્રંકમાં એ કપડાં તળે છુપાવી હતી.' પછી એમણે એમની પાછળ જ પ્રવેશતાં પોલીસને કહ્યું, 'મનીરા, લાવ એ પેટી બતાવ.'

કૉન્સ્ટેબલ મનીરે એક લોખંડી પેટી ટેબલ ઉપર મૂકી.

'આનું તાળું તો તોડી નાખ્યું લાગે છે!' પેટી જોઈ ફેલુદા બોલ્યા.

'હા, પણ રૂપિયા સલામત છે.' સુધાકરબાબુ બોલ્યા, ને એમણે પેટી ખોલી સૌની સમક્ષ ધરી.

બાપ રે! આટલા બધા રૂપિયા એકસાથે તો મેં કદીય જોયા નહોતા. અંદર સોસોની નોટોની ન જાણે કેટલીય થપ્પીઓ ભરી હતી.

'પણ ખૂન?' મૃગાંકબાબુ અચાનક બરાડી ઊઠ્યા, 'ખૂન કોણે કર્યું? એ તો મેં નથી જ કર્યું.'

'ખૂન એક જ જણે કર્યું છે, મૃગાંકબાબુ,' ફેલુદા બોલ્યા. એનો અવાજ હવે ખુલ્લી તલવારની ધાર જેવો હતો. 'અને તેનું નામ પણ છે પ્રદોષચંદ્ર મિત્ર. ખૂન થયું છે તમારા કપટનું, તમારી શયતાનિયતનું, તમારા લોભનું. આમાંનું કંઈ હવે ફરી માથું નહિ ઊંચકી શકે. કારણ, હવે બધા જ જાણશે કે આજ તમે તમારી અદ્‌ભુત શક્તિના પ્રતાપે એક જીવંત વ્યક્તિના આત્માને પરલોકમાંથી બોલાવ્યો હતો આ ઘરમાં.' અને પછી બારણા તરફ ફરી એ બોલ્યા, 'અંદર આવો, જીવનબાબુ!'

પાછલા નહિ, પણ આગલા બારણેથી જીવનલાલ મલ્લિક અંદર આવ્યા. એમને જોતાં જ મૃગાંકબાબુના મોંમાંથી જે શબ્દો સરી પડ્યા એ લાલમોહનબાબુના કહેવા પ્રમાણે 'હા, હતોહિરમ' હતા. પણ મને સંભળાએલું 'હાય! હાથે હાથકડી.'

અને એમ જ થયું. હાથકડી લાગી જ ગઈ હતી મૃગાંકબાબુના હાથે.

ફેલુદાને લીધે સુધાકરબાબુનું કામ ઘણું જ સરળ બની ગયું હતું. તો યે એમણે છેવટ કચવાતા જીવે ફેલુદાને એટલું તો કહ્યું જ, 'આ બધું જાણતા હતા છતાં અમથીઅમથી બે તળાવમાં જાળ નખાવીને અમારી પાસે?'

'શું બોલો છો, સુધાકરબાબુ?' ફેલુદા બોલી ઊઠ્યા, 'જીવનબાબુનું ખૂન થયું છે એ ધારણા બધાના મનમાં દૃઢ ન થાય ત્યાં સુધી મૃગાંકબાબુને રંગેહાથ શી રીતે પકડી શકાય?'

આમ, જીવનબાબુના ખૂનનું નાટક એ મૃગાંકબાબુને ભ્રમમાં રાખીને ફસાવવા માટે જ હતું પછીથી જાણવા મળ્યું કે જીવનબાબુના લાશ જોઇને ફેલુદા અને હું તપાસ માટે એક તરફ ગયા ત્યારે બીજી બાજુ ભોલાનાથબાબુ પોલીસમાં ખબર આપવા ગયા હતા. પછી લાલમોહનબાબુ પણ આઘાપાછા થયા એ તક સાધીને જીવનબાબુ ઘરમાં પેસી જઈ ઉપરના માળે પાછલી બાજુના એક ભંડારિયામાં છુપાઈ ગયા. પણ દાદીમા એમને જતા જોઈ ગએલાં. પછી જ્યારે એમને શોધતા દાદીમાને અમે મળ્યા ત્યારે ફેલુદાએ સિફતથી મામલો સંભાળી લીધો. અને આજે સાંજે મૃગાંકબાબુને ત્યાં આત્માને બોલાવવા માટે રાખેલી બેઠકમાં પૂર્વયોજના પ્રમાણે સ્વયં પ્રકટ થવા માટે જીવનબાબુ ઘરમાંથી બહાર નીકળ્યા ત્યારે સંધ્યાકાળે વાંસવનમાં દૂરથી અમને જોઈ જતાં બાહુડે-કાલીના મંદિરમાં લાશ બનીને સૂઈ ગએલા. ગભરાઇને અમે નાઠા પછી એ ત્યાંથી બહાર નીકળી અંધારાનો લાભ લઈ મૃગાંકબાબુને ત્યાં અણીની પળે હાજર થઈ ગયા હતા.

રાતે જમતી વેળા તુલસીબાબુ રાંક જેમ સંકોચ પામતાં કહે, 'ફેલુબાબુ, તમે મારા પર ખિજાયા નથી ને?'

'ખીજ? અરે, તમે તો અમને ખૂબ સહાયરૂપ બની ગયા. તુલસીબાબુ, જાણો છો? એ માણસ જો મારા નામનો કોયડો ન બનાવત તો તો મને એના પર શક જાત જ નહિ. મારે તો તમને ધન્યવાદ આપવા ઘટે.'

આજે જીવનબાબુ અમારી પાસે આવ્યા હતા. આવીને કહે 'હું હવે પાછો કલકત્તા જઉં છું નીકળતાં પહેલાં પિતાજીને પ્રણામ કરવા ગયો હતો.'

'પછી શું થયું?' ફેલુદાએ પૂછ્યું.

'મારા માથે પ્રેમથી હાથ ફેરવી મને પૂછ્યું કે ધંધો કેમ ચાલે છે.'

અત્યાર સુધી માછલીનું માથું ચાવતા હોઈ લાલમોહનબાબુ ચૂપ હતા તે હવે કોળિયો ગળામાં ઉતારી બોલ્યા, 'તો પછી, કહું છું કે, આવતી કાલનું...'

'થશે, થશે જ વળી. હવે તો કોઈ વિઘ્ન નથી.' ■

અનુસંધાન] **રતિયો ઘોડાગાડીવાળો** [પૃષ્ઠ ૧૯૬થી

હતું કે શું હવે ક્યારે ય રસ્તા પર એનો પેલો કાઠિયાવાડી લહેકો નહિ સાંભળી શકાય!? અશ્વના ગળા પર પ્રેમથી ફરતો તેનો હાથ હવે ક્યારે ય નહિ જોઈ શકાય!? ચેતકના મોંમાં ચાર ખવડાવતો કે શિયાળામાં પલાળેલા ચણા ખવડાવતો રતિયો કદી ય નહિ જોઈ શકાય?!

અને એમ જ બન્યું.

રતિયો સદાય માટે માનવસમાજથી વિખૂટો પડી ગયો. ના...ના, સમાજ જ એક માનવથી અલગ પડી ગયો. માનવીય સમાજથી કોઈ જુદી જ કક્ષાએ રતિયો જીવતો થઈ ગયો. એમ જ ક્યાંક ચાલ્યો ગયો.

હમણાં જ્યારે મુંબઈ ગયો ત્યારે ટેક્સીમાં જવા કરતો'તો ત્યાં જ રતિયાની જ પ્રતિકૃતિ જેવા એક વિક્ટોરિયા ચલાવનારે આવીને 'ચલો, સા'બ, અચ્છા ઘોડા હૈ' એમ કહ્યું અને રતિયો ચક્ષુ સમક્ષ સજીવન થયો જાણે! મેં ટેક્સીમાં જવાનું માંડી વાળીને એ વિક્ટોરિયામાં સવારી કરી, અને તે ય ચલાવનારની જોડે જ બેસીને. સેન્ટ્રલથી આર્યનિવાસ લગી રતિયો જ મનમાં રમતો'તો.

મહાનગરમાં મેં બાળપણને તાજું કર્યું—રતિયાની દુ:ખદ સ્મૃતિ સ્મરીને! □

રૂપસંહિતા ચિત્રકાર વાસુદેવ સ્માર્ત સંપાદિત ૨૦૦૦ ભારતીય અલંકરણોના સમૃદ્ધ રૂપકલા-કોષની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ. કિં. રૂ. ૨૦૦ (+૫-૫૦ રજિ. પો.ના). લખો : કુમાર કાર્યાલય લિ., રાયપુર ચકલા, અમદાવાદ-૧.

કલાવાર્તા




ફોટો-કલાકાર અને ચિત્રકાર


વિનોદ પારુલ


આ અંકના પૂઠા ઉપર તથા અહીં જેમની કેટલીક કૃતિઓ આપી છે તે ફોટો-કલાકાર ને ચિત્રકાર શ્રી વિનોદ પારુલ અમદાવાદના એક ઉત્સાહી અને કલાક્ષેત્રે કાર્યશીલ યુવાન છે. ઈ. ૧૯૩૯માં અમદાવાદમાં એમનો જન્મ. બચપણથી જ ચિત્રકલામાં ઊંડો રસ હોઈ અહીંની સુખ્યાત કલાશાળા શેઠ ચી. ન. કલા-મહાવિદ્યાલયમાં અભ્યાસ કરી તેઓ ઈ. ૧૯-૭૨માં 'આર્ટ માસ્ટર' બન્યા અને એ જ વર્ષે અમદાવાદની નૂતન ફેલૉશિપ હાઇસ્કૂલમાં કલાશિક્ષક તરીકે જોડાઇને એમણે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો. ચિત્રકલાના શિક્ષણ-કાર્યમાં વિદ્યાર્થીઓની સારી પ્રીતિ પ્રાપ્ત કરવા સાથે એમણે પોતાનો વિકાસ પણ જારી રાખ્યો અને આધુનિક શૈલીનાં ચિત્રસર્જનો ઉપરાંત ફોટોગ્રાફીમાં પણ રસ લઇને સ્વપ્રયત્ને ઊંડો અભ્યાસ કરી તેમાં પણ પ્રગતિ સાધી. પોતાની પાસે જે કંઈ સાધનસામગ્રી એકઠી કરેલી છે તેનો ઉપયોગ કરીને એમણે જે અનેક સુંદર ફોટોચિત્રો તૈયાર કર્યાં તેમાંની ઘણી કૃતિઓ વિવિધ પ્રદર્શનોમાં પારિતોષિક પણ પામતી રહી છે. આમ, ચિત્રકલા અને ફોટો-ગ્રાફી એમ બંને ક્ષેત્રે સતત કાર્યશીલ રહીને એમણે આત્મવિકાસ સિદ્ધ કર્યો છે.

ઈ. ૧૯૭૨માં તેમનો કલાશાળાનો અ-ભ્યાસક્રમ પૂરો થયો તે પહેલાંથી આરંભીને અત્યાર સુધીમાં યુનિવર્સિટીથી માંડી રાજ્ય લલિતકળા અકાદમી સુધીના દસ ઍવૉર્ડ્સ મેળવ્યા છે. મુંબઈમાં ચાર વખત અને લંડન તથા દુબાઈમાં એમણે પોતાની કૃતિ-ઓનાં પ્રદર્શનો પણ કરેલાં. અમેરિકા, ઇંગ્લન્ડ, ઇજિપ્ત, દુબાઈ, આફ્રિકા અને જર્મની ઇત્યાદિ સહિત દેશ-વિદેશના અનેક કલા-સંગ્રહોમાં તેમજ ખાનગી સંગ્રહોમાં એમની કૃતિઓ સ્થાન પામી છે. ચિત્રકળા તથા ફોટો-



△ ▽ ગામ-સીમાડાનું સૌંદર્ય • ફોટો : વિનોદ પારુલ






ગ્રાફીના ક્ષેત્રનાં મંડળો ને સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાએલા છે. પોતાના સરળ મિલનસાર સ્વભાવને કારણે તથા ગુણગ્રાહી વૃત્તિને લીધે એમનું મિત્રમંડળ બહોળું છે, જેમાં ચિત્રકારો, ફોટોગ્રાફરો ઉપરાંત સાહિત્યકારો અને સંગીતજ્ઞોનો પણ સમાવેશ છે. એમણે પોતે પણ સિતારવાદનની તાલીમ મેળવેલી હોઈ એમનાં કલાસર્જનોમાં લયમાધુર્યનો ઓપ જોવા મળે છે.

પોતાની આ કલાસાધના માટે પૂરતો સમય અને મુક્તિ મળી રહે તેટલા સારુ આ વર્ષે એમણે કલાશિક્ષક તરીકેની નોકરી છોડી દીધી છે, અને પોતાના યોગક્ષેમ માટે ફોટોગ્રાફીને અપનાવી તેમાં વિશેષ પ્રગતિને માટેના માર્ગનું અંકન કર્યું છે. ફોટોગ્રાફીમાં ખાસ કરીને કલાત્મકતા તરફ તેમનું વલણ ઢળે છે અને વિશેષતઃ પ્રકૃતિના પ્રછન્ન સૌંદર્યને પ્રકટ કરવામાં એમને વધુ રસ છે. તેજછાયાના સપ્રમાણ પલટાઓ અને સુંદર સંયોજનથી ઊપસતી કૃતિમાં ભાવાભિવ્યક્તિના ઉમેરણને તેઓ વિશેષ મહત્ત્વ આપે છે. પોતાની આ કલાખોજ માટે તેઓ સતત સજગ રહી એકાકી ઘૂમવાથી માંડી ઉત્સવ-મેળાઓમાં પણ સામેલ થઈ જાય છે. આ ઉપરાંત, વિવિધ ક્ષેત્રે ખ્યાતનામ વ્યક્તિઓનાં છબિચિત્રોનો પણ એમણે સારો એવો સંગ્રહ કર્યો છે.

(અનુસંધાન ૯૯૯ પાને)









પ્રતિબિંબ (ડાબી બાજુ મથાળે)
વચ્ચે ડાબે-જમણે : વગડાનું સૌંદર્ય દર્શાવતા બે એકરંગી આલેખનો.
(ડાબી બાજુ) દેવીઓની ચિત્રમાળાની એક કૃતિ, તથા
ઉપર : એક અમૂર્ત કૃતિ.

પાંચ ૫ ૫ ૫ ૫ ૫ ૫

રતિલાલ હરિભાઈ નાયક

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદકે વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધવાક્યો ઇત્યાદિમાં અનેક રીતે 'પાંચ'ની સંખ્યા પણ સંકળાએલી છે. એની જાણકારી વિવિધ ક્ષેત્રો વિષેના આપણા જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે. આ અંક-સંખ્યા સાથે વણાએલાં આવાં સૂત્રો, બોધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. અલબત્ત, આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ કેટલુંક સકારણ તથા કેટલુંક વિસ્તારભયે જતું કર્યું છે.

પંચકલ્યાણી ઘોડો (બળદ, ગાય): જેના ચાર પગે અને કપાળે સફેદ ડાઘ હોય.

પંચકેશ: મસ્તક, મૂછ, દાઢી, બગલ અને પેડુ, આ પાંચ સ્થાન પરના કેશ.

પંચક: ધનિષ્ઠા નક્ષત્રના પાછલા અર્ધા ભાગથી રેવતી નક્ષત્રના અંત સુધીનો કાળ.

પંચકોષ: આત્માને વીંટળાએલાં પાંચ આવરણો: અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય.

પંચગવ્ય: ગાયથી ઉત્પન્ન થએલા પાંચ પવિત્ર પદાર્થો: દૂધ, દહીં, ઘી મૂત્ર ને છાણ.

પંચપ્રાણ: શરીરમાં પાંચ સ્થાનમાં રહેલા વાયુઓ—પ્રાણ (હૃદય), અપાન (ગુદા), વ્યાન (સર્વ અંગો), ઉદાન (કંઠ) અને સમાન (નાભિ).

પંચબાણ: કામદેવનાં પાંચ બાણ: અરવિંદ, અશોક, આંબો, નવ મલ્લિકા અને નીલોત્પલ.

પંચપદાર્થ: નિત્ય બ્રાહ્મણને આપવા માટે જુદા કાઢવામાં આવતા, વગર રાંધેલા ખોરાકના પાંચ પદાર્થો – લોટ, ચોખા, દાળ, ઘી અને મીઠું.

પંચભાગ: અગ્નિ, ગાય, કૂતરા, કાગડા અને કીડી માટે રાંધેલા ખોરાકમાંથી જમ્યા પહેલાં કાઢવાનો ભાગ.

પંચભૂત અથવા પંચ-મહાભૂત: હિંદુ વિશ્વશાસ્ત્ર પ્રમાણેનાં પાંચ મુખ્ય તત્ત્વો—પૃથ્વી, જલ, તેજ, વાયુ ને નભ (આકાશ).

પંચમહાપાતક: બ્રહ્મહત્યા, સુરાપાન, ગુરુપત્ની-ગમન, ચોરી અને આ બધાં પાપો કરનારનો સંગ.

પંચમહાયજ્ઞો: દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને નૃયજ્ઞ, જે બ્રાહ્મણે દરરોજ કરવાના હોય છે. સંસારીએ દરરોજ કરવાના યજ્ઞો—દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, યોગયજ્ઞ અને સ્વાધ્યાય-યજ્ઞ.

પંચાંગ: તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ, આ પાંચ અંગો દર્શાવતું પુસ્તક.

પંચશીલ: બુદ્ધ ભગવાને ચીંધેલી પાંચ પ્રતિજ્ઞાઓ – અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અસ્તેય.

પંચાગ્નિ: ગાર્હપત્ય, આહ્વનીય, દક્ષિણ, સભ્ય ને આવસથ્ય, આ પાંચ પવિત્ર અગ્નિઓ.

પંચાયતન: ગણેશ, દેવી, સૂર્ય, વિષ્ણુ અને શિવ. તેમજ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ અને સૂર્ય એ પાંચ પૂજનીય દેવો.

પંચાજીરી (પંજીરી, પંજરી): શ્રી કૃષ્ણ જન્મ-દિવસે વહેંચાતો પ્રસાદ – સૂંઠ, ખસખસ, ધાણા, કોપરું અને ખાંડ, તથા આયુર્વેદ પ્રમાણે ધાણા, જીરું, સૂંઠ, ગંઠોડા અને ઇન્દ્રજવ.

પંચામૃત: દેવને ધરવા માટેનાં પાંચ અમૃતો – દૂધ, દહીં, ઘી, મધ અને સાકર.

ઔષધિ પંચામૃત: સૂંઠ, કાળી મૂસળી, ગળોસત્ત્વ, શતાવરી અને ગોખરુ.

પાંચ યમ-નિયમ: સ્વચ્છતા, સંતોષ, તપ, વેદાભ્યાસ અને પ્રાર્થના.

પાંચ જ્ઞાનેન્દ્રિયો: જીભ (સ્વાદ), નાક (ઘ્રાણ), આંખ (દશ્ય), કાન (શ્રવણ) અને ત્વચા (સ્પર્શ).

પાંચ સતીઓ: અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા અને મંદોદરી.

પંચકર્મ: વૈદક શાસ્ત્ર પ્રમાણે પાંચ ઉપચાર – વમન, વિરેચન, નસ્ય, નિરૂહ (તેલ વિનાનો ઍનિમા), અને અનુવાસન (તેલવાળો ઍનિમા).

પંચવલ્લવ: પાંચ પવિત્ર વૃક્ષોનાં પાન – (૧) આંબો, ઊમરો, વડ, પીપળો અને પલક્ષ (પલાસ, ખાખરો). (૨) આંબો, જાંબુ, કોઠું, બીલી અને બિજોરી તથા (૩) ફણસ, આંબો, પીપળો, વડ અને બોરસલી.

પંચ ઉપચાર: ગંધ, પુષ્પ, ધૂપ, દીપ ને નૈવેદ્ય એ દેવપૂજાની પાંચ વસ્તુઓ.

પંચજન: (૧) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને નિષાદ, તથા (૨) ગાયક, વાદક, નર્તક, ગણિકા અને વિદૂષક.

પંચમકાર – વામ માર્ગ અનુસાર: મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન.

બુદ્ધિમાનોએ પ્રકાશિત નહિ કરવાની પાંચ બાબતો: પોતાનો ધનનાશ, પોતાનો મનઃસ્તાપ, ઘરનાં સભ્યોનું દુરાચરણ, પોતાનું થએલું અપમાન ને પોતાની થયેલી છેતરપિંડી.

પાંચ સંસારીની વ્યાખ્યાઓ: પ્રિય બોલે તે પત્ની, ઉદ્ધાર કરે તે વિદ્યા, વિશ્વાસથી વર્તે તે મિત્ર, પિતાને નિવૃત્તિ અપાવે તે પુત્ર અને જ્યાં જીવન વીતે તે દેશ.

આ પાંચ યોગ્યના હાથમાં જ સારાં: શસ્ત્ર, શાસ્ત્ર, વાજિંત્ર, ઘોડો અને વચન.

યજ્ઞમાં હોમવાનાં પાંચ સમિધો: પીપળો, આંબો, ખાખરો, ઊમરો અને ખેર.

આ પાંચ પાછાં ફરતાં નથી: સંતોનાં વચન, નદીનો પ્રવાહ, સમય, બાણ ને પ્રાણ.

શરીરના પાંચ સૂક્ષ્મ ભૂતો (તન્માત્રાઓ): શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

પાંચ વૃત્તિઓ: (૧) અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ. (૨) તમસ, મોહ, મહામોહ, તામિસ્રા અને અંધતામિસ્રા. (૩) અજ્ઞાન વિપર્યાસ, ભેદ, ભય અને શોક.

દેવો પ્રત્યે પાંચ પ્રકારની આસક્તિ: શ્રવણ, મનન, કીર્તન, આરાધના અને સ્મરણ.

પંચવર્તમાન: સાધુઓએ પાળવાના નિયમો – સૂક્ષ્મ વર્તમાન: નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન અને નિર્મોહ.

પંચ સ્થૂલ વર્તમાન: માંસ, મદિરા, ચોરી, દુરાચાર અને વટાળથી દૂર રહેવું તે.

પંચાક્ષરી મંત્ર: શૈવ ભક્તોનો – નમઃ શિવાય, રામ ભક્તોનો – રામાય નમઃ, અને વૈષ્ણવોનો – વિષ્ણવે નમઃ

પંચતૃણ: દૂર્વા, કાસ, બરુ, દર્ભ, શેરડી.

પંચનાથ: બદ્રીનાથ, દ્વારકાનાથ, જગન્નાથ, રંગનાથ અને શ્રીનાથ.

પંચકન્યા: પરિણીત છતાં અખંડ કૌમાર્યવાળી ગણાતી સ્ત્રીઓ – અહલ્યા, દ્રૌપદી, કુંતા, તારા અને મંદોદરી.

પંચલવણ: પાંચ જાતનું મીઠું – સિંધાલૂણ, સંચળ, બિડલવણ, વડાગરું અને સામુદ્રિક.

પંચપુષ્પ: ચંપો, આમ્રમોર, શમી, કમળ અને કરેણ.

પંચસુગંધક: કપૂર, કબાબચીની, લવંગ, સોપારી અને જાયફળ.

પંચશસ્ય – પાંચ ધાન્યો: ચોખા, મગ, તલ, અડદ અને જવ.

સૌરાષ્ટ્રનાં પાંચ રત્નો: નદી, નારી, ઘોડી, સોમનાથ અને હરિદર્શન (દ્વારકા).

પંચતરુ: સ્વર્ગનાં પાંચ વૃક્ષો – મંદાર, પારિજાત, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન.

પંચપિતા: જન્મદાતા, ઉપનયન કરનાર, કન્યાદાન કરનાર, અન્નદાતા (બુદ્ધિદાતા) ને રક્ષણ કરનાર, આ પાંચ પિતા સમાન છે.

પંચસૂના : સૂના એટલે ઘરમાં થતી અનિવાર્ય જીવહાનિ – ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયું અને પાણિયારું.

પંચશબ્દ : વીણા, કરતાલ, ઝાંઝ, નગારું અને શરણાઈ.

પંચધ્વનિ : વેદધ્વનિ, બંદીધ્વનિ, જયધ્વનિ, શંખધ્વનિ અને અખંડધ્વનિ.

પંચઆરતી : દીપક, કમળ ફૂલ, વસ્ત્ર, આમ્રપત્ર અને નાગરવેલનાં પાન. આ પાંચ વસ્તુઓથી દેવમૂર્તિ સમક્ષ આરતી થાય છે.

વનસ્પતિનાં પાંચ અંગો : વૈદક શાસ્ત્ર પ્રમાણેનાં – મૂળ, છાલ, પાન, પુષ્પ અને ફળ.

પંચઆબ : રાવિ, સતલજ, બિઆસ, ચિનાબ અને જેલમ. આ પાંચ નદીઓનો પ્રદેશ (પંજાબ).

આ પાંચ બાબતો સ્વર્ગમાં નથી : શોક, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, દુ:ખ અને ભય.

પાંચ ઇન્દ્રિયો : વાણી, હાથ, પગ, ગુદા અને લિંગ.

પાંચ પ્રકારનાં વર્ષો : સૌર વર્ષ (૩૬૫ દિવસ), બાર્હસ્પત્ય વર્ષ (૩૬૧ દિ.). સાયન વર્ષ (૩૬૦ દિ.), ચાંદ્ર વર્ષ (૩૫૪ દિ.) અને નાક્ષત્ર વર્ષ (૩૨૪ દિ.)

પાંચ પ્રકારનાં વર્ષો : સંવત્સર (સૂર્યની ગતિથી), પરિવત્સર (બૃહસ્પતિની ગતિથી), ઈડાવત્સર (ત્રીસ દિવસના મહિનાથી), અનુવત્સર (ચંદ્રની ગતિથી) અને વત્સર (નક્ષત્રોની ગતિથી).

દેવપ્રતિમા સમક્ષ કરવાનાં પાંચ કર્મો : દર્શન, સ્પર્શ, સત્કાર (પૂજા), સ્તુતિ ને વંદન.

પાંચ યજ્ઞો : અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ અને સોમ.

અધર્મનાં પાંચ મૂળ : અસત્ય, મદ, પરસ્ત્રીમાં ચિત્ત, ક્રૂરતા અને વેર.

સંસારીઓની પાંચ આસક્તિઓ : સ્ત્રી, ઘર, પરિવાર, દ્રવ્યોપાર્જન અને વ્યવહાર.

આ પાંચથી ઉપકારવશ રહેવું : માતાપિતા, ગુરુ, અન્નદાતા, પ્રાણદાતા અને રાજા.

અનુમાનના પાંચ અવયવો : પક્ષ, સાધ્ય, હેતુ, વ્યાપ્તિ અને દૃષ્ટાંત.

સાચા પુત્રનાં પાંચ લક્ષણો : માતાપિતાને નિવૃત્તિ અપાવે, યાત્રા કરાવે, સેવા કરે, ઘડપણ પાળે અને શ્રાદ્ધ કરે.

આ પાંચ એકએક વિષયમાં આસક્ત હોવાથી મૃત્યુ પામે છે : પતંગિયું (દીવાથી), હાથી (હાથણીથી), હરિણ (સંગીતથી), ભમરો (કમળથી) અને માછલી (કાંટાથી).

પાંચ હસ્તમુદ્રાઓ : વરદમુદ્રા, અભયમુદ્રા, વ્યાખાનમુદ્રા, જ્ઞાનમુદ્રા અને અંજલિમુદ્રા.

હિંદુ ધર્મની પાંચ શાખાઓ : વૈષ્ણવ (વિષ્ણુ), શૈવ (શિવ), શાક્ત (શક્તિ, દેવી), ગાણપત્ય (ગણપતિ) અને સૌર (સૂર્ય).

પંચદેવોનાં સ્થાન : ઇષ્ટદેવ સૂર્યનું મધ્યમાં, ગણેશનું અગ્નિકોણમાં, અંબિકા (દેવી)નું વાયવ્યમાં, રુદ્ર (શિવ)નું ઈશાનમાં અને કેશવ (વિષ્ણુ)નું નૈઋત્યમાં.

આ પાંચ છુપાયેલાં રહેતાં નથી : ઇશક (ઇશ્ક), મુશક (મુશ્ક), અદાવત, ખાંસી ને સુરાપાન.

પાંચ ક્લેશ : ભગવાન પતંજલિએ બતાવેલા – અવિદ્યા, અસ્મિતા (હુંપદ), રાગ, દ્વેષ અને અભિનિવેશ.

આ પાંચમાં હાથ નાખવો નહિ : સિંહની મૂછ, નાગનો મણિ, શાહુડીનાં પીંછાં, શીલવંતીની આબરૂ અને કૃપણનું ધન.

પાંચ માતાઓ : રાજપત્ની, ગુરુપત્ની, મિત્રપત્ની, સાસુ અને સ્વમાતા.

પાંચ જાતની દેવ-ઉપાસનાઓ : પૂજાત્મક, વ્રતાત્મક, પાઠાત્મક, જપાત્મક ને હવનાત્મક.

'સૂર્ય કવચ'માં સૂર્યનાં પાંચ નામો : પ્રણવ, ઘૃણિ, સૂર્ય, આદિત્ય અને મનૂત્તમ.

બુદ્ધિવિકાસનાં પાંચ સાધનો : વાચન, લેખન, વિચાર, પૃચ્છા અને પંડિત-સેવન.

આત્મતીર્થ : આત્મારૂપી નદી, સંયમરૂપી ઘાટ, સત્યરૂપી જળ, શીલરૂપી કિનારા અને દયારૂપી તરંગો.

આ પાંચ રમણીય લાગે છે : ચંદ્રનું કિરણ, તૃણયુક્ત વનપ્રદેશ, સજ્જનનો સમાગમ, શાંતિમય સુખ અને પ્રિયાનું આંસુવાળું મુખ.

આ પાંચની પડોશમાં રહેવું નહિ : ધનવાન, બ્રાહ્મણ, વકીલ, વૈદ અને જળાશય.

આ પાંચનો વિશ્વાસ કરવો નહિ : નદી, નહોર અને શીંગડાંવાળું પ્રાણી, હથિયારધારી, સ્ત્રી અને રાજા.

કાગડા પાસેથી શીખવા જેવા પાંચ ગુણો : ગુપ્ત મૈથુન, ધૈર્ય રાખવું, કાળની પ્રતીક્ષા કરતા રહેવું, આળસ રાખવી નહિ ને કોઇના ઉપર વિશ્વાસ રાખવો નહિ.

આ પાંચ હોતાં નથી : સુવર્ણમાં સુગંધ, શેરડીને ફળ, ચંદનને ફૂલ, વિદ્વાનને ધન અને ચિરંજીવી લક્ષ્મી.

પાંચ સદા પવિત્ર વૃક્ષો : વડ, પીપળો, બીલી, ઉમરો અને અશોક.

પાંચ પવિત્ર સ્થાનો : ગૌશાળા, ગુરુઘર. દેવમંદિર, જંગલ અને તીર્થસ્થાન.

મધુપર્કની પાંચ ચીજો : વર અથવા અતિથિને સત્કારવા મધુપર્ક અપાય છે તે મધ, દહીં, ઘી, સાકર અને પાણીનું મિશ્રણ.

ગુણવાન હોવાને કારણે આ પાંચ શિક્ષા ભોગવે છે : મેના-પોપટને પિંજર, મોતીમાં વેધ, બળદને નાથ, ઘોડાને લગામ ને કૂતરાને સાંકળ.

આ પાંચને નમસ્કાર ન કરવા : દૂર ઊભેલાને, જળમાં રહેલાને, દોડતાને, ગર્વિષ્ઠને ક્રોધે ભરાયેલાને અને મદોન્મત્તને.

આ પાંચ 'જ'કાર પૂરા પુરાતા નથી : જમાઇ, જઠર, જાયા, જાતવેદ અને જળાશય.

આ પાંચ જકાર પૂજનીય છે : જનની (માતા), જન્મભૂમિ, જાહ્નવી (ગંગા), જનાર્દન (કૃષ્ણ) અને જનક (પિતા).

આ પાંચ અપવિત્ર છે છતાં પવિત્ર મનાય છે : દૂધ (વાછરડે ધાવીને એઠું કરેલું), શિવનિર્માલ્ય (શિવના માથે ચઢીને ઊતરેલું), મધ (ફૂલરસ ચૂસીને ઓકીને ઊલટી કરેલું), રેશમ (રેશમના કીડાને ઉકાળીને તેની ઉપરથી કાઢેલું–શબનું કફન) અને પીપળો (મૂળમાં કાગ વિષ્ટાવાળો–કાકવિષ્ટા થકી ઉત્પન્ન થએલો).

સુંદર યુવતી અને ભિક્ષુકની તુંબડીને સરખી રીતે લાગુ પડતાં પાંચ વિશેષણો : તન્વી, ચારુપયોધરા, સુવદના, શ્યામા અને મનોહારિણી.

આ પાંચની પરીક્ષા થતી નથી : આભ, ગાભ, વર્ષાકાળ, સ્ત્રી-ચરિત્ર અને રોતાં બાળ.

આ પાંચ મનુષ્યના પોતાના જ અપરાધનાં ફળ છે : દારિદ્ર, રોગ, દુ:ખ, બંધન ને સંકટ.

આ પાંચ અવગુણો હોય છતાં પોતાનો પુત્ર વહાલો લાગે છે : અવિનયી, કુરૂપ, મૂર્ખ, વ્યસની અને દુષ્ટ.

આ પાંચ વધેલાં સારાં નહિ : નિર્ધનના મનોરથ, કૃપણની દાનવૃત્તિ, વૃદ્ધની કામવૃત્તિ, દેવાળિયાની માનભૂખ ને વિધવા સ્ત્રીનું રૂપ.

પાંચ શાસ્ત્ર-કર્તાઓ : ધર્મશાસ્ત્રોના મનુ, અર્થશાસ્ત્રોના ચાણક્ય, કામશાસ્ત્રના વાત્સ્યાયન, વૈદકશાસ્ત્રના ચરક તથા સુશ્રુત અને વ્યાકરણશાસ્ત્રના પાણિનિ.

પંચભદ્ર અશ્વ : કાળજું, મોં, પીઠ, પડખું અને કેડ આગળ ભમરો હોય તેવો અશ્વ.


પંચમહાકાવ્યો : રઘુવંશ, કુમારસંભવ, શિશુપાલ-વધ, કિરાતાર્જુનીય અને નૈષધીય ચરિત.

પંચાવયવ : પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન.

કામદેવના પાંચ નામો : મદન, અનંગ, સ્મર, મનોભૂ અને રતિપતિ.

કામદેવનાં પાંચ બાણ : સંમોહન, ઉન્માદન, શોષણ, તાપન અને સ્તંભન.

કામદેવના બાણ ઉપરનાં પાંચ પુષ્પો : કમળ, આસોપાલવનું ફૂલ, સરસવનું ફૂલ, આમ્રમંજરી અને નીલોત્પલ એટલે કે ભૂરું કમળ. ☐



બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાએટી

ભારતમાં પ્રકૃતિવિજ્ઞાનના અભ્યાસનો પાયો નાખનાર વિશ્વખ્યાત શતાયુ સંસ્થા

સુશ્રુત પટેલ

ઈ. ૧૮૮૩ની ૧૫મી સપ્ટેમ્બરે મુંબઈમાં આઠ પ્રકૃતિપ્રેમીઓ ભેગા મળ્યા. એમાંથી બે મહારાષ્ટ્રીયન ને છ અંગ્રેજ. આ પૈકી ચાર ડૉક્ટર, એક સૈનિક, એક સનદી નોકર, એક વકીલ અને એક કસ્ટમ અફસર નામે એટકિન (E. H. Aitken). આ છેલ્લા મહાશય લખવાના શોખીન. ઘરના બાગબગીચામાં જોવા મળતાં પંખીઓ અને જીવાત ઉપર એમણે ત્યારે એક પુસ્તક પણ લખેલું —'The Tribes on My Frontier.'

આ આઠ જણાએ એવું ઠરાવ્યું કે મહિનામાં એક વખત સૌએ ભેગા થવું, પ્રાણીઓ અને વનસ્પતિનાં અવલોકનોનો પરસ્પર વિનિમય કરવો, પોતાને મળેલા નમૂના રજૂ કરવા અને બનતા પ્રયત્ને એકબીજાના અભ્યાસને ઉત્તેજન આપવું.

આ રીતે ભાયખલામાં આવેલા આલ્બર્ટ મ્યુઝિયમમાં એમની પ્રથમ સભા યોજાઈ. આગળ જતાં આ મંડળમાં દારૂના એક વેપારી ફિપ્સન (H. M. Phipson) પણ જોડાયા. થોડોક વખત ત્યાં એકઠા થયા પછી સન ૧૮૮૪માં મંડળના મંત્રી નિમાએલા ફિપ્સને કોટમાં પોતાની ઑફિસનો એક ફાજલ ઓરડો નમૂના રાખવા તથા સભાઓ ભરવા માટે વગર ભાડે વાપરવા આપ્યો. શહેર મધ્યે આવતાં જ એની પ્રગતિ એટલી ઝડપથી થઈ કે એ ઓરડો નાનો પડવા લાગ્યો. અનુકૂળ નવું મકાન મળ્યું નહિ, એટલે ફિપ્સન પાસેથી જ એમના બીજા મકાનનો સગવડવાળો ભાગ માગી લીધો, પણ આ વખતે ભાડું આપવાનું ઠરાવ્યું. મંડળનું દફતર અને ગ્રંથસંગ્રહ પણ ત્યાં જ રાખવામાં આવ્યાં. એ સ્થળ તે ૬, ઍપોલો સ્ટ્રીટ.

આગળ જતાં વાઈસરૉય અને ઇંગ્લૅંડના પાટવીકુંવર એના પૅટ્રન (આશ્રયદાતા) બન્યા, તો એ સમયના ભારતીય રાજામહારાજાઓ જેવા એના વાઈસ પૅટ્રન બન્યા. તત્કાલીન ગવર્નર મંડળના પ્રમુખ બન્યા. અને આમ, આ મહાનુભાવોની આર્થિક સહાય અને હૂંફ મળતાં એક નાનકડો છોડ વધીને વૃક્ષનું રૂપ ધારણ કરવા લાગ્યો.

આ સંસ્થા તે 'બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી.' ભારતનાં પક્ષી-પ્રાણીઓ અને વનસ્પતિનાં અભ્યાસ-અવલોકન અને જતન કરનાર અનેક રીતે અદ્વિતીય એવી પ્રકૃતિપ્રેમીઓની સંસ્થા.

દારૂ અને પ્રકૃતિપ્રેમીઓ જાણે બે ભેગાભેગા ચાલતા હોય એવી શંકા જાય એવું છે. મુંબઈની આ સંસ્થાની પ્રારંભની પ્રવૃત્તિ જેમ એના ઉત્સાહી મંત્રી અને દારૂના વિખ્યાત વેપારી ફિપ્સનની દારૂની પેઢી પર જ થતી હતી, તેવી જ રીતે ઇંગ્લૅંડની રૉયલ જ્યૉગ્રૅફિકલ તેમજ ઝૂઑલૉજિકલ અને બીજી કેટલીક વિખ્યાત સોસાએટીઓનાં આરંભનાં મળવાનાં સ્થાન પણ દારૂનાં પીઠાં જ હતાં! આઘે ક્યાં જવું? શ્રી હરિનારાયણ આચાર્ય અને અન્ય સાતેક જેટલા પ્રકૃતિપ્રેમીઓએ સ્થાપેલા 'ગુજરાત પ્રકૃતિ મંડળ'ની પ્રવૃત્તિનો આરંભ પણ દારૂની દુકાનમાં જ થયેલો. ફેર એટલો કે ગુજરાત પ્રકૃતિ-મંડળને જે મકાન મળ્યું તે દારૂબંધીને લીધે ખાલી થએલું અને મંડળના મંત્રીનું નહિ, પણ દારૂબંધીને લીધે ભારે આર્થિક નુકસાનમાં ઊતરવા છતાં પણ પૂર્ણ સહાનુભૂતિવાળા શ્રી ખોરશેદજી સીગનપોરિયા નામના એક ઉત્સાહી સહૃદય પારસી સભ્યનું હતું.

આજે 'બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી' લાયન ગેટની સામે, શહીદ ભગતસિંહ રોડ ખાતે આવેલા 'હૉર્નબિલ હાઉસ'માં પથરાએલી છે, પણ આ સ્થળે સ્થાયી થતાં અગાઉ એણે બીજે સ્થળે હંગામી રહેવાના દિવસો પણ જોએલા છે. આમ, ભાયખલાથી આરંભાઇને 'હૉર્નબિલ હાઉસ' – કાલાઘોડા વિસ્તાર સુધી અનેક લીલીસૂકી તેણે જોઈ નાખી છે, અને છતાંય સંસ્થાના કર્મનિષ્ઠ પ્રકૃતિપ્રેમીઓને કારણે આ સંસ્થા આજ સુધી ટકી છે – વૃદ્ધિ પામી છે.

△ મથાળે: વિલિયમ. ઈ. ૧૮૯૪ થી ૧૯૨૦ સુધી સોસાએટીના મકાનમાં રહી સૌ સભ્યોનો લાડીલો બની ગએલો 'ચિલોત્રો' (હૉર્નબિલ), સોસાએટીની ધ્યાનસંજ્ઞામાં રેખાંકિત થએલો. બાજુમાં ડાબી બાજુ: સોસાએટીના એક ખ્યાતનામ સભ્ય ઈ. એચ. એટકિનનું કૅરીકૅચર. પોતાના નામના પ્રથમાક્ષરો (Eha) ના તખલ્લુસથી એમણે ઘણું લખ્યું છે. 'ધ ટ્રાઇબ્સ ઑવ માય ફ્રન્ટીઅર' એમનું પક્ષીઓ અને જંતુવિષયક એક જાણીતું પુસ્તક છે. સોસાએટીના 'જર્નલ'ના આરંભમાં તેઓ તેના એક સંપાદક હતા. ડાબી બાજુ: એચ. એમ. ફિપ્સન. ૨૭ વર્ષ સુધી સોસાએટીનું મંત્રીપદ સંભાળી તેના ઉત્કર્ષમાં એમણે ઘણો મોટો ફાળો આપ્યો હતો.





આરંભમાં મુંબઈમાં રહેનારા જ એમાં રસ લેતા. પણ કાર્યક્ષેત્ર વધવાની સાથે બહારના સભાસદો પણ જોડાતા ગયા. એક કાળે જ્યારે એની સભ્ય-સંખ્યા ૯૦૦ જેટલી હતી અને એમાંના મોટા ભાગના યુરોપીઅનો હતા, ત્યારે સાત જેટલા ગુજરાતીઓ એના સભ્ય હતા, જેમાંથી ત્રણ તો એકલા અમદાવાદમાંથી જ હતા. આજે આ સંસ્થામાં કુલ ૭ પ્રકારના થઈને લગભગ બે હજાર જેટલા સભ્યો છે, એમાંથી થોડાક પરદેશના પણ છે.

સભાસદોના વધવા સાથે સોસાએટીનો સંગ્રહ પણ વધતો ચાલ્યો. સરતન પ્રાણીઓ (મેમલ્સ)ના નમૂનાઓમાંથી થોડાક બાદ કરીએ તો સોસાએટીનો આજનો વિશાળ અને અમૂલ્ય સંગ્રહ, દેશના ખૂણે-ખાંચરેથી વિદ્યાવ્યાસંગી સભ્યોએ સ્વેચ્છાએ ખંતથી ભેગા કરી મોકલેલા નમૂનાઓમાંથી જ ઘડાયો છે. એમાં એક કાળે જીવતાં પ્રાણીઓ પણ રાખવામાં આવતાં હતાં. જેમ કે ૧૫ ફૂટ લાંબો મલેશિયાનો એક અજગર. આવું એક જીવંત પંખી – ચિલોત્રો (હૉર્નબિલ) તેની કચેરીમાં ૧૮૯૪થી જોવા મળતું હતું. એનું નામ વિલિયમ પાડવામાં આવેલું. આ ચિલોત્રો અકસ્માતથી ૧૯૨૦માં મરી ગયો. એના ચર્મદેહને મઢીને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં રાખીને એની સ્મૃતિને ચિરંજીવ બનાવવામાં આવી છે. એની સ્મૃતિને જાળવવા માટે ૧૯૬૫થી કાયમી થએલા સંસ્થાના મકાનને તેમજ એના એક સામયિકને 'હૉર્નબિલ' નામ અપાયું છે. આ ઉપરાંત સંસ્થાના પ્રતીક (Emblem) તરીકે પણ એનો સ્વીકાર થએલો છે. સંસ્થાના આ શતાબ્દી વર્ષ નિમિત્તે બહાર પડેલી ખાસ ટપાલ-ટિકિટ ઉપર પણ એનું જ ચિત્ર અપાયું છે.

ઈ. ૧૯૦૪માં આજના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમના શ્રીગણેશ મંડાયા. સરકારે મુંબઈની જનતા માટે પુસ્તકાલય અને સંગ્રહસ્થાન સ્થાપવાને લગતી એક યોજના ઘડી. આ કાર્ય માટે નિમાએલી કમિટીમાં શ્રી ફિપ્સનને પણ સ્થાન મળેલું. એમણે સરકારને સૂચવ્યું કે મ્યૂઝિયમ ત્રણ વિભાગમાં વહેંચવું. જેમાં એક વિભાગ લલિતકલા અને સ્થાપત્યનો, બીજામાં પુસ્તકાલય અને ત્રીજા વિભાગમાં પક્ષી-પ્રાણીઓના નમૂના રાખવા. એ ત્રણેનાં મકાન પરસ્પર સંકળાએલાં પણ સ્વતંત્ર બાંધવાં. સરકારે આ યોજના માન્ય રાખી, પરિણામે આજનું પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ અસ્તિત્વમાં આવ્યું. ફિપ્સને પોતાનો અંગત તેમજ સોસાએટીનો સંગ્રહ સામાન્ય જનતાના લાભાર્થે આ મ્યૂઝિયમના ટ્રસ્ટીઓને સોંપી દીધો.

આમ, પ્રાણીઓ, પંખીઓ, માછલાં, પતંગિયાં, ઈંડાં વગેરે વધુ સારી રીતે પ્રદર્શિત થઈ શક્યાં. આ માટે સોસાએટીના એ વખતના ક્યૂરેટર પ્રેટર (Stanley Prater) અને સહાયક ક્યૂરેટર વનસ્પતિશાસ્ત્રી મૅકકેન (Charles Macann)નો ફાળો બહુ મોટો હતો. એમણે નમૂનાઓને કાચના મોટા શોકેસમાં મૂકવાની નવીન પદ્ધતિ અમલમાં મૂકી. પ્રેટર પ્રખર પ્રાણિશાસ્ત્રી હતા. એમનું લખેલું 'The Book of Indian Animals' ઘણું જાણીતું છે. સુરખાબ (ફ્લૅમિંગો)નો અભ્યાસ કરવા મૅકકેન જાતે કચ્છ ગએલા અને એ ઉપરથી આ પંખીઓના સુંદર શોકેસ એમણે તૈયાર કરેલો. આવી જ રીતે, પ્રત્યક્ષ પરિચયના હેતુથી સોસાએટીએ તથા મ્યૂઝિયમે એમને દેશ-વિદેશોમાં નિરીક્ષણ અર્થે પણ મોકલેલા.

સંસ્થાનો પોતાનો સંગ્રહ દોઢ લાખથી કદાચ વધુ એવાં અમૂલ્ય નમૂનાઓ ધરાવે છે. જો કે આમાંના મોટા ભાગના નમૂના જટિલ હોઈ સંશોધનાર્થીઓ માટે જ સુગમ જણાય છે. પ્રમાણમાં સહેલા અને રસપ્રદ નમૂનાઓ તો પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં રખાએલા છે જ. સંસ્થાના પુસ્તકાલયમાં લગભગ દસ હજાર પુસ્તકો છે. આમાંનાં કેટલાંક તો દુર્લભ છે. પુસ્તકો બહારગામના સભ્યોને પણ વાંચવા માટે મોકલવામાં આવે છે.

યોગ્ય અભ્યાસીઓને આ સંસ્થા શિષ્યવૃત્તિઓ પણ આપે છે. મુંબઇ યુનિવર્સિટીએ સંસ્થાના વિદ્યાર્થીઓને માન્ય રાખી, પ્રકૃતિશાસ્ત્રના વિષયોમાં ડૉક્ટરેટની પદવીઓ આપવા માંડી છે. સંસ્થાએ ૧૯૫૮થી આજ સુધીમાં પાંચ એમ. એસ સી. ને પાંચ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ આપ્યા છે.

સંસ્થાએ ભૂતકાળમાં અનેક મોટાં સંશોધન-પ્રૉજેક્ટ હાથ પર લીધેલા. જેમ કે ૧૯૧૧ થી ૧૯૨૩ સુધી ભારતનાં સરતન પ્રાણીઓની મોજણી. એ પછી ૧૯૨૯થી પક્ષીઓની મોજણી હાથ ધરાઇ જે આજ દિન સુધી ચાલુ જ છે. આ ઉપરાંત, ગિરના સિંહો અને તેના શિકાર અંગેનાં પાસાંઓનો અભ્યાસ થયો છે. સંસ્થાની પ્રવૃત્તિનો વ્યાપ છેક ઇરાક-ઇરાનના અખાતના ટાપુઓ વગેરે પ્રદેશો સુધી પણ એકકાળે પ્રસરેલો. પક્ષીઓનાં સ્થળાંતરનો અભ્યાસ કરવા માટે એમને 'રિંગ' પહેરાવવાના ખર્ચાળ પ્રયોગો પણ ૧૯૬૦થી આરંભાયા છે, અને આજ સુધીમાં આશરે બે લાખ જેટલાં પક્ષીઓને આવી વીંટી પહેરાવાઇ છે.

છેલ્લાં પાંચેક દાયકાથી સંસ્થાનો ઝોક પ્રકૃતિના સંરક્ષણ તરફ વધુ રહ્યો છે. આપણા યુગનો આ પ્રાણપ્રશ્ન ગણી સંસ્થા એને ઉચિત ન્યાય આપી રહી છે. લોકોમાં પર્યાવરણ અને સંરક્ષણ અંગેની સભાનતા લાવવાનું કાર્ય શિબિરો, નિયમિત પર્યટનો અને નાના-મોટા પ્રવાસો વગેરે દ્વારા ચાલી રહ્યું છે. આવા પ્રવાસોમાં નિષ્ણાત વ્યક્તિઓ સાથે રહેતી હોવાથી તે ઘણા માહિતીપ્રદ બની રહે છે.

સંસ્થાએ આ ઉપરાંત, વ્યવહારમાં ઉપયોગી એવી નાની-નાની પુસ્તિકાઓ અને ચાર્ટ્સ (આલેખો) જુદી જુદી ભાષામાં પ્રસિદ્ધ કર્યાં છે. વળી, દર વર્ષે પ્રકૃતિની ખૂબીઓ દર્શાવતાં આકર્ષક કૅલેન્ડર કાઢીને પણ લોકોનું ધ્યાન કુદરત તરફ દોરવા જેવા સ્તુત્ય પ્રયત્નો થાય છે. આ ઉપરાંત, સંસ્થા લોકભોગ્ય શૈલીમાં 'હૉર્નબિલ' નામનું એક રૂપકડું ત્રૈમાસિક પણ પ્રકટ કરે છે જે સંસ્થાના સભ્યોને વિનામૂલ્યે મળે છે.

પરંતુ સોસાએટીની સફળતમ પ્રવૃત્તિ તો છે એનું 'જર્નલ.' વર્ષમાં તે ત્રણ વાર પ્રકટ થાય છે, અને સભ્યોને એ પણ વિનામૂલ્યે મળે છે. આ 'જર્નલ'ની ગણના એક સમૃદ્ધ સામયિક તરીકે થાય છે. આજથી સત્તાણું વર્ષ પહેલાં, એટલે કે જાન્યુઆરી ૧૮૮૬માં એનો પહેલો અંક પ્રસિદ્ધ થએલો. આ જર્નલના પ્રથમ તંત્રીઓ હતા એટકિન ('Eha') અને સ્ટર્નડેલ (Robert Sterndale). આ તંત્રીઓએ આરંભથી જ આ 'જર્નલ'માં ઉચ્ચતર વૈજ્ઞાનિક લેખોને સ્થાન આપવાનું વલણ અપનાવેલું. એનો પ્રથમ અંક પ્રસિદ્ધ થયો ત્યારે સોસાએટીની સભ્ય-સંખ્યા ૨૩૫ હતી. એનાં રૉયલ સાઇઝનાં ૩૦ પાનાંમાં સોસાએટીનાં પાછલાં ત્રણ વર્ષનો ઇતિહાસ અને માત્ર ત્રણ જ લેખ હતા. આજે દર વર્ષે આશરે ૮૦૦ પાનાં જેટલું સમૃદ્ધ વાચન એ પીરસે છે. ભારતનાં પંખીઓનો અદ્ભુત પરિચય મેળવનાર સ્ટુઅર્ટ બૅકર, આપણી સર્પવિદ્યાનું સમગ્ર શાસ્ત્ર રચી આપનાર વૉલ, ફૂદાં-પતંગિયાંનાં જીવનના અભ્યાસની નવી પદ્ધતિ શરૂ કરનાર નીસેવિલ (Lionel de Niceville), ફ્રેઝર, ઍવન્સ અને બેલ, વનસ્પતિના સમર્થ જ્ઞાતા કીર્તિકર અને બ્લેટર, પશુ-વંશ-વિશારદ પોકોક જેવા અનેક પ્રખર વિદ્વાનોની વરસો સુધી ચાલેલી લેખમાળાઓથી એનાં પૃષ્ઠો સમૃદ્ધ બન્યાં છે. ભારતનાં પ્રાણીઓ અને વનસ્પતિનો અભ્યાસ કરનારને આ જર્નલો વાંચ્યા વગર ચાલી શકે જ નહિ.

ભારતીય પક્ષીઓના જગમાન્ય મહાવિદ્વાન ડૉ. સાલિમ અલી આજે આ સંસ્થાના પ્રમુખ છે. આ સંસ્થા સાથેનો એમનો સંબંધ છેક ૧૯૩૦થી – કદાચ એથીય પહેલાંનો છે. વાત આમ હતી, નાનકડા

સાલિમને પક્ષીઓનો શોખ તો બચપણથી જ, પરંતુ એ કેવળ ગિલોલની નિશાનબાજી પૂરતો. સાચી ઉત્કંઠા તો એક અકસ્માતથી પ્રકટેલી.

એક દિવસ પીળી ગરદનવાળી એક ચકલી એમની ગિલોલબાજીની હડફેટમાં આવી ગઈ. અજાણ્યું એ નવું પક્ષી જોઈને એનું નામ જાણવાનું કુતૂહલ થતાં એ લઈને તેઓ પોતાના કાકા શ્રી અમીરૂદ્દીન તૈયબજી પાસે ગયા. કહે છે કે અમીરૂદ્દીન મુંબઈની આ સંસ્થાના આદ્ય સ્થાપકોમાંના એક હતા. પણ એમને પણ એ નવું પક્ષી અજ્ઞાત લાગ્યું. એટલે એમણે સોસાએટીના એ વખતના મંત્રી ડબલ્યુ. એસ. મિલાડ ઉપર ભલામણ લખી આપી. એ ચિઠ્ઠી લઈને સાલિમ અલી ગયા એ વખતે શ્રી એન. બી. કિન્નિયર પણ ત્યાં હતા. (આ કિન્નિયર પાછળથી લંડનના બ્રિટિશ મ્યૂઝિયમના પ્રાણીસંગ્રહ-વિભાગના સંચાલક બન્યા હતા.) એમણે પક્ષીને ઓળખી આપ્યું. એ હતું રાજી (Yellow Throated Sparrow). એની રસમય ઓળખાણ કરાવીને મંડળના સંગ્રહમાંના એ પક્ષીના અન્ય નમૂના પણ કિન્નિયરે નાનકડા સાલિમને દેખાડ્યા. ઉપરાંત, જિજ્ઞાસાને સંતોષવા માટે પક્ષીઓ સંબંધી કેટલાંક પુસ્તકો પણ સૂચવ્યાં. આ પ્રસંગ આશરે સને ૧૯૦૮માં બનેલો. એ સમયે સાલિમની ઉંમર હશે બારેક વર્ષની. આ નાનકડા પ્રસંગે સાલિમ અલીનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો અને આપણા સદ્ભાગ્યે આપણને એક શ્રેષ્ઠ પક્ષીવિશારદ સાંપડ્યા. આવી જ રીતે સંસ્થાના એક અન્ય સભ્ય હ્યુ વ્હીસ્લર (Hugh Whistler)નો પરિચય પણ સાલિમ અલી માટે પ્રેરણાદાયી બની રહ્યો. વ્હીસ્લર ૧૯૦૯થી ૧૯૨૬ દરમિયાન પંજાબના પોલીસખાતામાં હતા. એમનું લખેલું 'Popular Handbook of Indian Birds' ઘણું જાણીતું છે.

ડૉ. સાલિમ અલી સંસ્થાના સભ્યોએ એમને પક્ષી-નિરીક્ષણ માટે ઉત્સાહિત કરેલા એનું જાણે ઋણ ચૂકવતા હોય તેમ આ સંસ્થાને આજે ધબકતી રાખી રહ્યા છે અને પોતાનાં તન, મન અને ધનથી સંસ્થાને સેવા આપી રહ્યા છે. પોતાને મળેલા એક પુરસ્કારના આશરે સાડા-ત્રણ લાખ રૂપિયા પણ આ ભલા માણસે સંસ્થાને વાપરવા આપી દીધા હતા !

સંસ્થાએ પોતે પણ અનેક પુસ્તકો પ્રસિદ્ધ કરેલાં છે, જેમાં આ ડૉ. સાલિમ અલીનું 'The Book of Indian Birds.' આજે યે લોકપ્રિયતાની ટોચ ઉપર છે.

સંસ્થાના હાથ ઉપર હાલમાં ચારેક જેટલાં મોટાં પ્રૉજેક્ટ છે. જેમ કે વિમાન-મથકો નજીક પક્ષીઓની અડચણનો વૈજ્ઞાનિક અભ્યાસ. ડૉ. ગ્રબ (R. B. Grubb) જેવા નિષ્ણાતો આ માટે કામે લાગેલા છે. બીજો પ્રૉજેક્ટ છે વિલુપ્ત થતી જતી કેટલીક પશુ-પંખીઓની જાતોનો અભ્યાસ અને તેમનું વસ્તીશાસ્ત્ર. દા. ત. એશિયાઈ હાથી અને ઘોરાડ (The Great Indian Bustard). ત્રીજા પ્રૉજેક્ટનો સંબંધ ભરતપુરના અભયારણ્યના પર્યાવરણ સાથે છે. ચોથો પ્રૉજેક્ટ ભારતના પશુ-પંખીઓની સમગ્ર હિલચાલ અને તેમની વસ્તી અંગેનો છે. આ બધા પ્રૉજેક્ટમાં કુલ ૮૦ જેટલા વિશેષજ્ઞો કામ કરી રહ્યા છે.

પોતાની શતાબ્દીના આ વર્ષ દરમિયાન સંસ્થા ભારતના સર્વપ્રથમ પ્રાકૃતિક ઇતિહાસનો જ્ઞાનકોશ પ્રકટ કરશે. આ ઉપરાંત, પર્યાવરણ, પ્રાકૃતિક ઇતિહાસ તેમજ પંખી-પ્રાણીને લગતાં કેટલાંક પુસ્તકો પણ પ્રસિદ્ધ કરશે. વળી જર્નલમાંથી પંચોતેર જેટલા લેખોનો સંગ્રહ તથા ભારતીય સરિસૃપો વિષેનું એક પ્રકાશન પણ કરશે. આમાંનાં કેટલાંક પ્રકાશનો તો આજ સુધીમાં થઈ પણ ગયાં છે. આ ઉપરાંત, પંખીઓના અવાજો રજૂ કરતી 'ટેપ-કેસેટો'નું પણ વેચાણ કરાશે. વિવિધ પ્રદર્શનો તથા આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફિક સ્પર્ધાઓનું આયોજન પણ કરાયું છે. સંશોધન-પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે બોરીવલી રાષ્ટ્રીય ઉદ્યાન પાસેના બારેક હેક્ટર પ્લૉટ માટે સોસાયટીએ મહારાષ્ટ્ર સરકારને કરેલી વિનંતીનો સ્વીકાર પણ હવે તો થયો છે.

વરસતા વરસાદમાં તમે કોઈ ઘેઘૂર વૃક્ષનો આશરો લીધો હશે, કોઈ સુંદર ફૂલનો મઘમઘાટ માણ્યો હશે, લીલીછમ વનરાજિ જોઈને આંખ ઠારી હશે કે પછી શ્રદ્ધાથી તમારી પ્રિય વ્યક્તિને હારતોરા પહેરાવ્યા હશે. કોઈ મધુર સવારે દેવચકલી, પિદ્દા, શામા કે પછી દૈયડ જેવાં પંખીઓનાં ગીતોથી તરબતર થઈને આંખો ખોલી હશે; શ્રદ્ધાથી છાપરા ઉપર કાગવાસ ધર્યો હશે. જીવન સાથે વણાઈ ગએલી આ બધી ઘટનાઓથી ભાગ્યે જ કોઈ અલિપ્ત રહી શકે. સંભવ છે કે આ બધાં સાથે બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટીને સંબંધ રહ્યો હોય! આવી સંસ્થામાં રસ લેવો તે આપણી જાતમાં રસ લેવા બરાબર છે. જીવનમાં મળતી અનેક નિઃશુલ્ક વસ્તુઓની કદરદાની શીખવતી આ સંસ્થા સમગ્ર ભારતનું ગૌરવ છે. એના સભ્ય બનવાની ઇચ્છા ભલે ન થાય, પણ એની એકાદ મુલાકાત નહિ લો તો ઘણું ગુમાવ્યાનો વસવસો તો રહી જશે જ.

અનુસંધાન] જ્યૉર્જ ફૉક્સ [પૃષ્ઠ ૧૯૦થી

પહોંચી ગયો. પસંદગી કરનારાઓને એણે નોકરોના પગારની બાબતમાં અન્યાય ન થાય તે જોવા વિનવ્યા અને બીજી બાજુ નોકરોને એણે પોતાની ફરજ યોગ્ય રીતે અને પ્રામાણિકપણે બજાવવાની સલાહ આપી.

માનવીય સંબંધોમાં સહૃદયતા અને ન્યાયનો તેનો આગ્રહ હતો. જીવનભર એ આ માટે એકથી બીજા સ્થળે કે બીજા દેશોમાં ભટકતો રહ્યો. ઈ. ૧૬૭૦માં અમેરિકા જઈ વસેલા ક્વેકરપંથીઓને થતી સતામણી વિષે સાંભળીને 'ઇન્ડસ્ટ્રી' નામના એક નાનકડા વહાણમાં ત્યાં જવા નીકળ્યો. આ વહાણમાં સતત પાણી ભરાયા કરતું હોઈ તેના ખલાસીઓ અને પ્રવાસીઓને તેને ડૂબતું બચાવવા રાતદિવસ ડંકી ચલાવ્યા કરવી પડતી હતી. પાણી અને પવન ઉપરાંત દરિયાઈ લૂંટારાઓનો યે એમને સતત ભય રહેતો. પણ અંતે સાઠ દિવસની કપરી સફર ખેડી આ ક્વેકર-ગુરુ બ્રિટિશ વેસ્ટ ઇન્ડિઝમાં બાર્બાડોસ પહોંચ્યો. સફરમાં તેના પર સંધિવાનો હુમલો થયો, અમેરિકા પહોંચ્યા પછી યે એની તબિયત બગડેલી જ રહી, પણ એણે તો ભૂમિ ઉપર પગ મૂકતાં જ પોતાનું કાર્ય હાથ ધર્યું. વેસ્ટ ઇન્ડિઝમાં એણે 'ક્વેકર હાઉસ'ને વ્યવસ્થિત કર્યું. હબસી ગુલામોની મુક્તિ માટે એક જાહેરનામું બહાર પાડ્યું. એના એ જાહેરનામા પર ત્યાંના લોકોએ જો લક્ષ આપ્યું હોત તો ૧૮૬૧માં જાગેલા આંતરયુદ્ધનો પ્રસંગ જ કદાચ આવ્યો ન હોત.

અમેરિકન વસાહતોમાં એની હાજરી જરૂરી હતી. ત્યાં જઈ વસેલા પ્યુરિટનો માટે આ નવો દેશ સલામત બનાવવાની આકાંક્ષાઓમાં પિલગ્રિમ ફાધર્સે ક્વેકરપંથીઓ માટે અહીં અસલામતીઓ વધારી દીધી હતી. બૉસ્ટનમાં વિલિયમ રૉબિન્સન, માર્મડ્યૂક સ્ટીવન્સન, વિલિયમ લેડરા અને મેરી ડાયર, એ ચાર ક્વેકરપંથીઓને, માત્ર ત્યાંના ગવર્નર ઍન્ડિકોટની ઇચ્છા વિરુદ્ધ મસાચ્યુસેટ્સમાં પ્રવેશ કરવા બદલ ફાંસીએ ચડાવી દેવામાં આવ્યા હતા. આ જ નગરમાં ક્વેકરપંથીઓને દૂધ આપવા બદલ કેટલાંક સ્ત્રીપુરુષોને જેલમાં નાખવામાં આવ્યાં હતાં. ડૉવરમાં ત્રણ ક્વેકર સ્ત્રીઓને ગાડાંની પાછળ દોરડે બાંધી ન્યૂ ઇંગ્લૅન્ડનાં નવ ગામમાં બરફ પર ચલાવીને ફેરવવામાં આવી હતી, એટલું જ નહિ, એ દરેક ગામના પોલીસ અધિકારીઓને આ સ્ત્રીઓને ફટકા મારવાનો હુકમ પણ અપાયો હતો. પણ અહિંસક પ્રતિકારના આ વિરોધીઓ આવી સજાઓ તો દૃઢતાપૂર્વક હસતે મોંએ વેઠી લેતાં. →

દુરજન કી કિરપા બૂરી, ભલો સજન કો ત્રાસ,
જબ સૂરજ ગરમી કરે, તબ બરસન કી આસ.

અકબરના દરબારના એક રત્ન વજીર ખાનખાનાંના આકર્ષક સૌન્દર્યથી મુગ્ધ થઈ એક રૂપવતી સ્ત્રીએ પોતાની છબી ચીતરાવીને તેને મોકલી પોતાની સાથે શાદી કરવા વિનંતી કરી. તેના કારણમાં જણાવ્યું કે, 'પરમાત્મા મને આપના જેવો રૂપાળો પુત્ર આપે.'

સત્વશીલ ખાનખાનાંએ કહેવડાવ્યું: 'શાદી કરવા છતાં આપણને સંતાન ન થવાનો અથવા દીકરી થવાનો પણ સંભવ રહેલો છે. માટે તમને તો પુત્ર જ જોઇતો હોય તો હું જ તમારો પુત્ર થવા તૈયાર છું. તમારી હા આવ્યે હું તમને માતા પ્રમાણે ગણીને મારી કમાણીમાંથી ભાગ મોકલતો રહીશ'.

~

આઠ દાયકા પહેલાં ભારતમાં લગભગ ૪૦,૦૦૦ વાઘ હતા. ઈ. ૧૯૭૨ની મોજણીમાં એ સંખ્યા ઘટીને માત્ર ૧,૮૨૭ જેટલી જણાઈ હતી. હમણાં વર્લ્ડ વાઈલ્ડ-લાઈફ ફંડની પત્રિકા પ્રમાણે હાલમાં લગભગ ૩૧૦૦ વાઘ હોવાનો અંદાજ છે.

કહેવતોના અર્થ: 'ભર્યા ચરુનો દાણો ચંપાય'–એ વાક્ય જ દર્શાવે છે તેમ અનાજની ભલે મોટી દેગ રંધાતી હોય, પણ એક દાણો ચાંપવાથી જ સમસ્ત રસોઇ ચડી ચૂકી છે કે નહિ તે જાણી શકાય છે, તેમ થોડા ઉપરથી સમસ્તની પરીક્ષા કરવાનું આ કહેવત દર્શાવે છે. એને મળતી બીજી કહેતો: 'અંગૂઠા પ્રમાણે રાવણું', 'કાકા દીઠે કુટુંબ દીઠું' ને મામા દીઠે મોસાળ દીઠું' વગેરે.

~

ઈ. ૧૯૮૦માં ઓરિસ્સામાં પુરીમાં દેખાએલું ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે ૨ મિનિટ ને ૫૦ સેકન્ડ સુધી સૂર્ય સંપૂર્ણ ઢંકાએલો જણાયો હતો. એ એક નોંધનીય ગ્રહણ હતું. પરંતુ હમણાં ગઈ ૧૧ જૂનના રોજ જાવામાં દેખાએલું ખગ્રાસ સૂર્યગ્રહણ તો આ સદીની એક અદ્ભુત ઘટના હતી. એમાં પૂરી પાંચ મિનિટ અને ૧૫.૬ સેકન્ડ સુધી સૂર્ય ઢંકાએલો રહ્યો હતો.

કમિશન ઑવ ઍડિશનલ સૉર્સિઝ ઑવ એનર્જી (CASE)ની સહાયથી મહેસૂરમાં ઇલેક્ટ્રો-મૉબાઇલ્સે વિદ્યુતશક્તિથી ચાલતી ઑટોરીક્ષા વિકસાવી છે. અવાજ કે ધુમાડા વિનાની આવી બસો રીક્ષાઓ આ વર્ષના અંત સુધીમાં ફરતી થઈ જવાની ધારણા છે. આ જ રીતે ઉત્તર પ્રદેશમાં અલ્લાહાબાદમાં ધ સેન્ટર ફૉર ધ ડેવલપમેન્ટ ઑવ રૂરલ ટેક્નોલૉજીએ બ્રિફકેસ જેટલું નાનું સૉલર કૂકર વિકસાવ્યું છે. માત્ર પાંચ જ કિલોગ્રામ વજનના આ કૂકર દ્વારા ૪૫ મિનિટમાં અર્ધો કિલોગ્રામ જેટલા ખાદ્ય પદાર્થો પકાવી શકાશે.

~

ભારતનાં ૫,૭૫,૯૩૬ ગામડાંમાંથી હવે ૫,૭૪,૭૧૪ ગામડાંમાં રોજેરોજ ટપાલ વહેંચાતી થઈ છે.

~

ફ્રાંસમાં હમણાં એક સ્થાનિક ઉત્સવ નિમિત્તે વૅરેનીઝ સર ઍલીએર નામના નાનકડા ગામમાં બારેક જેટલા રસોઇયાએ ભેગા મળી દુનિયાભરમાં મોટામાં મોટો પૂડો–ઑમલેટ બનાવ્યો હતો. આ માટે ૭૨૦૦ ઈંડાં અને ૧૧૦ કિલો. લાર્ડ અને માખણનો ઉપયોગ થયો હતો.

← અલબત્ત, ત્યાંના ચુસ્ત પ્યુરિટનોનાં અંતરમાં નરમાશ પ્રકટાવવામાં ફૉક્સને સફળતા મળી નહિ, અને એ સ્વાભાવિક જ હતું, પરંતુ ત્યાંના પોતાના પંથના લોકોનું મનોબળ એણે ઘણું વધારી દીધું. શક્તિશાળીઓની સામે નિર્ભય વલણ રાખવા અને નબળા પ્રત્યે દયાની ભાવના એણે વધુ દૃઢ કરી. પોતાના સમગ્ર ઇતિહાસમાં ક્વેકરોએ કદી બીજાઓને પોતાની સમક્ષ નમવા ફરજ પાડી નથી. છતાં એ પણ નોંધનીય છે કે પેનસિલ્વાનિયામાં લગભગ પંચોતેર વર્ષ સુધી તેઓ સુખશાંતિથી સંપથી રહ્યા હતા. એ એમનો સુવર્ણકાળ હતો. એક પણ આદિવાસી ઇંડિયન કોઈ ક્વેકર દ્વારા કદી છેતરાયો નહોતો, કે એક પણ ક્વેકર આ ઇન્ડિયનો દ્વારા કદી માર્યો ગયો નહોતો.

અમેરિકાથી પાછા ફર્યા બાદ જ્યૉર્જને થોડો સમય આરામ લેવો પડ્યો, પણ પછી તુરત એ પોતાના કાર્યમાં પુનઃ લાગી ગયો. હોલૅન્ડ અને જર્મનીની એણે સફર ખેડી. ત્યાં યે એણે પૂર્ણ સ્વસ્થતાથી હાંસી ને સતામણી વેઠી, પણ ધાર્મિક સહિષ્ણુતા અને માનવતાભર્યા સંબંધો દ્વારા શાંતિની સ્થાપનાના પોતાના જીવનકાર્યને આગળ ધપાવ્યે રાખ્યું. પોતાની આ જીવનભરની ચળવળમાં ઇ. ૧૬૮૭માં અર્ધો વિજય તો મેળવ્યો. જેમ્સ બીજાએ ધાર્મિક બાબતોમાં મુક્ત વિચાર ને વાણીની છૂટ જાહેર કરી. રૂઢિચુસ્ત ધર્માંધતાની વચ્ચે પ્રજાને આટલી છૂટ મળવી એ કંઈ સાધારણ ઘટના તો નથી જ. યુદ્ધ અને તિરસ્કારરહિત માનવસમાજ માટેની પોતાની અહિંસક લડતનો બીજો અર્ધ ભાગ પણ છેવટ જીતી લેવાની જ્યૉર્જને તો ખાતરી હતી.

પણ એના જીવનકાળમાં એ થઈ ન શક્યું. કારણ હવે એની શક્તિઓ ક્ષીણ થતી જતી હતી. ઇ. ૧૬૯૧ના શિયાળામાં લંડનમાં ગ્રેસ ચર્ચ સ્ટ્રીટ મીટિંગમાં એણે એક વ્યાખ્યાન આપ્યું. એ પછી ઘેર આવ્યો ત્યારે છાતીમાં ઠંડી ભરાઇ ગએલી અનુભવી. થોડા જ દિવસોમાં સારું થઇ જવાની આશા સાથે એ પથારીવશ થયો. મળવા આવતા મિત્રો સાથે એણે એમનાં કામની જ વાતો કરી. પોતાનું ગમે તે થાય તો પણ એમણે હાથ ધરેલું કાર્ય જારી રાખવા આગ્રહ કર્યો, 'સર્વત્ર તમારા ભાઇઓમાં આ જીવનધર્મનો પ્રસાર કરો...તેમને કહો કે સમગ્ર જગતમાં માત્ર એક જ દેવળ છે, અને એ છે માણસનું હૃદય. એ ઉપર સ્વર્ગ કે નીચે પાતાળમાં નહિ, પણ અહીં જ છે. તેમાં જ તમને ઇશ્વરનો પવિત્ર વાસ જોવા મળશે. દરેક માણસના હૃદયમાં એ વસે છે. દયાના દૈવી ત્રાજવામાં બધાં જ માણસો સરખાં છે...'

અને પછી એનો અવાજ શાંત થતો ગયો, 'મૌનમાં-શાંતિમાં જ સાચી પ્રાર્થના છે. જેમાં આપણે હજી યે સત્યનો મંદ અવાજ સાંભળી શકીએ છીએ'. સૌને લાગ્યું કે એ હવે ઊંઘમાં સરી રહ્યા છે, પણ ત્યાં ફરી એ તો બોલ્યો, 'અંધકારનો એક વિશાળ સાગર છે, અને તેની પેલે પાર પ્રકાશનો...' પછીના શબ્દો અતિ ધીમા હતા.

પાસે ઊભેલા સૌ હવે સમજી ગયા કે એમનો નેતા હવે અંધકારમાંથી એ પ્રકાશમાં પ્રવેશી ચૂક્યો છે. □

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૨૦૮થી

આ જ રીતે ચિત્રકળામાં પણ તેઓ સતત જાગરૂક રહી ચિત્રસર્જનના વિવિધ તબક્કાઓમાંથી પસાર થયા છે. આકૃતિપ્રધાન ચિત્રોથી માંડી પ્રતીકાત્મક અને તાંત્રિક નામે ઓળખાએલી શૈલીમાં યે એમણે ચિત્રો કર્યાં છે. જેમાં ભૌમિતિક આકારો, સૂર્ય, માછલી, માનવીનું ધડ વગેરેને કેન્દ્રસ્થ કરીને અનેકવિધ કૃતિઓ કરી છે. દશાવતાર, શ્રીનાથજી, દેવીઓ વગેરેને વિષયવસ્તુ બનાવીને વિકૃતાકૃતિયુક્ત સંજ્ઞાત્મક ચિત્રમાળાઓ પણ તેમણે આલેખી છે. અને હાલમાં અમૂર્ત આલેખનમાં ચિત્રો કરી રહ્યા છે. અલબત્ત, આ સાથે આપેલી એમની થોડી કૃતિઓ એમની સાધનાના વ્યાપનો ખરો ખયાલ આપવા માટે પૂરતી નથી જ, પણ એમણે સતત કાર્યરત રહી જે વિકાસ સાધ્યો છે તેનો આછો શો અંદાજ તો આપી શકશે જ.

—બંસીલાલ દલાલ